સનાતન ધર્મની ગર્જનાઓ.

મહાત્મા શ્રીમન્નથુરામશર્માની

દિવ્યવાણી.

વર્ષ ૩ જું.	ફોર્મે ૧૬૦૦ પૃષ્ઠ.	ગર્જના ૨૫ મી.

મૂલ્ય રૂ. ૧-૮-૦. એક ઉપર સ્ટીકરની
પરી શીખાયા ચોટેલું પાકું પૂઠું
મૂલ્ય રૂ. ૨-૦-૦ ટપાલ ખર્ચ માફ.

યોજનાર	છપાવી પ્રસિદ્ધ કરનાર.
મહાત્મા શ્રીમન્નથુરામશર્મા. બીલખા.	મણિલાલ મગનલાલ ત્રિવેદી મંત્રી, શ્રીસનાતનધર્મ પુસ્તક પ્રસારક મંડળ—અમદાવાદ.

છૂટક નકલનું મૂલ્ય રૂ. ૦-૪-૦ ટપાલ ખર્ચ જુદું.

શાકે ૧૮૩૭. પ્રત ૨૦૦૦

સનાતન ધર્મની ગર્જનાઓ.

મહાત્મા શ્રીમન્નથુરામશર્માની

દિવ્યવાણી.

વર્ષ ૩ જું.	દરવર્ષે ૧૬૦૦ પૃષ્ઠ.	ગર્જના ૨૫ મી.

મૂલ્ય રૂ. ૧-૮-૦. એક ઉપર છીંટની
પટી ડીબાચા ચોઢેલું પાકું પૂઠું
મૂલ્ય રૂ. ૨-૨-૦ ટપાલ ખર્ચ માફ.

યોજનાર	છપાવી પ્રસિદ્ધ કરનાર.
મહાત્મા શ્રીમન્નથુરામશર્મા.	**મણિલાલ મગનલાલ ત્રિવેદી**
બીલખા.	મંત્રી, શ્રીસનાતનધર્મ પુસ્તક પ્રસારક મંડળ-**અમદાવાદ.**

છૂટક નકલનું મૂલ્ય રૂ. ૦-૪-૦ ટપાલ ખર્ચ જુદું.

શાકે ૧૮૩૭. પ્રત ૨૦૦૦

શ્રી જ્ઞાનમન્દિર પ્રિન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપી.
સાંકડીશેરી રોડ—અમદાવાદ.

વિષયાનુક્રમણિકા.

નિવેદન.

સનાતન ધર્મની ગર્જનાઓના ત્રીજા વર્ષની પ્રથમ ગર્જના "શ્રી માર્કંડેય ઋષિનું દિવ્ય ચરિત્ર" એ વિષય ઉપર પ્રકટ થવાની હતી. પરંતુ "શ્રીમાર્કંડેય ઋષિનું દિવ્ય ચરિત્ર" એ વિષય ચાર ફરમા સુધી કમ્પોઝ થયા પછી લેખક મહાશય શ્રીયુત પીતાંબરભાઇને પોતાના પુત્રનાં લગ્ન હોવાથી તેમને વ્યવહારીક કાર્યમાં રોકાવું પડયું તે એક કારણુ અને પુરુષોત્તમ માસ હોવાને લીધે બીજાં ધાર્મીક કાર્યોમાં પ્રવૃત્તિ કરવી પડી એ બીજું કારણુ, આવી રીતે કેટલાંક કારણોને લીધે તેઓશ્રી તે વિષય પૂરો લખી શકયા નહીં એટલે છપાએલા ચાર ફરમા અધૂરા રહેવા દઈ ત્રીજા વર્ષની પ્રથમ ગર્જના તરીકે "મહાત્મા શ્રીમનથુરામશર્માની દિવ્ય વાણી" એ વિષય તાબડતોબ સંગ્રહિત કરવો પડયો અને જેમ બને તેમ જલદીથી છપાવીને ગ્રાહક સજ્જનોના કરકમળમાં મૂકાયો. જો શ્રીયુત પીતાંબરભાઈ "શ્રીમાર્કંડેય ઋષિનું દિવ્ય ચરિત્ર" એ વિષયના અધૂરા રહેલા ફરમા જલદીથી લખી આપશે તો બીજી ગર્જના તરીકે આ વિષય પ્રકટ થશે. જાહેર ખબરમાં જણાવ્યા પ્રમાણે "શ્રીમાર્કંડેય ઋષિનું દિવ્ય ચરિત્ર" એ પુસ્તક પ્રથમ પ્રકટ નહીં કરતાં બીજું પુસ્તક કેમ પ્રકટ કર્યું ? એવી શંકા ઘણા ગ્રાહક સજ્જનોને હોવાનો સંભવ હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે કારણો જણાવી ગ્રાહક સજ્જનોના મનનું સમાધાન કરી ત્રીજા વર્ષમાં પ્રકટ થતી ગર્જનાઓ માટે હું નીચે પ્રમાણે ગ્રાહક સજ્જનોનું લક્ષ ખેંચું છું.

વાંચક સજ્જનોમાંથી ઘણા ખરા ગૃહસ્થોને વાંચવા ઉપર એટલી

બધા પ્રીતિ હોય છે કે જો તેમને નિયમસર વાંચન પૂરું પાડવામાં ન આવે તો તેમના મનમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે; આ રીત એકંદરે પસંદ કરવા લાયક છે, કારણ કે મનુષ્યો જેમ જેમ પુસ્તકો વધારે વાંચે છે તેમ તેમ તેમની બુદ્ધિ સૂક્ષ્મ થતી જાય છે અને અનેક વિષયોનું જ્ઞાન તેમના મગજમાં રમી રહે છે. બીજા વર્ષની ગર્જનાઓ દરેક મહીને ન નીકળતાં એક વર્ષમાં સામટી ત્રણ નીકળવાથી કેટલાક ગ્રાહકોનાં મન નારાજ થયાં હતાં, પરંતુ ગર્જનાઓ એ કંઇ રજીસ્ટર્ડ થયેલું માસિક નથી. ગર્જનાઓ પુસ્તકનારૂપમાંજ નીકળે છે એટલે એક વિષયને અધૂરો ન મૂકતાં તેને પૂરો કરવોજ જોઇએ. આવા હેતુથી બીજા વર્ષમાં નીકળેલી ત્રણ ગર્જનાઓના જુદા જુદા ત્રણ વિષયો લાંબા હોવાથી એક વિષયને ૧ થી ૫ સુધીની ગર્જનામાં, બીજા વિષયને ૬ થી ૧૦ સુધીની ગર્જનામાં અને ત્રીજા વિષયને ૧૧-૧૨ ગર્જનામાં પ્રકટ કરવો પડયો હતો. આવી રીતે ૧૨ માસમાં ૪૦૦ પૃષ્ઠોની ત્રણજ ગર્જનાઓ પ્રકટ કરવામાં આવી હતી. ઘણા સજ્જનોના પત્રો અમારા ઉપર ગર્જનાનું લવાજમ વધારી દરેક માસે ગર્જના પ્રકટ કરવા સંબંધીના આવ્યા હતા, તેમના પત્રોને માન આપી અમે ફક્ત રૂ. ૧-૮-૦ માં ૧૬૦૦ પૃષ્ઠો ગ્રાહક સજ્જનોને પૂરાં પાડવા કબુલ્યું છે અને તે કબુલાત પ્રમાણે આ પ્રથમ ગર્જના ૮ ફરમાની પ્રકટ કરી જનસમૂહની સેવામાં રજુ કરી છે.

કોઇપણ સંસ્થા કે વ્યક્તિની નિંદાના રૂપમાં નહીં પરંતુ સત્યની ખાતર આ સ્થળે વિદિત કરવાની જરૂર પડે છે કે અત્યાર સુધીમાં એકાદ બે સંસ્થાઓએ રૂ. ૧—૮—૦ માં જનસમૂહને ૧૫૦૦ પૃષ્ઠોનું વાંચન પૂરું પાડયું છે અને તે વાંચન સસ્તુ છે એમ ઘણાનું કહેવું થયું છે. આ સસ્તાવાંચન કરતાં પણ અમે ૧૬૦૦ પૃષ્ઠો

આપવા કબુલ્યું છે એટલે અમારી ગર્જનાઓની સસ્તાપણાની પરીસીમા છે એમ વિવેકીઓ પોતાની મેળે સમજશે. જ્યારે અમે આટલું બધું સસ્તુ વાચન પ્રજાને પૂરું પાડવા હીંમત ધરી છે ત્યારે પ્રજાએ શું તેનો લાભ લઇને આ સંસ્થાને હરેક પ્રકારે મદદ ન કરવી જોઇએ ? બીજા વર્ષની ગર્જનાના આશરે ૧૮૦૦ ગ્રાહક થયા છે એટલે તે હીસાબે અમે ત્રીજા વર્ષની પ્રથમ ગર્જનાની ૨૦૦૦ પ્રતો કઢાવી છે. જો ૨૦૦૦ ગ્રાહકો ત્રીજા વર્ષના ગર્જનાના નવ થાય તો પછી અમારે નિરૂપાએ ગર્જનાઓ બંધ જ કરવી પડે. અને ૨૦૦૦ ગ્રાહકો ન થાય ત્યાં સુધી બીજી ગર્જનાઓ પ્રકટ પણ ન કરાવાય. કારણકે બીજા વર્ષમાં તો ૮૦૦ પૃષ્ઠો પુરાં પાડવાનાં હતાં એટલે તેના વધારે ગ્રાહક ન થયા તો પણ જેમ તેમ કરીને કેટલીક ખોટ સહન કરતાં પણ અમે પ્રજાને ૪૦૦ પૃષ્ઠો પૂરાં કરી આપ્યાં હતાં. પરંતુ આ તો ૧૬૦૦ પૃષ્ઠો પૂરાં પાડવાનાં છે એ-ટલે જો ૨૦૦૦ ગ્રાહકો ન થાય તો અમારે મોટી ખોટમાં ઉતરવું પડે એ નિઃસંશય છે. સસ્તા સાહિત્યવાળા તરફ બીજા ભાવથી નહીં પરંતુ સરખામણી કરવા ખાતર કહેવાય છે કે તે સંસ્થાના વિવિધ ગ્રંથમાળાના પ્રથમ વર્ષમાં જ્યારે બે અંકો નીકળ્યા ત્યારે આશરે ૨૦૦૦ ગ્રાહકો તો થયેલા હશે તોપણ તે સંસ્થાના મંત્રીએ પોતાના વિવિધ ગ્રંથમાળાના એક અંકમાં સ્પષ્ટપણે લખ્યું હતું કે વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકોની સંખ્યા અમુક નંબર સુધી નહીં થાય ત્યાં સુધી સસ્તા સાહિત્યને ખોટજ છે અને તે ખોટ પૂરી કરવા દરેક ગ્રાહક પાસેથી ૦—૬—૦ વધુ લેવામાં આવશે એટલે રૂ. ૧—૮—૦ માં ૧૫૦૦ પૃષ્ઠોને બદલે રૂ. ૧—૧૪—૦ માં ૧૫૦૦ પૃષ્ઠો અપાશે. તેમની આવી જાહેર ખબરથી પ્રજાના મનમાં તે સંસ્થા તરફ કરૂણાની દૃષ્ટિ

થઇ અને ગ્રાહકોએ દરેકે પાંચ પાંચ ગ્રાહકો વધારી આપી તેની સંખ્યામાં ૪૦૦૦ નો વધારો કરી દીધો !! કહેવાનું તાત્પર્ય એટલુંજ કે ૧૫૦૦ પૃષ્ઠોનો રૂ. ૧—૮—૦ લવાજમ હોવા છતાં અને તેના ૨૦૦૦ ગ્રાહકો થઈ ગયેલા હોવા છતાં તે સંસ્થાને ખોટ જેવું લાગ્યું તો આ સંસ્થા ૧૬૦૦ પૃષ્ઠો રૂ. ૧—૮—૦ માં આપે છે તો જ્યારે ગર્જનાના ૨૦૦૦ ગ્રાહકો પણ ન થાય તો પછી આ સંસ્થા કેટલી વધારે ખોટમાં જનસમૂહની સેવા કરે છે તેનો વિચાર હૃદયમાં ન્યાયબુદ્ધિને સ્થાન આપી વિવેકી ગ્રાહકોએ કરવો જોઇએ. અને તેટલા માટેજ અમે અમારા ગ્રાહક સજ્જનોને સપ્રેમ વિનવીએ છીએ કે તેમણે વધારે નહીં પરંતુ ૩ થી ૫ સુધી ગ્રાહકો કરી આપવાની કૃપા કરવી કે જેથી આ સંસ્થાને ગર્જનાઓ બંધ કરવાની જરૂર પડે નહીં.

મંત્રી.

બ્રહ્મનાદ.

ધર્મના ઉંડા વિષયો જો તમારે જાણવાની ઇચ્છા હોય તો **બ્રહ્મનાદ** માસિકના ગ્રાહક થવા તમને ખાસ ભલામણ કરવામાં આવે છે. વાર્ષિક લવાજમ રૂ. ૧—૮—૦ ગર્જનાના ગ્રાહકોને બ્રહ્મનાદ માસિક ટપાલ ખર્ચ સાથે ફક્ત રૂ. ૧—૦—૦ માં આપવામાં આવે છે.

રૂદ્રાક્ષની માળાઓ.

ખાસ નેપાલની રૂદ્રાક્ષનીમાળાઓ અમારી પાસેથી રૂ. ૦—૪—૦ ની કીંમતથી રૂ. ૧૦—૦—૦ સુધીની મળી શકે છે. વિ૦ પિ૦ અને પોષ્ટેજ જુદું સમજવું.

છબીઓ.

૧ વ્યાસ ભગવાન્ પોતાના વૈશમ્પાયનાદિ શિષ્યોને બદરિકાશ્રમમાં બ્રહ્મસૂત્ર ભણાવે છે. મૂલ્ય રૂ. ૦—૧—૦

૨ શ્રીદક્ષિણામૂર્તિ સનકાદિને તત્ત્વોપદેશ કરે છે. મૂલ્ય રૂ. ૦—૧—૦

૩ ભગવાન્ શંકરાચાર્ય પદ્મપાદાદિને ગંગાતટે શારીરિક ભાષ્ય ભણાવે છે. મૂલ્ય રૂ. ૦—૧—૦

૪ ગાયત્રીપટ ઘણોજ સુશોભિત રૂ. ૦—૪—૦

૫ શ્રીમાર્કંડેય ઋષિની છબી. રૂ. ૦—૧—૦

મહાત્મા શ્રી મન્નથુરામશર્માની દિવ્ય વાણી.

પુસ્તક પ્રશંસા.

પુસ્તક એ માણસના ગુરુરૂપ છે. મારી વિના શિક્ષણ આપે છે, કઠોર શબ્દ બોલતું નથી, કદીપણ ક્રોધ કરતું નથી, ને આપણા પાસેથી દ્રવ્ય ઇચ્છતું નથી. તમે જ્યારે જ્યારે તેની પાસે જશો ત્યારે ત્યારે તે તમને જાગ્રતજ જણાશે. તે કાંઇ પણ સંતાડી નહિ રાખતાં જે કહેવાયોગ્ય હશે તે સર્વ તમને સ્પષ્ટ રીતે કહેશે. તેનું કહેવું તમે ન સમજ્યા તો તે તમારા ઉપર અપ્રસન્ન થશે નહિ. તમને અજ્ઞાન જાણીને તે તમારું હાસ્ય કરશે નહિ. તેથી જ્ઞાનથી ભરેલાં પુસ્તકોનો સંગ્રહ એ પૃથિવીપરની સર્વ સંપત્તિથી શ્રેષ્ઠ છે. સત્ય, સુખ, જ્ઞાન ને ભક્તિ સંપાદન કરવાની જેમને વાસ્તવિક ઇચ્છા હોય તેમણે સદ્‌ગ્રંથો વાંચવામાં અવશ્ય પ્રીતિ રાખવી જોઈએ.

જેને પુસ્તકો વાંચવામાં પ્રીતિ છે તેને પુસ્તકો મિત્રરૂપ જણાય છે. એક વિદ્વાન્ તેના સંબંધમાં કહે છે કેઃ—"પુસ્તકોરૂપ મારા મિત્રોની સંગતિ મને અત્યંત સુખ આપે છે. મારા મિત્રો સર્વ કાળમાં તથા સર્વ દેશમાં રહેનારા છે. રાજદરબારમાં તથા ગામડામાં તેણે મોટી કીર્તિ સંપાદન કરેલી છે, અને તેના શાસ્ત્રજ્ઞાનની બહુજ પ્રશંસા થઇ છે. મને ઇચ્છા થાય ત્યારે હું તેમની પાસે જઇ શકું છું. તે નિયમિત રીતે મારા કામમાં તત્પર રહે છે. મને ઇચ્છા થાય ત્યારે હું તેમનો સમાગમ કરું છું. તેઓ કદીપણ મને પીડા કરતા નથી, અને હું જે પ્રશ્ન કરું છું તેનું મને તેઓ તુરતજ ઉત્તર આપે છે.

આ મારા મિત્રોમાંના કેટલાક મને પ્રાચીનકાળની કથા કહે છે, કેટલાક મને સૃષ્ટિમાંનું રહસ્ય સમજાવે છે, કેટલાક મને કેવી રહેણી-કરણી રાખવી તે સમજાવે છે, કેટલાક પોતાના વિનોદીપણાથી મારી ચિંતા દૂર કરી મારા મનને ઉત્સાહયુક્ત કરે છે, કેટલાક મારા મનને ધૈર્ય આપે છે, અને કેટલાક મને કામાદિ શત્રુઓનું દમન કરવું તથા પોતાના કર્તવ્યમાં જાગ્રત્ રહેવું એવો ઉપદેશ આપે છે, સંક્ષેપમાં તે સર્વ કળાના ને શાસ્ત્રોના વિવિધ માર્ગ ઉઘાડા કરે છે, ને તેણે આપેલા જ્ઞાનપર વિશ્વાસ રાખીને જો હું ચાલું તો પ્રતિકૂળ પ્રસંગમાંથી પાર ઊતરું છું. અને આ ઉપકારના બદલામાં તે વિશ્રાંતિ-માટે માત્ર મારા નાના ઘરના ખૂણામાં એક સગવડવાળી ઓરડી માગે છે, કારણ મારા આ મિત્રોને એકાંતવાસથી જેવું સુખ થાય છે તેવું સુખ જ્યાં ઘણાં માણસો હોય ત્યાં થતું નથી."

જે પુસ્તકો ઉપર પ્રીતિ કરે છે તેને વિશ્વાસુ મિત્રોની, હિતકર ઉપદેશકોની, ને ચિત્તને પ્રસન્ન કરનારા સજ્જનોની ખોટ પડતી નથી, કેમકે પૃથ્વીપરના ભૂતકાળના તથા વર્તમાનકાળના પ્રસિદ્ધ ગ્રંથકારોના સમાગમમાં તેનો સમય જાય છે. તે પોતાના પુસ્તકાલયમાં જ્યાં દૃષ્ટિ ફેંકે છે ત્યાં મોટા પ્રાસાદિક પુરુષોની કૃતિ તેની દૃષ્ટિએ પડે છે.

પુસ્તકો મનુષ્યની યુવાવસ્થામાં તેને સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં તેના મનને આનંદ ઉપજાવે છે, ને તે ઉદાસીન હોય ત્યારે તે તેના મનનું સમાધાન કરે છે. વળી તે ક્રોધાદિનું શમન કરવામાં તથા નિરાશાનો નાશ કરવામાં પણ સાહાય્ય કરે છે.

જે ગ્રંથો વાંચતાં માણસની શુભ મનોવૃત્તિઓનો ઉત્કર્ષ થાય તે ગ્રંથો તેણે વાંચવા જોઈએ. જે ગ્રંથોના વાચનનો વ્યવહારમાં

કે પરમાર્થમાં ઉપયોગ નથી, ને જેથી દુષ્ટ મનોવૃત્તિઓને ઉત્તેજન મળે છે, તેવા ગ્રંથનું વાચન કરવું હાનિકર છે, માટે તેવા ગ્રંથના વાચનથી સમજુએ સર્વદા દૂરજ રહેવું ઉચિત છે.

ગ્રંથોનું વાચન બહુ ઉપયોગી છતાં પણ ગ્રંથવાચનમાં નિમગ્ન થઇ મનુષ્યે પોતાનાં બીજાં કર્તવ્યોનું વિસ્મરણ કરવું ઉચિત નથી. પોતાના મનને શુભ સંસ્કારવાળું કરવામાં પ્રયત્નશીલ થઇને શરીર-સંપત્તિની ઉપેક્ષા કરવી નહિ. શરીરનું આરોગ્ય જાળવવા તેણે નિયમપૂર્વક યોગ્ય વ્યાયામ કરવો જોઇએ.

હમણાં પુસ્તકો બહુ સોંઘાં મળે છે, પૂર્વે તેમ નહોતું. પૂર્વે ભાગવત, રામાયણ કે મહાભારત આદિ પુસ્તક મેળવવું હોય તો બહુજ શ્રમ પડતો, જે હમણાં થોડા મૂલ્યથી સુખપૂર્વક મળી શકે છે.

કેટલાક ગ્રંથોનું વાચન કર્યા પછી તેનું મનન કરવું જોઈએ, કેટલાક ગ્રંથોનું વાચન કરી માત્ર તેમાંનાં ઉપયોગી ઉત્તમ સ્થળો હોય તેનું મનન કરવું જોઈએ, અને કેટલાક ગ્રંથો માત્ર ઉપરટપકે જોઈ લેવા જોઇએ, વા તેની અનુક્રમણિકા જોઈ તેમાંનો જે ભાગ ઉપયોગી જણાય તે જોઈ જવો જોઇએ.

પુસ્તકાલય એ એક અખંડ સંપત્તિથી ભરેલું નાનું મંદિર છે એટલુંજ નહિ, પણ તેના સાહાય્યથી પોતાના ઘરમાં બેસીને મનુષ્ય પૃથિવીના પૃષ્ઠપર સર્વત્ર ભ્રમણ કરી શકે છે, આકાશમાં રહેલા સૂર્ય-ચંદ્રાદિનું સ્વરૂપ જાણી શકે છે, પૃથિવીની અંદર તથા સમુદ્રમાં જે ચમત્કાર રહ્યા છે તેને જાણી શકે છે, અને સ્થૂલ તથા સૂક્ષ્મશરીરનું, આત્માનું, ઇશ્વરનું ને મોક્ષનાં સાધનોનું સ્વરૂપ પણ જાણી શકે છે. જે મનુષ્યને સ્વસ્થપણું અને સમાધાન તથા વિશ્રાંતિ ને સુખ જોઇએ તે તેને પોતાના ગ્રંથમંદિરમાં પ્રાપ્ત થાય છે, માત્ર તેની

પાસે તેનાં દ્વાર ઊઘાડવાની કુંચી જોઇએ. પુસ્તકાલય એ એક ઇંદ્ર-ભુવન અથવા પ્રત્યક્ષ આનંદમંદિર કિંવા ભવસાગરમાં તોફાનોથી રક્ષણ કરનારૂં બંદર છે. રાજા અને રંક એ બંનેને તે સરખુંજ ઉપયોગી થાય છે, કારણ ત્યાં માત્ર સંપત્તિનીજ પ્રતિષ્ઠા નથી. પુસ્તકાલયમાં અત્યંત મહત્ત્વનો ઇતિહાસ, મનને જાગ્રત કરનારાં પ્રવાસનાં વર્ણનો, સાહસિક પુરુષોનાં ચરિત્રો, હૃદયને પીગળાવનારી કથાઓ, અને સુંદર કાવ્યો વાંચવાને મળે છે, ત્યાં જગદ્‌વિખ્યાત રાજ્યધુરંધર, કવિ, જ્ઞાની ને મોટા વિવેકી પુરુષોનો સમાગમ થાય છે, અને અત્યંત વિશાળ બુદ્ધિમાનોની કલ્પનાની સૃષ્ટિના વૈભવનો ઉપયોગ કરી શકાય છે.

મનુષ્યનું મહત્ત્વ વિદ્યાથી છે, માટે પ્રત્યેક મનુષ્યે સત્‌શાસ્ત્રો વાંચવામાં તથા તેનું મનન કરી સત્‌શાસ્ત્રમાં કહેલી રીતે સ્વધર્મપાલન કરવામાં પરમ પ્રીતિ રાખવી જોઇએ. એમ કરવાથી તેમની વર્તમાનમાં મોટે ભાગે પ્રતીત થતી અધમદશા દૂર થઇ તેઓનો અભ્યુદય થશે.

મુમુક્ષુપ્રતિ આકાશવાણી.

હે મોક્ષસાધક! અનાદિકાળની શુભસામર્થ્યવિનાશિની મોહનિદ્રાનો વિના વિલંબે શીઘ્ર ત્યાગ કરી પૂર્ણપણે જાગો. હિતાહિતનો વિચાર ત્યજી તમે ઘણો સમય શયન કર્યું. હવે સંતોષ રાખો, જો હજી પણ તે અત્યંત અહિતકારિણી નિદ્રાને નહિજ ત્યજો તો દુઃખાભાવવાળી ને પરમાનંદરૂપ સ્વતંત્ર સ્થિતિને, તે સ્થિતિને પ્રાપ્ત કરવાની તમારી બહુ ઇચ્છા હોય તોપણ તમે પ્રાપ્ત થઈ શકશો નહિ. પ્રિયદર્શન! હૃદયનેત્ર ઊઘાડો. જગતનો મોટો ભાગ નિબિડ તમના કાર્ય શોકમોહ-

દિવડે થતી પીડાથી કેવો પીડાય છે તે જુઓ. તેઓ દેહાદિ અનિત્ય પદાર્થોમાં હુંપણાની ને દ્રવ્યાદિ અનિત્ય પદાર્થોમાં મારાપણાની આરૂઢ બુદ્ધિ રાખી તદનુસાર પ્રવૃત્તિ કરી કેવી દયામણી સ્થિતિને પામ્યા કરે છે તે સૂક્ષ્મદૃષ્ટિવડે વિલોકો. જેમાં દુઃખનો ગંધ પણ નથી, જે પરમાનંદરૂપ ચિન્માત્ર અને સર્વદા નિર્વિકારી છે, તેની સાથે તમારા અંતઃકરણની પવિત્ર ને સૂક્ષ્મવૃત્તિવડે અનન્યભાવથી જોડાઓ. તુરતમાં ઉપરથી રમણીય જણાતાં પણ પરિણામે મહા અનર્થ કરનારાં સ્વપ્નો જોતા હવે બંધ થાઓ, અને તમારી અંતર તથા બહાર જે અસ્પર્શ્ય તત્ત્વ રહ્યું છે તેનેજ આદરપૂર્વક જુઓ. અજ્ઞાન અને તજ્જન્ય રાગવડે તમને મોહનિદ્રા મીઠી લાગતી હશે, પણ એ નિદ્રાને જેઓ પ્રિય ગણી તેને વશ થયા છે તેમણે પોતાનું સર્વસ્વ ખોયું છે તે ભૂલશો નહિ. સૌમ્ય ! મોહનિદ્રાને અંતિમ નમસ્કાર કરો, ને જે સ્થળે વસનારને ચિંતા ભયભીત થઇને નિત્યને માટે ત્યજી જાય છે તે સ્થળમાં વસો. હે ગગનવિહારી અનળ ! તને અળસીઆપર દયા આવતી હોય તો તે અળસીઆને શનૈઃ શનૈઃ અનળ થવાનો યોગ્ય પ્રયત્ન કરવાનું કહે, પણ તું અનળ મટી અળસીઆની સ્થિતિને ન પામ, કેમકે તેમ થવાથી અળસીઆને તથા તને હાનિ છે, અને પ્રથમની રીતે કરવાથી તારી દયા સફળ થશે, ને અળસીઓ પોતાનું જીવન ઉચ્ચતમરીતે વ્યતીત કરવા સમર્થ થશે. પ્રિય ! કર્તવ્યના વિસ્મરણરૂપ પ્રમાદ સાધકનો પરમરિપુ છે. એને ભૂલથી મિત્ર ન માનતો. કોઈ મનુષ્યના અંતઃકરણમાં એ પ્રમાદને જ્યારે અવકાશ મળે છે ત્યારેજ મનુષ્યનું અહિત કરનાર અન્ય આંતરશત્રુઓ તે મનુષ્યના અંતઃકરણાદિમાં પ્રવેશ કરી શકે છે, અન્યથા પ્રવેશ કરી શકતા નથી. કર્તવ્યના વિઘાતક વિચાર તથા પ્રવૃત્તિને તારે તારા હૃદયમાં તથા ઇંદ્રિયાદિમાં અવકાશ

આપવો યોગ્ય નથી. તું અજ્ઞાનીઓના અસન્નિશ્ચયને અનુસરે તે લેશ પણ ઇચ્છવા યોગ્ય નથી, પરંતુ અજ્ઞાનીઓ તારા સન્નિશ્ચયને ધીરે ધીરે પણ અનુસરે તે ઇચ્છવાયોગ્ય છે. તું અજ્ઞાનીઓના અસન્નિશ્ચયને ન અનુસરે તેથી કદાચ તેમને અસંતોષ થાય, તો તેમનો તે અસંતોષ તારે પ્રસંગોપાત્ત તેમના ચિત્તના અધિકારાનુસાર સુદ્દઢભાવે સદુપદેશ આપતા રહી દૂર કરવો ઉચિત છે. કાંકરાઓ હિમાલયપર્વતને પોતાને અનુસરતો નહિ જોઇને, નર્મદા આદિ નદીઓ મહાસાગરને પોતાના જેવા સ્વભાવવાળો નહિ જોઇને, અને નાના ઉપગ્રહો સૂર્યને પોતાની આસપાસ નહિ ભ્રમણ કરતો જોઇને અસંતોષ સેવે તો તેમાં કાંકરા આદિનોજ દોષ છે, પણ હિમાલય આદિનો દોષ નથી, તેમ અજ્ઞાનીઓ સાધકને પોતાને નહિ અનુસરતો જોઇ અસંતોષ સેવે તો તેમાં અજ્ઞાનીઓનોજ દોષ છે, પણ સાધકનો લેશ પણ દોષ નથી. તને પરિણામે કોઇ પણ પ્રકારની લેશ પણ અડચણ ન થાય તેવી રીતે તેમના હિતના વિચાર પુરઃસર તેમને સંતોષ આપી શકાય તો તેમાં તમને બંનેને કાંઇ હાનિ નથી.

સજ્જન! મનસહિત અગીઆર ઇંદ્રિયોના પૂરકવડે સર્વદા દાસભાવથી મુક્ત રહી પ્રાણવ્યવહાર કરતો રહે, કે જેથી તને કોઇ પણ પ્રતિબંધક અડચણ કરી શકે નહિ.

હો મુમુક્ષો! પ્રત્યેક શાસ્ત્રીયકર્મના આરંભમાં આસનઉપર બેસી તથા આચમનપ્રાણાયામ કરી પછી તે કર્મમાં પ્રવૃત્તિ કરવામાં આવે છે તેમાં આ તાત્પર્ય છેઃ— જેવડે સ્થિતિ કરી શકાય તે આસન. શ્રદ્ધાવિના કોઇ પણ શાસ્ત્રીયકર્મમાં અંતઃકરણાદિની સ્થિતિ સંભવી શકે નહિ, તેથી આસનવડે એમ સચવાય છે કે અંતઃકરણને શ્રદ્ધાયુક્ત રાખીને પ્રત્યેક શાસ્ત્રીયકર્મમાં પ્રવૃત્તિ કરવી. આચમનનો

અર્થ પી જવું એવો થાય છે. જે ક્રિયામાં પ્રવૃત્તિ કરવાની છે તે ક્રિયાથી ભિન્ન સર્વ ક્રિયાઓને તથા અન્ય પ્રાણિપદાર્થોને આ ક્રિયામાં પ્રવૃત્તિ કરતી વેળા પી જવાનાં છે, અર્થાત્ ભૂલી જવાનાં છે, એમ આચમન સૂચવે છે પ્રાણાયામવડે મુખ્ય પ્રાણને તથા ગૌણપ્રાણરૂપ ઇન્દ્રિયોને સર્વબાજુથી નિયમમાં રાખી કર્મમાં પ્રવૃત્તિ કરવાનું સૂચવાય છે. તારું આસન, તારું આચમન, અને તારો પ્રાણાયામ એવાંજ હોવાં જોઇએ.

બહારના શબ્દાદિ વિષયોમાં લંપટ એવી મનસહિત અગીઆર ઇંદ્રિયોરૂપ અગીઆર દાસીઓ બુદ્ધિરૂપ રાણીને પોતાને અનુસરનારી કરે, અને બુદ્ધિરૂપ રાણી પુરુષરૂપ રાજાને પોતાને અનુસરનારો કરે એમાં પુરુષ પોતાનું સ્વાભાવિક નિરતિશય નિર્દોષ સુખ ખોઇ બેસી રાંક અને દુઃખીઓ થઇ જાય છે. સૌમ્ય! તું એ શઠસ્વભાવવાળી દાસીઓને તથા રાણીને અનુસરીશ નહિ, પણ તેઓ તારા શુદ્ધસ્વરૂપભણી પ્રીતિપૂર્વક આકર્ષાય એમ કરજે.

જે કૂવો અતિ ઉંડો, દુઃખદ જંતુઓથી ભરેલો, ને અંધારાવાળો છે, તથા જેનો કાંઠો બહુ ચીકણો છે, એવા ભયંકર કૂવાના કાંઠાઉપર જે પ્રમાદી મનુષ્ય ઠેકડા માર્યા કરે છે, બીલોરી કાચના જે ઢોળાવની નીચલી બાજુએ ઘણાં દુઃખદ પ્રાણીઓ વસે છે, તથા જ્યાં જેના દુર્ગંધથી માથું ફાટી જાય એવા દુર્ગંધી પદાર્થો પડેલા છે તે બીલોરી કાચના ઢોળાવની ઉપરની બાજુએ જે પ્રમાદી મનુષ્ય ઠેકડા માર્યા કરે છે, અને પુષ્કળ દારુ, અફીણ, ગાંજો કે ભાંગ પીને જે પ્રમાદી મનુષ્ય તે પદાર્થોના સ્વાદનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરે છે, તેજ પ્રમાદી મનુષ્યના જેવો વિષયાનુભવવડે ઇંદ્રિયાદિને તૃપ્ત કરવાની ઇચ્છા રાખી તદનુસાર વર્તનારો પુરુષ છે એમ સમજી

હે મુમુક્ષો ! તું સાવધાન થા, ને ઇંદ્રિયો તથા અંતઃકરણને નિયમમાં રાખ.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ ને ભય આ આઠ ઠગો મોક્ષપથિકોનું શાંતિરૂપ દ્રવ્ય હરી જાય છે, ને તે પ્રવાસીઓને અવળે માર્ગે ચઢાવી દે છે, માટે હે મોક્ષપથિક ! તું એ ઠગોથી ઘણામાં ઘણો છેટે રહી તારો પંથ કાપ્યા કરજે.

કીર્તિતૃષ્ણા, સ્ત્રીતૃષ્ણા (સ્ત્રીઓને માટે પુરુષતૃષ્ણા) ને દ્રવ્યતૃષ્ણારૂપ ત્રણ નદીઓના તીવ્ર વેગવાળા પ્રવાહમાં મનુષ્યોનો મોટો ભાગ તણાતો જાય છે, તેમાંથી કોઇકજ મનુષ્ય તે નદીઓને સામે કાંઠે રહેલા સુખમય પ્રદેશમાં પહોંચવાનો પ્રયત્ન કરે છે, અને તેવો પ્રયત્ન કરનારાઓમાંથી કોઇકજ સામે કાંઠે પહોંચે છે. હે મહાબાહો ! તું તે નદીઓના તીવ્ર વેગવાળા પ્રવાહમાં નહિ તણાતાં ધૈર્ય ને સાવધાનતાથી શીઘ્ર તે નદીઓને સામે કાંઠે પહોંચી જજે.

હે વિવેકિન્ ! જે મનુષ્ય કેળના થાંભલામાંથી સાર કાઢવામાટે તેની છાલ ઊખેડ્યા કરે છે, જે મનુષ્ય પોતાની તૃષાનું શમન કરવામાટે મૃગજળ મેળવી તેનું પાન કરવાનો પ્રયત્ન કરે છે, ને જે મનુષ્ય પશ્ચિમદિશાભણી ચાલી પૂર્વદિશાભણીના સમુદ્રના તટને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે, તે મનુષ્ય જેવા ડાહ્યા છે તેવોજ ડાહ્યો વિષયસેવનવડે સુખની ઇચ્છા રાખનારો પુરુષ પણ છે.

જેમ પવિત્ર માનસરોવરમાં રહેનારો હંસ ખાબોચિયાને કાંઠે વસનારા બગલાઓના ટોળામાં શોભે નહિ, મૃગરાજ બકરાના ટોળામાં શોભે નહિ, મહાશ્રીમંત રાંકાઓના ટોળામાં શોભે નહિ, મહાવિદ્વાન્ મહામૂર્ખોના ટોળામાં શોભે નહિ, તેમ મહાજ્ઞાની કે મહાયોગી પ્રાકૃત મનુષ્યોના સમૂહમાં શોભે નહિ, માટે હે મોક્ષેચ્છો ! તું

પણ મહાજ્ઞાની કે મહાયોગી થવા ઇચ્છે છે, તેથી તું પણ પામરોનો સંગ સેવીશ નહિ. જ્યાં માયા ને માયાનાં કાર્યો નથી એવા બ્રહ્મતત્ત્વમાં તું તારા અંતઃકરણની વૃત્તિને રોકવાનો નિરંતર પ્રયત્ન કરજે.

પિંજરામાં પૂરેલો બળવાન્ સિંહ જેમ પોતાના તીક્ષ્ણ નખવાળા પંજાથી દૃઢ પિંજરાને તોડી નાંખી અરણ્યમાં સ્વતંત્રપણે વિચરે, અને પિંજરામાં પૂરેલો બળવાન્ ગરુડ જેમ પોતાની તીક્ષ્ણ ચાંચથી દૃઢ પિંજરાને તોડી નાંખી આકાશમાં સ્વતંત્રપણે ઊડે, તેમ હે સૌમ્ય! તું ત્રણ શરીરરૂપી દૃઢ પિંજરાને તોડી નાંખી–તેમાંથી અહંતામમતા મૂકી–બ્રહ્મારણ્યમાં વા ચિદાકાશમાં સુખે સ્થિતિ કર.

હે પરમ પ્રકાશેચ્છો! તારા અંતઃકરણરૂપ વિચિત્ર ગુહામાં અનાદિકાળથી રહેલા અજ્ઞાનરૂપ ભયંકર અંધારાને આત્મજ્ઞાનરૂપ અલૌકિક સૂર્યવડે દૂર કર. એ સૂર્યનો ઉદય થવાથી અવિદ્યારૂપ અમાવાસ્યાની રાત્રિ દૂર થશે, ભયભરેલા અંધકારને સ્થાને આનંદપ્રપૂર્ણ પ્રકાશનું ભાન થશે, અસતને સત્ માનનારી વૃત્તિઓરૂપ પિશાચો પ્રતીત નહિ થાય, પ્રતિકૂળ પ્રસંગથી પ્રાપ્ત થતા ખેદરૂપ ઘૂડો ઊડતાં બંધ પડશે, સ્વરૂપમાં જાગ્રત્ રહેવાનો ઉપદેશ કરનાર શાસ્ત્રરૂપ પહેરેગીરો ઉપદેશ કરવાથી ઉપરામ થવારૂપ શયન કરશે, કામક્રોધાદિકરૂપ ચોરો નાસી જશે, ઇંદ્રિયોરૂપ તારાઓ પ્રકાશહીન થઇ બ્રહ્મરૂપ આકાશમાં અદર્શનભાવને પામશે, ને મનરૂપ ચંદ્રમા ક્ષીણ થઇ જશે–અમનસ્કભાવરૂપ એક કળાને પ્રાપ્ત થયેલો હોવાથી પ્રતીત નહિ થાય.

અનાદિકાળથી અજ્ઞાનરૂપી નિદ્રાને વશ થયેલો જીવ "આ હું" ને "આ મારું" એવાં સ્વપ્નોને જોતો છતો દુઃખાનુભવ કરે છે. તે જ્યારે પોતાના શુદ્ધ સ્વરૂપમાં જાગે છે ત્યારે તેને દુઃખદ સ્વપ્નો

દેખાતાં બંધ થાય છે, ને કાળરૂપી વ્યાધ જે આગળ તેને હણવા-માટે પ્રયત્ન કરતો હતો તે પણ હવે પલાયન કરી જાય છે. પ્રિયદર્શન! તું અનાદિકાળની અજ્ઞાનરૂપ નિદ્રાને શીઘ્ર ત્યજી દે.

સજ્જન! ચિત્તરૂપ વનમાં દશ્ય વિષયોની ઘાટી તૃષ્ણારૂપ પ્રચંડ દાવાનળ બળ્યા કરે છે. તે દાવાનળમાં સર્વ અજ્ઞાની પ્રાણીઓ બળ્યા કરે છે. બ્રહ્માનુભવરૂપ જળની વૃષ્ટિ થયા વિના તે દાવાનળ કદીપણ શાંત થતો નથી.

અજ્ઞાનને વશ વર્તનારું અંતઃકરણ ને ઇંદ્રિયો એ નિર્લજ્જમાં નિર્લજ્જ, અંધમાં અંધ, ને મૂર્ખમાં મૂર્ખ છે, એ વાત હે સૌમ્ય! સર્વદા સ્મરણમાં રાખજે.

અંતઃકરણ તથા ઇંદ્રિયોનો બહારના પદાર્થોની સાથે રાગદ્વેષ-પૂર્વક સંયોગ અને બહારના પદાર્થોને લગતું તેવું જ્ઞાન મનુષ્યને દુઃખ આપનારું છે, ને તેનાથી વિપરીત સ્થિતિ એટલે અંતઃકરણ તથા ઇંદ્રિયોનું આત્માભણી અંતર્મુખ થવું તથા આત્માનું જ્ઞાન મનુષ્યને પરમસુખ આપનારું છે; બાહ્યદર્શન ફૂટલી કોડીસમાન છે, ને આંતરદર્શન ચિંતામણિસમાન છે; આ વાત હે જ્ઞાનેચ્છો! તારા ધ્યાનબહાર નજ હોવી જોઇએ.

બાહ્યવિષયોભણી વેગવાળાં દશ ઇંદ્રિયો ને અગીઆરમું મન સુભાગ્યહીન દરિદ્રીજેવાં છે. જેઓ ચિંતામણિસમાન આત્માની તરફ પીઠ કરી સંમુખ પ્રતીત થતા તુચ્છ બાહ્યવિષયોભણી વેગ-પૂર્વક દોડે છે. સુભાગ્યવાળું અંતઃકરણ ને ઇંદ્રિયો બહારના વિષ-યોને અસાર સમજી પરમાનંદરૂપ આત્માભણી પાછાં વળવાના સ્વભા-વવાળાં થાય છે.

હૃદયરૂપ ભૂમિમાં પરમાનંદરૂપ મહાનિધિ છતાં પણ મનુષ્યોનો

મોટો ભાગ વિવિધ દુઃખોનો પોકાર કરતો છતો દીન થઈ રહ્યો છે એ જોઇ જ્ઞાનીઓને તેમના ઉપર કરુણા ઉત્પન્ન થાય છે.

સંસારરૂપ વિચિત્ર અરણ્ય અપાર વિચિત્રતાથી યુક્ત છે. વિવેકી મનુષ્ય તેમાં જ્યાં જ્યાં દૃષ્ટિ કરે ત્યાં ત્યાં તેને કોઇ પણ પ્રકારની વિચિત્રતાનું ભાન થયા વિના રહેતું નથી. આશ્ચર્યના ભંડારરૂપ માયાનું કાર્ય હોવાથી સંસાર પણ આશ્ચર્યથી ભરેલોજ જોઇએ. આશ્ચર્યની લાગણીથી રહિત થયેલા જ્ઞાનીના હૃદયને તો તેમાં કોઇ આશ્ચર્ય પ્રતીત થતું નથી.

જ્યાંસુધી મનુષ્યને કાંઈ જાણવાનું બાકી રહે છે, તથા પ્રાપ્ત કરવાનું બાકી રહે છે, ત્યાંસુધી તેના સંબંધી કર્તવ્ય બાકી રહેવાથી તેનું હૃદય સંતપ્ત રહે છે, જ્યારે મનુષ્ય જાણવાયોગ્ય સર્વને જાણે છે, ને પ્રાપ્ત કરવાયોગ્ય સર્વને પ્રાપ્ત કરે છે ત્યારે તેને જાણવાનું તથા પ્રાપ્ત કરવાનું કાંઇ બાકી ન રહેવાથી તેના કર્તવ્યની સમાપ્તિ થઈ જવાથી તે દુઃખનું અતિક્રમણ કરી સર્વદા સુખીઓ રહે છે. પ્રિય જિજ્ઞાસો ! તું પણ જાણવાયોગ્યને જાણી તથા પ્રાપ્ત કરવા-યોગ્યને પ્રાપ્ત કરી કર્તવ્યના અવધિને પામી તારા મનુષ્યજન્મને સફળ કરજે.

જેમ કાગડાને દ્રાક્ષ ને ગર્દભને શર્કરા રુચિકર લાગતી નથી તેમ અધિકારવિના સદુપદેશ પણ મનુષ્યને રુચિકર લાગતો નથી તે સ્મરણમાં રાખજે.

જેમ અયસ્કાંતમણિ (લોહચુંબક) લોહનેજ પોતાના ભણી આકર્ષી શકે છે, પણ સુવર્ણને પોતાના ભણી આકર્ષી શકતો નથી, તેમ બહારના મિથ્યા આકારો પણ અપક્વ અંતઃકરણને તથા ઇંદ્રિયોનેજ પોતાના ભણી આકર્ષી શકે છે, પરંતુ પક્વ અંતઃકરણને

તથા ઇંદ્રિયોને પોતાના ભણી આકર્ષી શકતા નથી.

જ્યારે મનુષ્ય નેવાંનાં પાણી મોભઉપર જતાં અનુભવે છે, નદીઓ પોતાનું મૂળ જે પર્વત તેભણી વહન કરતી તેને પ્રતીત થાય છે, ને ભરતીનો વેગ સમુદ્રના મધ્યભાગભણી ચઢવા લાગેલો તે જુએ છે, ત્યારેજ તે મનુષ્યને અનુપમ વાસ્તવિક સુખનું ભાન થાય છે.

જાગ્રદવસ્થા, સ્થૂલશરીર, ને બહારના સ્થૂલ પ્રપંચની સાથે સંબંધ રાખી રહેલો જે વિશ્વનામનો જીવ છે તે તું નથી; સ્વપ્નાવસ્થા, પ્રાતિભાસિક શરીર, ને પ્રાતિભાસિક પ્રપંચની સાથે સંબંધ રાખી રહેલો જે તૈજસનામનો જીવ છે તે પણ તું નથી; અને સુષુપ્તિઅવસ્થા, કારણશરીર-અજ્ઞાન, તથા અજ્ઞાનાવૃત સ્વરૂપસુખની સાથે સંબંધ રાખી રહેલો જે પ્રાજ્ઞનામનો જીવ છે તે પણ તું નથી; પરંતુ તુંતો અસંગ રહીને તે સર્વનો પ્રકાશનાર ને તેમના સ્વભાવોથી વિલક્ષણ સ્વભાવવાળો છે.

ત્રણ મોટા ભયંકર ભડકા બળે છે, તેમના પ્રકાશથી મોહ પામી ઘણા મૂર્ખ પતંગો તેમાં પડે છે, ને મરણરૂપ વા મરણજેવી દુઃખમય સ્થિતિનો અનુભવ કરે છે. જો તું તારા અભ્યુદયરૂપ વા નિઃશ્રેયસરૂપ જીવનને ઇચ્છતો હોય તો તું તેના ભણી કદીપણ સાભિલાપ દૃષ્ટિ કરીશ નહિ.

જેમ આ નિર્મળ આકાશ રમણીય રજનીપતિથી ને પ્રકાશવાન્ તારાગણોથી સુશોભિત જણાય છે તેમ તારે તારું નિર્મળ હૃદય નિત્યાનિત્યના વિવેકથી ને દૈવીસંપત્તિરૂપ સદ્ગુણોથી સુશોભિત રાખવું જોઇએ.

આકાશમાં ઘાટાં વાદળાં ચઢી આવવાથી જેમ સૂર્યનો પ્રકાશ

મંદ પડી જાય છે, ને ઘાટો ધુમસ પડવાથી પ્રકાશના નાશવડે જેમ પાસેનો પદાર્થ પણ સ્પષ્ટ જણાતો નથી, તેમ અંતઃકરણમાં મધ્યમ બળવાળા રાગદ્વેષ પ્રકટે છે ત્યારે વિવેકનો પ્રકાશ મંદ થઇ જાય છે, ને જ્યારે અત્યંત બળવાન્ રાગદ્વેષ પ્રકટે છે ત્યારે વિવેકનો પ્રકાશ ઓળપાઇ જાય છે, ને તે કાંઇ કામ કરી શકતો નથી. હે ઉદ્દેશને શીઘ્ર સફળ કરવા ઇચ્છનાર! તારે તારા અંતઃકરણમાં એવા પ્રબળ રાગદ્વેષનો ઉદય નહિ થવા દેવા ગમે તેટલે ભોગે પણ સાવધાનતા રાખવી ઘટે છે.

સર્પ પોતાના રાફડામાં પડ્યો રહે તેજ તેને માટે હિતકર છે. બહાર બહુ ભયંકર ગરુડો ઉડયા કરે છે, માટે તે જો બહુ અગત્યને પ્રસંગે બહાર નીકળે તો તેણે આસપાસ બહુજ સાવધાનતાથી જોઇ ઉપયોગજેટલો સમયજ બહાર રહી પુનઃ પોતાના રાફડામાં આવતા રહેવું જોઇએ. ભયંકર રીંછો રાફડાઉપર પણ આવ્યા કરે છે, માટે તેઓ પોતાના શ્વાસના આકર્ષણથી બહાર કાઢી તેનું ભક્ષણ કરી ન જાય, તેસારુ પણ તેણે સાવધાનતા રાખવી જોઇએ.

પર્વત જેમ પોતાના ભાગોમાંથી નિર્મળ જળનાં ઝરણો વહેવા દે છે તેમ તું તારા ચિત્તમાંથી પવિત્ર વિચારોને વાણીદ્વારા બહાર નીકળવા દે, પર્વત જેમ વૃક્ષાદિને પોતાના શરીરઉપર આશ્રય આપે છે તેમ તું દૈવી સંપત્તિને તારા ચિત્તમાં આશ્રય આપ, ને પર્વત જેમ દીનજનોને વા અર્થીને કાષ્ઠ, પત્ર, પુષ્પ, ને ફળઆદિના તથા ધાતુઆદિના દાનવડે સંતોષ આપે છે તેમ તું પણ તારા મન, ઇંદ્રિયો, ને શરીરાદિવડે દીન ને અર્થી જનોનું નિર્દોષ હિત યથાશક્તિ સાધી તેમને સંતોષ આપ.

અરણ્યમાં સ્વતંત્રપણે વિચરનાર સિંહ તથા વ્યાઘ્ર જેમ અન્ય

પ્રાણીઓથી ભય નહિ પામતાં તેમનું હનન કર્યા કરે છે તેમ તું પણ તારી ચિત્તવૃત્તિવડે દૃશ્યપ્રપંચથી ભય નહિ પામતાં તેના મિથ્યાપણાના દૃઢ નિશ્ચયરૂપ તેનું હનન કર્યા કર. જેમ વનમાં હરિણ ને સસલાંઆદિ પોતાનું જીવન પ્રાયશઃ નિર્દોષરીતે ગાળે છે તેમ તું પણ તારું જીવન બની શકે તેટલું નિર્દોષરીતે વ્યતીત કરવા પ્રયત્નવાન્ રહે.

તું તારી ચિત્તવૃત્તિના અગ્રભાગમાં "હું દેહાદિ નથી પણ પ્રત્યગભિન્ન બ્રહ્મ છું" આ ભાવનાને સંશયવિપર્યયથી રહિત સર્વદા જાગ્રત્ રાખજે. તારાં કલ્પિત ત્રણે શરીરોને તું કૂટસ્થરૂપ અધિષ્ઠાનથી ઢાંકી દેજે, ને આ જગતને તેના અધિષ્ઠાન બ્રહ્મસ્વરૂપથી ઢાંકી દેજે. આમ વર્તીશ તો તારી પ્રસન્નતા અખંડિત રહેશે. તારા મનની સ્થિતિ સર્વદા ઉપર કહ્યા પ્રમાણે રહેતી હોય તોપણ પૂર્વે અત્યંત અનુકૂળ બુદ્ધિથી દૃઢ રાગપૂર્વક ચિરકાળસુધી સેવાયેલા વિષયોના સંસ્કારોને શીઘ્ર ઉદ્દીપન કરનારા પ્રબળ પ્રમાદોત્પાદક પ્રાણિપદાર્થોથી સદાગ્રહપૂર્વક દૂર રહેજે. એવા દુષ્ટ સંસ્કારો ભૂતકુમારીની પેઠે પ્રતિપક્ષીવડે પણ મોડા નિઃસત્ત્વ થાય છે, ને અનુકૂળ સામગ્રી મળતાં શીઘ્ર પુષ્ટ થઇ જાય છે, એ સર્વદા સ્મરણમાં રાખજે.

વ્યવહાર દશામાં તું નમ્ર રહે, જિજ્ઞાસાકાળમાં તું વધારે નમ્ર થા, ને જેમ જેમ તું પરમતત્ત્વની વધારે સમીપ જતો જા તેમ તેમ તું અત્યંત વધારે નમ્ર થતો જા. ફળયુક્ત થયેલું આંબાનું ઝાડ ઉત્તરોત્તર વધારે નમવા લાગે છે એ સૌ મનુષ્યોને જ્ઞાતજ છે.

અંતઃકરણમાં ધૈર્યની ન્યૂનતા હોય તો પ્રાપ્તવ્યજ્ઞાતવ્યના સ્વરૂપનું તથા તેનાં સાધનોનું ઝાંખું દર્શન થાય છે, ને અંતઃકરણમાં ધૈર્ય વિશેષ હોય તો પ્રાપ્તવ્યજ્ઞાતવ્યના સ્વરૂપનું તથા તેનાં સાધનોનું સ્પષ્ટ

દર્શન થાય છે.

સત્યમાર્ગને ઓળખવો, ને ગંતવ્યસ્થાનને પ્રાપ્ત થવાય ત્યાંસુધી તે માર્ગે શ્રદ્ધા, પૂજ્યભાવ, દઢતા, સાવધાનતા, ને ધૈર્યથી નિરંતર ચાલ્યા કરવું એ તારું મુખ્ય કર્તવ્ય છે તેનું તું કદીપણ વિસ્મરણ કરીશ નહિ.

અત્યંત સાવધાનતા, ધૈર્ય, ને દઢતા રાખી ચિત્તમાંથી વિષયતૃષ્ણાને સમૂળ ઉખેડી નાંખ. એ તીક્ષ્ણવિષવલ્લીનું મૂળ જો થોડુંઘણું પણ ચિત્તમાં રહ્યું હશે તો પુનઃ તે તીક્ષ્ણવિષવલ્લીને વધતાં તથા નવપલ્લવ થતાં લેશ પણ વાર નહિ લાગે તે વારંવાર સ્મરણમાં રાખજે.

સત્યમાર્ગમાં ચાલતાં આરંભમાં, મધ્યમાં, કે અંતમાં તીક્ષ્ણ પરીક્ષા આવે છે, માટે તે પરીક્ષામાં ઉત્તમ પ્રકારે ઉત્તીર્ણ થવાસારુ સર્વદા યોગ્યરીતે જાગ્રત્ રહેજે.

ઉદ્દેશનું તું કદીપણ વિસ્મરણ ન કર. જો અંતરમાં બળતો અગ્નિ ઓલવવાની તારી શુદ્ધભાવથી ઇચ્છા હોય તો તારે તે પ્રજ્વલિત અગ્નિમાં સૂકાં લાકડાં નાંખવાનું કામ કેવળ બંધજ કરવું જોઇએ,—અને ત્યાંથી મેળવીને મળે તેટલાં સૂકાં લાકડાં તેમાં નહિ નાંખ્યાં કરવાં જોઇએ, અને જો ઉત્તરભણીજ જવાનો તારો દઢ નિશ્ચય હોય તો તારે તારી આંખો વીંચીને દક્ષિણભણી નહિ ચાલ્યા કરવું જોઇએ.

માર્ગે સિંહો, વ્યાઘ્રો, સર્પો, અજગરો, મગરો, ઠંકો, ગીધો, કાગડાઓ, કાંકરો, પ્રેતો, કાંટાવાળાં વૃક્ષો છોડો ને વેલા, કાંટા, કાંકરા, ને કાદવથી યુક્ત છે, માર્ગની ભૂમિ વિષમ છે, ભવ્ય દેખાવો માર્ગમાં પ્રતીત થતા નથી, માર્ગમાં વિશ્રામનાં યોગ્ય સ્થળો આવતાં

નથી, ને સાથ મળી શક્તો નથી, પણ પોતાનું મસ્તક મનવડે કાપીને હાથમાં લીધું છે એમ સમજી એ માર્ગ ધૈર્ય, સાવધાનતા, ને દૃઢતાથી ઉલ્લંઘન કરી જવાય તો પછી અત્યંત નિર્ભય ને સુરમ્ય સ્થાનમાં પહોંચી અભેદભાવે આનંદવિના અન્યનો અનુભવ કરવો અવશેષ રહેતો નથી.

તું બ્રહ્મચારી હોય તો તારું બ્રહ્મચર્ય નિર્દોષજ જોઇએ—મન વાણી નેત્ર ને શરીરથી તું પવિત્ર બ્રહ્મચર્ય પાળનાર હોવો જોઇએ, માત્ર નામધારક બ્રહ્મચારી ન હોવો જોઇએ, તું ગૃહસ્થ હોય તો ગૃહસ્થના ધર્મો પાળવામાં સાવધાનતાવાળો હોવો જોઇએ—મન ઇંદ્રિયો ને શરીરને નિયમમાં રાખનારો સ્વપત્નીને તથા સ્વસંતતિને તેમનું કર્તવ્ય યથાર્થ સમજાવનારો ગુરુજનોનો તથા અતિથિનો સત્કાર કરનારો ને પરિણામે સત્ય ગૃહમાં સ્થિતિ કરવાના પ્રયત્નવાળો હોવો જોઇએ, તું વાનપ્રસ્થ હોય તો બ્રહ્મરૂપ વનમાં મનને સ્થિતિ કરાવનારો ને શરીર ઇંદ્રિયો તથા મનના સંસારભણીના વેગો શમાવી તેમના બ્રહ્મભણીના વેગો વધારવાના પ્રયત્નવાળો જોઇએ, અને જો તુ સંન્યાસી હોય તો માત્ર કાષ્ઠદંડ ને કાષાયવસ્ત્ર ધરનારોજ ન હોવો જોઇએ, કિંતુ આ લોકના ભોગની અંતરિક્ષલોકના ભોગની ને સ્વર્ગથી માંડીને બ્રહ્મલોકસુધીના ભોગોની ઇચ્છાનો સુદૃઢ વૈરાગ્યથી ત્યાગ સેવનારો ને બ્રહ્માનુભવ કરવા અત્યંત પ્રયત્નશીલ હોવો જોઇએ.

જો તું શૂદ્ર હોય તો દ્વિજોપ્રતિ બહુમાનથી વર્ત, તેમની તારા ધંધાવડે શુદ્ધભાવથી યથાશક્તિ સેવા કર, સદાચરણથી વર્ત, ને તારા જીવાત્માનું હિત કરવા ઘણામાં ઘણો પ્રયત્નવાન્ રહે; જો તું વૈશ્ય હોય તો કૃષિ પશુપાલન ને વ્યાપારાદિવડે દ્રવ્ય સંપાદન કરી તે-વડે બ્રાહ્મણ ક્ષત્રિય ને શૂદ્રને સાહાય્ય કર, સત્યવચનાદિ સદાચરણનું

અનુષ્ઠાન કર, ને તારા જીવાત્માનું હિત સાધવા બહુ પ્રયત્નશીલ રહે; જો તું ક્ષત્રિય હોય તો બ્રાહ્મણાદિનું પરિપાલન કર, શરીર સામર્થ્ય મેળવ, સદાચરણથી વર્ત, ને તારા જીવાત્માનું હિત કરવા સતત પ્રયત્નવાન્ રહે; અને જો તું બ્રાહ્મણ હોય તો ક્ષત્રિયાદિને તેમના ધર્મનો ઉપદેશ કર, અંતઃકરણ સત્ત્વગુણયુક્ત રાખ, સતશાસ્ત્રોનું અધ્યયન કર-કરાવ, ને તારા જીવાત્માને મોક્ષની પ્રાપ્તિ કરવા અસાધારણ ઉદ્યોગી રહે.

આ લોકમાં ઉત્તમ ગણાતાં સુખો, અંતરિક્ષલોકનાં સુખો, સ્વર્ગનાં સુખો, અને મહર્લોકનાં જનલોકનાં તપોલોકનાં ને સત્યલોકનાં સુખોમાં અર્થાત્ ચક્રવર્તી રાજાના સુખથી માંડીને હિરણ્યગર્ભના પદ-સુધીના બાહ્યવૈભવોમાં મન દીનતાવાળું ન થાય ત્યારે તે મન નિરુપાધિક નિરતિશય ને નિર્દોષ બ્રહ્માનંદનો અનુભવ કરવા સમર્થ થાય છે.

ભવસાગરમાં જે દીવાદાંડી પોતાનાથી દૂર રહેવા સૂચવે છે તે દીવાદાંડીભણી હે કૈવર્ત! તું મૂર્ખાઈથી તારા વહાણને કદીપણ લઇ જઈશ નહિ, કેમકે ત્યાં ભયંકર ખડકો તથા વમળો છે, જે તારા વહાણનો ને તારો નાશ કરશે.

ગામમાં વસનારાં ભુંડોને અત્યંત અપવિત્ર આહાર પણ બહુ રુચિકર લાગે છે, પણ મનુષ્યને તે આહાર જોવો પણ ગમતો નથી, તેમ પામર ને વિષયી મનુષ્યોને જે વિષયો અત્યંત રુચિકર લાગે છે તે વિષયોનું સ્મરણ થતાં વિવેકીને ગ્લાનિ ઉપજે છે.

જે વિચાર કરીને પશ્ચાતાપ કરવો પડે તે વિચાર નજ કર, જે પ્રાણિપદાર્થને જોઇને પાછળથી ખેદ કરવો પડે તે પ્રાણિપદાર્થને નજ જો, જે વચન બોલીને પાછળથી ગ્લાનિ ઉપજે તે વચન ન જ બોલ,

જે સ્પર્શ કરીને વારંવાર પશ્ચાત્તાપ કરવો પડે તે સ્પર્શ નજ કર, જે વચન સાંભળીને પુનઃ પુનઃ ચિત્તને પશ્ચાત્તાપ કરવો પડે તે વચન નજ સાંભળ, ને જે ક્રિયા કરવાથી તને વારંવાર પશ્ચાત્તાપ થાય તે ક્રિયા નજ કર, અર્થાત્ પાણી પહેલાં પાળ બાંધીને સર્વદા વર્ત.

કાલે આમ સાધન કરીશ, પરમ દિવસ આમ સાધન કરીશ, આવતા અઠવાડિયામાં આવી રીતે સાધન કરીશ, આવતા માસમાં સદાગ્રહપૂર્વક આમ સાધન કરીશ, ને આવતા વર્ષમાં શુભ ભાવનાથી આવી રીતે અભ્યાસ કરીશ, એવા મિથ્યા તરંગોના પ્રવાહમાં નહિ તણાતાં તું ચાલતી ક્ષણનો ઘણામાં ઘણા પ્રયત્નથી શુભ ઉપયોગ કર. આમ વર્તીશ તો તું તારું જીવન પરમાનંદમય કરી શકીશ.

તારા ગૃહની આસપાસનો ભાગ પવિત્ર રાખ, તારું ગૃહ પવિત્ર રાખ, તારા ગૃહમાંના પદાર્થો સ્વચ્છ રાખ, તારાં ને તારાં સમીપનાં સગાંઓનાં વસ્ત્રો પવિત્ર રાખરખાવ, તારાં સમીપનાં સગાંઓનાં શરીરો પવિત્ર રખાવ, તારું શરીર પવિત્ર રાખ, તારી ઇંદ્રિયોની પ્રવૃત્તિ નિર્દોષ રાખ, ને તારું અંતઃકરણ અત્યંત નિર્મળ રાખ. પ્રત્યેક પ્રકારની પવિત્રતા જીવને પરમ પવિત્ર પરમાત્માભણી લઇ જાય છે એ તને અજ્ઞાત ન હોવું જોઇએ.

ઉત્કટ મુમુક્ષુતાવાળા મુમુક્ષુના સદાગ્રહવાળા વિધિવત્ પ્રયત્નથી ને મારી અમોઘ કૃપાથી મુમુક્ષુને અનુભવાતી ભયભરેલી અંધકારમય રાત્રિ દૂર થાય છે, સૂર્યોદયનો સમય સમીપ જાણી ઉન્મત્તના જેવું નૃત્ય કરતાં પ્રેતો અદૃશ્ય થઇ જાય છે, ચોરો ભયભીત થઇ સંતાઇ જવા લાગે છે, સિંહો વ્યાઘ્રો ને ઘૂવડો પોતપોતાના સ્થાનભણી ભાગી જાય છે, ને તારાઓ પણ આકાશસાથે અભેદ પામવા લાગે છે. હવે નિર્ભયતાનો અખંડ અનુભવ કરાવનાર આનંદમય દિવાકર ઉદય

પામી પોતાના પૂર્ણ પ્રકાશથી પ્રકાશવા લાગે છે. આ સુરમ્ય દિનકરના ભવ્ય પ્રકાશમાં ભયપ્રપૂર્ણ અંધકાર શોધ્યો પણ જડતો નથી, દુઃખદાતા પ્રેતો ચોરો ને સિંહાદિ કોઈ પણ સ્થળે જોવામાં આવતાં નથી, ને તે પ્રભાકરની મહાપ્રભાથી ભિન્ન કોઈ પણ તારો આકાશમાં પૃથક્ પ્રતીત થતો નથી, જ્યાં ત્યાં પ્રભા વા પ્રકાશપુંજ સામ્રાજ્ય અનુભવાય છે. તે કાળે આનંદથી ભરપૂર હૃદયવાળો તે મુમુક્ષુ કહે છે કેઃ— "હે ભગવન્! હે દિવાકર! હે પરમાનંદરૂપ પ્રકાશ! તારો મહિમા અગાધ છે!!" ભો મુમુક્ષો! જો તું સદાગ્રહપૂર્વક સંશયવિપર્યયરહિત વિધિવત્ પ્રયત્ન કરતો રહીશ તો તારા જીવનમાં સર્વથી શ્રેષ્ઠ ગણવાયોગ્ય એક દિવસ આવશે કે જે દિવસે તું તે સુરમ્ય ને અલૌકિક પ્રકાશને અનુભવી ઉપર કહેલા ઉદ્ગારો કાઢવા ભાગ્યશાળી થઇશ.

તીર્થ.

પોતાના સંસર્ગમાં આવનારને જે પોતાના સાત્ત્વિકપ્રભાવવડે સંસાર સાગરથી તારે છે, અર્થાત્ પવિત્ર કરે છે, તે **તીર્થ** કહેવાય છે. તીર્થ બે પ્રકારનાં છે, સ્થાવર ને જંગમ. પવિત્ર નદીઓ, પવિત્ર અરણ્યો, પવિત્ર સરોવરો, પવિત્ર નગરો, દેવાલયો ને પવિત્ર પહાડો એ **સ્થાવરતીર્થ** છે; અને બ્રહ્મવેત્તા પુરુષો એ જંગમતીર્થ છે. સ્થાવરતીર્થ પણ બે જાતનાં છે, એક સ્વાભાવિક ને બીજાં નૈમિત્તિક. ગંગાઆદિ સ્વાભાવિક તીર્થ છે, કેમકે સૃષ્ટિની સાથેજ લોકહિતમાટે નિર્માણ થયેલાં છે, ને અયોધ્યા અને દ્વારકાઆદિ અનુક્રમે શ્રીરામચંદ્રજીનો અવતાર થવાથી તથા શ્રીકૃષ્ણઆદિનો નિવાસ થવાથી નૈમિત્તિક તીર્થરૂપે ગણાયાં છે.

સ્થાવરતીર્થસ્થળનાં જલ, ભૂમિ તથા વાતાવરણ પવિત્ર હોવાથી શ્રદ્ધાવાન્ મનુષ્યના દેહ તથા મનને શુદ્ધ કરે છે, તો પણ મેળાના સમયમાં સ્થાવર તીર્થમાં જવાથી જોઇએ તેવો લાભ થતો નથી,કેમકે તે સમયમાં ઘણા પ્રાકૃત મનુષ્યોના નિવાસને લીધે ત્યાંનાં જલ, ભૂમિ તથા વાતાવરણ અસાધારણ ઉપકાર કરે એવી સ્થિતિમાં રહેતાં નથી, તેથી તેવા સમયમાં ત્યાં જનાર સાધકને જોઇએ તેવો લાભ થતો નથી, એટલુંજ નહિ, પણ ક્વચિત્ વૃત્તિ વધારે વિક્ષેપવાળી થવાનો સંભવ રહે છે.

જંગમતીર્થરૂપ બ્રહ્મવેત્તા પુરુષો તો દર્શનમાત્રથીજ શ્રદ્ધાળુ મનુષ્યોને પવિત્ર કરે છે, અને સ્થાવરતીર્થો તે શ્રદ્ધાળુ માણસોને ચિરકાળે પવિત્ર કરે છે. "**दर्शनादेव साधवः ॥**" (સાધુ પુરુષો દર્શનથીજ પવિત્ર કરે છે,) એ વચન પણ એમજ કહે છે, માટે વિવેકીએ પૂર્ણ શ્રદ્ધાથી જંગમતીર્થનું સેવન કરવું જોઇએ.

ભક્તતારણી ભગવતી ગંગાને કોઇએ પૂછ્યું કેઃ—"તમે તમારામાં માત્ર સ્નાન કરવાથી શ્રદ્ધાલુ પ્રાણીઓનાં પાપોનું હરણ કરો છો, ત્યારે તેવાં અસંખ્ય પ્રાણીઓના સ્નાનથી તમારા પોતાનામાં ઘણું પાપ એકઠું થવું જોઇએ, તેના નાશને માટે તમે શું ઉપાય કરો છો? શ્રીમતી ભાગીરથીએ કહ્યું કેઃ—"મારે તેની નિવૃત્તિમાટે કાંઇ ઉપાય કરવો પડતો નથી. નિર્મલ, શાંત, સર્વ પ્રકારની તૃષ્ણાઓથી રહિત, સર્વ જગતને આત્મવત્ જાણનારા, બ્રહ્મરૂપ અને પરમકૃપાળુ ઋષિ-મુનિઓનાં ચરણારવિંદનો સ્પર્શ મને સમયે સમયે થવાથી મારામાં આવેલા પાપસમૂહનો અનાયાસે નાશ થઇ જાય છે." ઘણાં સ્થાવર-તીર્થોનો મહિમા પણ પવિત્ર મહાત્માઓના સંસર્ગને લીધેજ છે, માત્ર જલ કે પાષાણમાં સાક્ષાત્ અસાધારણ પ્રભાવ નથી. ભગવાને પણ

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં તથા શ્રીમદ્‌ભાગવતમાં સંતનું માહાત્મ્ય સારી રીતે વર્ણવ્યું છે.

તીર્થસ્થલમાં જવાનો સર્વોત્કૃષ્ટ હેતુ એ છે કે ત્યાં દૈવીસંપત્તિવાળા મહાત્માઓનાં દર્શન તથા સત્સંગ થાય. તીર્થયાત્રા કરનારાઓ જો તે હેતુભણી લક્ષ ન રાખે તો તેમની યાત્રામાં તેટલી ન્યૂનતાજ ગણાય.

પોતાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર આચાર્ય, માતા, પિતા ને સદાચરણ એ પણ તીર્થરૂપજ છે, માટે તેમના સેવનથી પણ પરિણામે કૃતાર્થ થવાય છે.

લૌકિક કીર્તિમાટે કિંવા દેશાટનમાટે જે તીર્થયાત્રા કરવામાં આવે છે તે શાસ્ત્રપક્ષે કથનમાત્ર તીર્થયાત્રા જાણવી, અને તેનું ફલ પણ લૌકિકજ જાણવું.

નિત્ય કર્મનો ત્યાગ ક્યારે કરવો ?

થોડુંઘણું પરોક્ષજ્ઞાન થાય, અથવા સહજસાજ ભક્તિમાં પ્રવેશ થાય, ત્યાં કેટલાક અણસમજુ માણસો કર્મમાર્ગને ધિક્કારે છે, પણ તેમની એ પ્રવૃત્તિ યોગ્ય નથી. જ્યાંસુધી યથાર્થ અપરોક્ષજ્ઞાન થયું નથી, કિંવા એકાંતિકભક્તિની પ્રાપ્તિ થઈ નથી, ત્યાંસુધી જ્ઞાનના તથા ભક્તિના અધિકારી થવામાટે મનુષ્યે અવશ્ય નિત્યકર્મ કરવાં જોઇએ. વેદમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ અધિકારપ્રમાણે ત્રણ મોક્ષનાં સાધન કહેલાં છે, માટે ઉત્તરનો અધિકાર આવતાસુધી પૂર્વ અવશ્ય આગ્રહપૂર્વક કરવાનું છે. દેહનું ભાન ન રહે ત્યારે વેદ વિહિત નિત્યકર્મ ન કરે તો ચાલે, પણ જ્યાંસુધી દેહનું ભાન હોય ત્યાંસુધી તેનો ત્યાગ સંભવી શકતો નથી.

અજ્ઞાની મનુષ્ય ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી, તેથી જો તે વિહિત નિત્યકર્મ નહિ કરે તો તે કોઇ અયોગ્ય કર્મમાંજ પ્રવૃત્તિ કરશે, અને તે અયોગ્ય પ્રવૃત્તિ અયોગ્ય સંસ્કારની ઉત્પાદક હોવાથી પરિણામે તેનું અશ્રેયજ કરશે. કોઈ પણ દ્વિજ-ગૃહસ્થ જો પ્રમાદથી નિત્યકર્મ ન કરે તો તેનાં બાલકો પણ તેવી વિહિત પ્રવૃત્તિ ન કરે, ને તેમ થવાથી તેની પરંપરા સ્વધર્મભ્રષ્ટજ થાય, માટે કોઈ પણ દ્વિજગૃહસ્થે જ્ઞાનના મિથ્યા અભિમાનથી કે ભક્તિના મિથ્યા અભિમાનથી નિત્યકર્મનો ત્યાગ કરવો ઉચિત નથી. ટાઢમાં નહાવાથી શરીરને દુઃખ થાય છે, માટે ન નહાવું, સંધ્યાવંદનાદિ કરવાથી પરિશ્રમ પડે છે, તથા તેથી કાંઈ પ્રત્યક્ષ લાભ નથી, માટે તે ન કરવું, એવો સ્નાનસંધ્યાનો ત્યાગ રજોગુણથી થાય છે, ને તેવો ત્યાગ ચિત્તશુદ્ધિરૂપી ફલનો કે જ્ઞાનરૂપી ફલનો હેતુ થતો નથી.

વિહિત નિત્યકર્મોને મોહ કે પ્રમાદથી પણ છોડી દેવાં ન જોઇએ, કારણ કે તેમ કરવાથી કોઇ પ્રકારનું શુભ ફલ થતું નથી, પણ અશુભ ફલજ થાય છે. વસ્તુતાએ તો જ્ઞાનિજનોએ પણ લોકસંગ્રહઅર્થ વેદવિહિત નિત્યકર્મ કર્તવ્ય છે. શ્રીયાજ્ઞવલ્કયાદિ મહામુનિઓએ પણ ગૃહસ્થાશ્રમમાં સંધ્યાવંદનાદિ નિત્યકર્મો ત્યજ્યાં નહોતાં. જનકરાજાએ તથા અજાતશત્રુએ પણ ઘણી ઉપાસનાઓ કરી હતી એમ ઉપનિષદ્ઉપરથી જણાય છે. ઉપાસનાની ઝીણી ઝીણી વાતો પણ તેઓ સારી રીતે જાણતા હતા, તેમજ તેઓ નિત્યકર્મમાં પણ બહુ આગ્રહ રાખતા હતા. એવી રીતે પૂર્વપુરુષોના આચરણનો વિચાર કરી વિવેકીએ કર્તાપણાનો ભાવ ત્યજીને તથા ફલેચ્છા છોડીને નિત્યકર્મ યથાવિધિ આચરવાં જોઇએ.

માણસે પોતાના ચિત્તને કોઇ પણ પ્રકારના શુભ અવલંબન-વિનાનું ન રાખવું જોઇએ. શાસ્ત્રમાં "આશ્રમવિના દ્વિજે એક ક્ષણ પણ ન રહેવું જોઈએ" એમ જે કહ્યું છે તેનો હેતુ પણ તેજ છે, માટે દેહનું ભાન હોય ત્યાંસુધી મિથ્યાભિમાનથી, પ્રમાદથી, મોહથી કે આલસ્યથી નિત્યકર્મનો ત્યાગ કોઈ પણ દ્વિજે ન કરવો જોઇએ. ઉચ્ચભૂમિકામાં સ્થિતિ થવાથી જેમને પોતાના દેહાદિનું ભાન ન રહે એવા આત્મારામ પુરુષો કૃતાર્થ છે, માટે તેઓ કર્મ ન કરે તો તેમાં તેમને કોઈ પ્રકારનો પ્રત્યવાય નથી, પણ એવી સ્થિતિ પ્રાપ્ત થયા પહેલાં વિનાવિચારે શાસ્ત્રોક્ત નિત્ય કર્મનો ત્યાગ કરવો ઉચિત નથી.

સત્યનું માહાત્મ્ય.

દેવદત્તનામના એક વેદવેત્તા બ્રાહ્મણનો નિવાસ કોશલપ્રદેશમાં હતો. વર્તમાન અયોધ્યાનગરી કોશલપ્રદેશની અંતર્ગત છે. દેવદત્તને કાંઇ સંતાન નહોતું, તેથી તેણે પુત્રની કામનાથી પુત્રેષ્ટિયાગ કરવાનો આરંભ કર્યો. પુત્રેષ્ટિયાગના વરણમાં બ્રહ્મા, અધ્વર્યુ, હોતા, પ્રસ્તોતા અને ઉદ્દગાતા આ પાંચ પ્રધાન ઋત્વિજ હતા, ને તેમનાથી ભિન્ન બીજા કેટલાક સભ્ય હતા. વિધિને જાણનારા એ દેવદત્ત બ્રાહ્મણના પુત્રેષ્ટિયાગમાં સુહોત્રઋષિ બ્રહ્મા, યાજ્ઞવલ્કયઋષિ અધ્વર્યુ, બૃહસ્પતિ હોતા, પૈલ પ્રસ્તોતા, અને ગોભિલ ઉદ્દગાતા થયા હતા. ઉદ્દગાતાને યાગમાં સામગાન કરવું પડે છે. સામગાનમાં સ્વરિતઆદિ સ્વર હોય છે. રથંતરનામનું સામગાન બહુ કઠિન છે. ગોભિલના જેવા સામવેદપારંગત ઋષિ પણ સ્વરિતસ્વરથી રથંતરગાન કરતાં શ્વાસપ્રશ્વાસમાં સ્વર યથાયોગ્ય ન રાખી શક્યા. તેમના સ્વરમાં

ફેરફાર થયો, તે સુપંડિત દેવદત્તના જાણવામાં આવ્યો, તેથી તેમને ગોભિલપર બહુ ક્રોધ ઉત્પન્ન થયો. કોપાવેશમાં તેમણે ગોભિલને કહ્યું કેઃ—"હે મહર્ષે! આપને હું પંડિતપ્રધાન મહામુનિ જાણું છું. આજ આ શું થયું? હું પુત્રમાટે યાગ કરું છું. આ મારું કામ્ય કર્મ છે. નિત્યકર્મમાં વા નિષ્કામકર્મમાં અંગહાનિ થવાથી બહુ દોષ નથી થતો, પણ કામ્યકર્મમાં તેમ થાય તો તે બહુ દોષરૂપ ગણાય છે. આપ મારા કામ્યકર્મમાં સ્વર યથાયોગ્ય ન રાખી શક્યા તો હું હવે આપને મૂર્ખવિના શાની ઉપમા આપું?"

ગોભિલ આ દુર્વાક્યથી બહુ કોપે ભરાયા. તેમણે કહ્યું કેઃ—"હે મતિમાન્ બ્રાહ્મણ! હું શરીરધારી છું, શ્વાસપ્રશ્વાસને અધીન છું, વારંવાર દીર્ઘથી દીર્ઘ શ્વાસપ્રશ્વાસ ગ્રહણ કરવામાં દૈવયોગથી સ્વરનો વ્યતિક્રમ થયો, પણ મારી મૂર્ખતાથી એ ફેરફાર થયો નથી. આપે મને દુર્વાક્ય કહ્યું તો હું આપને શાપ આપું છું કેઃ—આપને મહામૂર્ખ પુત્ર થશે, તે વેદનું ઉચ્ચારણ પણ નહિ કરી શકે."

મહાત્મા ગોભિલનો આ દારુણ શાપ સાંભળીને દેવદત્ત ભયયુક્ત તથા દુઃખિત થયા. તે આંસુયુક્ત નેત્રવાળા થઈ ગોભિલના ચરણમાં પડી રડતા રડતા કહેવા લાગ્યા કેઃ—"હે મહર્ષે! મારો અપરાધ ક્ષમા કરો. મેં આપને દુર્વાક્ય કહેવારૂપ કુકર્મ કર્યું છે, કિંતુ ક્રોધ સંસારી જીવોને સ્વાભાવિક છે. જેવી રીતે શ્વાસપ્રશ્વાસ કોઈને સહજ વશ થતો નથી, તેવી રીતે ક્રોધ પણ કોઈને સહજમાં વશીભૂત થઈ શકતો નથી. મેં તે અનિવાર્ય સ્વાભાવિક ક્રોધને વશ થઈને આ અપરાધ કર્યો છે. આપ મારો અપરાધ ક્ષમા કરો. હે ઋષિવર! મારો અપરાધ અલ્પ છે, ને શાપ બહુ દારુણ થયો છે. નાના અપરાધમાટે આવડો મોટો દંડ! હું પુત્રહીન છું, ને પુત્રમાટે

યજ્ઞ કરું છું. આટલા કષ્ટના ફલરૂપે પ્રાપ્ત થતો પુત્ર મૂર્ખ થશે? તેનાથી તો પુત્રનું ન થવું સારું. હે ઋષિશ્રેષ્ઠ! મૂર્ખ બ્રાહ્મણ અતિ-નિંદનીય પશુ તથા શૂદ્રની સમાન થાય છે. મૂર્ખ બ્રાહ્મણ તો માત્ર અન્નજલના દાનનો અધિકારી થાય છે. એવા અધમ પુત્રને પામીને હું શું કરીશ? પુત્ર પિતાની અધોગતિમાંથી મુક્તિનો હેતુ થાય છે, પણ મૂર્ખ પુત્રથી મને શો ઉપકાર થશે? તે વેદમંત્રનુ ઉચ્ચારણ નહિ કરી શકે, અર્થ પણ નહિ સમજી શકે, તેથી તેને શ્રદ્ધાની પ્રાપ્તિ પણ નહિ થાય. એવા પુત્રથી પરલોકનો ઉપકાર કેમ કરીને થઈ શકે? હે મુને! મારી મોટી આશાનો નાશ કરીને મને નિરાશ નહિ કરતાં કૃપા કરો, અધમનો ઉદ્ધાર કરો, શાપનો પ્રત્યાહાર કરો."

મહર્ષિ ગોભિલ પ્રસન્ન થયા, ને તેમણે કહ્યું કે:–"દેવદત્ત! ઊઠો, ભયયુક્ત ન થાઓ, પ્રથમ આપનો પુત્ર મૂર્ખ થશે, પણ પછી પંડિત થઈને મહાન્ યશસ્વી થશે."

પછી દેવદત્ત નિશ્ચિંત થયા. યજ્ઞ સમાપ્ત થયો. કેટલાક દિવસો પછી દેવદત્તને ઘેર પુત્રનો જન્મ થયો. દેવદત્તે મોટા સમારોહથી પુત્રના જાતકર્મ, નામકરણ અને અન્નપ્રાશનાદિ સંસ્કારો યોગ્ય સમયપર કર્યા. પુત્રનું નામ ઉતથ્ય રાખ્યું. ઉતથ્ય બ્રહ્મચારી થઈને પિતાની સમીપ વેદાધ્યયન કરવા લાગ્યો, પણ મૂર્ખ ઉતથ્યથી વેદના એક અક્ષરનું પણ ઉચ્ચારણ થઈ શકતું નહોતું. વયની સાથે ઉતથ્યની નિંદા પણ વધવા લાગી. સર્વને જણાયું કે દેવદત્તનો પુત્ર મહામૂર્ખ છે. આમ થવાથી ઉતથ્ય વૈરાગ્ય પામીને અરણ્યમાં ચાલ્યો ગયો. તેની ઇચ્છા અરણ્યમાં તપ કરવાની હતી, પણ તપના વિષયમાં તે કાંઈ જાણતો નહોતો, તેથી તેણે આ નિશ્ચય કર્યો કે "કદીપણ અસત્ય ન બોલવું." પછી તેણે ગંગાના તટપર ઘાડા અરણ્યમાં પોતાનો

આશ્રમ બનાવ્યો.

ઉતથ્ય બ્રાહ્મણને કરવાયોગ્ય કાંઇ કર્મ જાણતો નહોતો. માત્ર ગંગાસ્નાન અને સત્યવચન આ બે નિયમજ તેનાં પ્રધાનકર્મ હતાં. આવી રીતે ચૌદ વર્ષ વીતી ગયાં. તેવામાં એક દિવસ વ્યાધના તીરથી વિંધાયેલો અને લોહીથી ખરડાયેલો એક વરાહ (રાની ભુંડ) દોડતો દોડતો આવ્યો, અને ઉતથ્યના આશ્રમની નિકટના ઘટ્ટ અરણ્યમાં છુપાઈ ગયો. તેનું દુઃખ જોઇને ઉતથ્યના જીવમાં દયાનો સંચાર થયો. તે બહુજ દુઃખી થઇને અનાયાસે એક અક્ષર બોલી ઊઠ્યો. તે અક્ષર સરસ્વતીનો બીજ મંત્ર છે, અને તે મંત્રોચ્ચાર ઉતથ્યના પ્રતિ દેવીના અનુગ્રહનું કારણ થયો.

થોડોક સમય વ્યતીત થતાં ઉતથ્યે જોયું તો કાલના જેવો એક ભયંકર વ્યાધ ધનુષ્બાણ લઇને તેની સમીપ આવીને ઊભો રહ્યો હતો. તેણે પૂછ્યું:—" મહારાજ ! આપે કોઈ વરાહને આપના સ્થાનભણી આવતાં જોયો છે ? " ઉતથ્ય વિચાર કરવા લાગ્યો કે:-" આ તો મોટી વિપત્તિ આવી હું મિથ્યા બોલતો નથી, કિંતુ આ વેલાએ સત્ય બોલવાથી હત્યા થાય છે, અને અસત્ય બોલવાથી હત્યા થતી નથી. હવે શું કરવું ? " નિત્ય મિથ્યા બોલવાના અભાવથી ઉતથ્યનું ચિત્ત શુદ્ધ થયું હતું. વળી સરસ્વતીદેવીની કૃપાથી તેના બીજમંત્રનું ઉચ્ચારણ થયું હતું. હવે આ ઉતથ્ય પૂર્વનો ઉતથ્ય નહોતો. પ્રથમ તેણે વિચાર કર્યો કે:—" આ સમયમાં અસત્ય કહેવું એજ સત્ય છે, " કિંતુ તુરતજ તેમ કરવાની અત્યંત અયોગ્યતા તેને પ્રતીત થવાથી તેનું હૃદય વ્યાકુલતાથી ભરપૂર થઇ ગયું. ત્યારે સત્યના પ્રભાવ અને દેવીની કૃપાથી તેના મુખથી આ શ્લોકનો ઉચ્ચાર થયો.

" या पश्यति न सा ब्रूते या ब्रूते सा न पश्यति ।
अहो ! व्याध ! स्वकार्यार्थिन् ! किं पृच्छसि पुनः पुनः ॥"

ભાવાર્થઃ—જે [આંખ] જુએ છે તે બોલતી નથી, અને જે [વાણી] બોલે છે તે જોતી નથી. હે વ્યાધ ! હે સ્વકાર્યાર્થિન્! તું પુનઃ પુનઃ શું નિરર્થક પૂછે છે ?

આવું વિલક્ષણ ઉત્તર સાંભળી આ કોઇ મૂર્ખ છે એમ ધારી તે વ્યાધ મૌન થઇને ત્યાંથી ચાલ્યો ગયો. હવે દેવીની કૃપા ઉતથ્યપર વધવા માંડી. ઉતથ્યને સરસ્વતીના બીજમંત્રનું જ્ઞાન થયું, અને સમ્યક્ને શ્રદ્ધાભક્તિથી તેણે તેનો જપ કર્યો. જપથી સિદ્ધિનો લાભ થયો—સિદ્ધ ઉતથ્ય સર્વ શાસ્ત્રમાં પારંગત થયો. પછી તે ઘેર આવ્યો, ને સર્વના સંમાનને પાત્ર થયો. માતપિતાને પણ પરમસુખની પ્રાપ્તિ થઈ. સત્યપાલનથી અને દયામયી ભગવતી સરસ્વતીદેવીની કૃપાથી શું નથી થતું ? સર્વ થાય છે, અર્થાત્ અતિમૂર્ખ પણ પંડિતરાજ બને છે.

શિષ્ટાચાર.

જ્ઞાન, વિદ્યા ને વયમાં તમારાથી જે મોટા હોય તેમને તમારે તેમની યોગ્યતાપ્રમાણે માન આપીને તેમનો આદરસત્કાર કરવો, ને તેમની સાથે નમ્રતાવાળું વર્તન રાખવું.

તમારી બરોબરીના તથા તમારાથી નાના હોય તેમનો અનાદર ન કરતાં તેમની સાથે પણ વિનયથી વર્તવું, તથા તેમને સદુપદેશ આપીને પ્રસંગોપાત્ત તમારાથી થઈ શકે તેટલું સાહાય્ય તેમને પ્રીતિપૂર્વક કરવું.

તમારે તમારો પોશાક તમારી સ્થિતિને શોભે એવો સ્વચ્છ ને સાદો રાખવો જોઇએ, તેમાં નિરર્થક ભભકો તથા છેલાઈપણું ન

હોવું જોઇએ. હાથ, પગ તથા મુખ સ્વચ્છ રાખવાં. અંગરખાની કસો ત્રુટેલી કિંવા બાંધ્યા વિનાની ન જોઇએ, અને કોટ, કબજા કે પહેરણનાં બટન ત્રુટી ગયેલાં ન હોવાં જોઇએ. ફાટેલું વસ્ત્ર પણ ન પહેરવું.

શરીરપર ભભકાદાર ઘરેણાં પહેરવાં એ સભ્યપણાનું લક્ષણ નથી. બહુજ અગત્ય જણાય તો એકાદી સારી વીંટી પહેરવી. ખોટાં ઘરેણાં તો કદીપણ વાપરવાં નહિ.

તમારે કોઈ માણસને મળવા જવું હોય તો તે માણસને જ્યારે અવકાશ હોય ત્યારે આગળથી પૂછાવીને જવું. સભ્ય માણસને મળવા જાઓ ત્યારે તે ઊભા હોય તો તમારે પણ ઊભા રહેવું, બેસવું નહિ. કોઈ કામપ્રસંગે તમે કોઈ અપરિચિત મનુષ્યને મળવા ગયા હો તો ત્યાં તમારે ઘણો સમય બેસવું યોગ્ય નથી.

તમે જ્યારે કોઇ પ્રતિષ્ઠિત મનુષ્યને મળવા ગયા હો ત્યારે તેમણે પૂછ્યા વિના તમારે વચ્ચે બોલવું નહિ, અને જે બોલવું તે મર્યાદાથી સંક્ષેપમાં બોલવું. બોલવામાં તેમની ઠઠ્ઠામશ્કરી કરવી નહિ, તથા તેમના બોલવામાં કાંઇ ભૂલનો ભાગ હોય તો તેમનો દોષ કાઢવો નહિ.

સભ્ય લોકોના મંડળમાં બેસીને બીડી પીવી, તમાકુ ચાવવી, તપખીર સુંઘવી, અટ્ટહાસ્ય કરવું, તાણીને બોલવું, અહંકારયુક્ત ભાષણ કરવું, હાથપગના આંગળાના ટાચકા ફોડવા, આળસ મરડવું, આંખવડે કોઇને ઇશારત કરવી, માથું કિંવા અંગ ખંજવાળવું, દાંત ખોતરવા, અંગરખાની ચાલથી કે દુપટ્ટાની કિંવા ધોતીઆની કોરથી નાક લુંછવું, મોઢામાં નખ ઘાલીને દાંત ખોતરવા, નાકમાં કિંવા કાનમાં આંગળાં ઘાલ્યા કરવાં, મોટેથી બગાસું ખાવું, જોરથી છીંકવું, (બગાસું ને છીંક નજ રોકી શકાય તો મુખ એક બાજુ કરી આડો રૂમાલ રાખી બગાસું ખાવું વા છીંકવું જોઇએ,) પગઉપર પગ ચઢા-

વીને બેસવું, પગ લાંબા કરીને બેસવું, ને ઓઠીગણુ દઇને બેસવું એ અવિવેક ગણાય છે. માટે જ્યારે તમે તેવા મંડળમાં બેઠા હો ત્યારે તમે કદીપણુ તેમ કરશો નહિ.

સભ્ય લોકોનો સમૂહ એકત્ર થયો હોય ત્યાં વચ્ચે ઊભા રહીને પોતાના મિત્રની કે ઓળખીતાની સાથે વાતો કર્યા કરવી, કિંવા જતા-આવતા લોકોભણી ધ્યાન રાખીને જોયા કરવું એ સભ્યપણાનું લક્ષણુ નથી, તેમાં પણુ વિશેષે સ્ત્રીઓભણી જોયા કરવું અને તેમના સંબંધમાં ટીકા કરવી એ બહુજ નઠારું ગણાય છે.

તમે માર્ગમાં ઊભા હો, અને બીજાને ત્યાંથી જવું છે એમ તમને જણાય તો તમારે નમ્રપણાથી દૂર થઇને તેમને માર્ગ આપવો, અને એમ કરવામાં પોતાની પદવીને હાનિ થાય છે એમ મનમાં લાવવું નહિ એટલુંજ નહિ, પણુ દૂર ખસતી વેળા સંતોષવૃત્તિ દેખાડવી.

માર્ગે ચાલતાં છાતી આગળ કાઢીને અત્યંત વેગથી કિંવા ડોલતા ચાલવું એ અસભ્યપણાનું લક્ષણુ છે, તેમજ મોટા માણુસની સાથે ચાલનાર નાના માણુસે મોટા માણુસની આગળ ચાલવું એ પણુ યોગ્ય નથી.

સહનશીલતા પ્રાપ્ત કરવામાટે તમારે ઘણામાં ઘણો પ્રયત્ન નિરંતર કરવો જોઇએ. બીજો કોઈ તમારો દોષ દેખાડે તો તે તમારે ક્રોધ નહિ કરતાં ધીરજથી સાંભળવા, ને તે દોષો ત્યજવાનો યથાયોગ્ય પ્રયત્ન કરવો. જો એમ કરશો તો તમારા ચિત્તનો સુધારો થોડા સમયમાં થશે; પણુ જો તમને સુધારવામાટે જે તમને તમારા દોષો બતાવે તેના ઉપર વિનાવિચારે સહસા પ્રકટ કે ગુપ્ત ક્રોધ કરશો તો તમે લેશ પણુ સુધરી શકવાના નથી.

બોલવામાં અથવા લખવામાં બીભત્સ શબ્દનો ઉપયોગ લેશ

પણ ન કરવો.

જો તમારે કોઈ મોટા માણસને મળવા જવું પડે તો તમારે તેને ઘેર યોગ્ય સ્થળે તમારા જોડા ઊતારી પછી તેની પાસે જવું.

ગુરુ, માતા કે પિતાના સમીપમાં કોઇના કાનમાં વાત કરવી નહિ, વા હાસ્ય કરવું નહિ.

ઘાંટા કાઢીને બોલવું, જેની તેની સાથે નિરર્થક વાતો કર્યા કરવી, અપશબ્દો બોલવા, ને હાથ આંખ વા મુખના ચાળા કરવા એ સ્વભાવ પણ ત્યજવાયોગ્ય છે.

કોઈ પણ દેવમંદિરમાં નીચેની ક્રિયાઓ વિવેકી મનુષ્યે કરવી નહિઃ—થુંકવું નહિ નાક ખંખેરવું નહિ વા દાંતનો મેલ નાંખવો નહિ, પાણીથી કોગળા ન કરવા તથા હાથ પગ ને મુખ ન ધોવાં, શેતરંજ ચોપાટ કે ગંજીફાદિથી રમવું નહિ, જુગાર ન રમવો. કોઇની સાથે લડવું નહિ, પાન તમાકુ તથા સોપારી આદિ ન ખાવાં, તમાકુ સુંઘવી નહિ તથા પીવી નહિ, કોઇ પ્રકારનું દુર્વ્યસન ન સેવવું, મળમૂત્રાદિનો ત્યાગ ન કરવો, વાળ ઓળવા નહિ, નખ કાપવા નહિ, લોહી ન પડવા દેવું, ગુમડા કે ચાઠાઉપરનો ભાગ ઊખેડીને ન નાંખવો, મેવો મીઠાઈ આદિ ન ખાવું, વમન ન કરવું, દાંત પડી ગયો હોય તો તે ન નાંખવો, શયન ન કરવું, પશુઓ ન બાંધવાં, આંખ કાન મસ્તક કે નાકનો વા શરીરના અન્ય કોઈ ભાગનો મેલ ભીંતે કે ભૂમિપર ન લગાડવો, જ્ઞાતિનો ઘરવ્યવહારનો કે રાજસંબંધીનો વિચાર કરવા એકઠા ન થવું, પ્રૌઢપાદાસન કરીને ઢીંચણુ બાંધીને કે પગ લાંબા કરીને ન બેસવું, છાણાં થાપવાં કે સૂકવવાં નહિ, વસ્ત્ર ખડ કે અનાજ ન સૂકવવું, કોઈના ભયથી તેમાં સંતાવું નહિ, સંબંધિજનનું મરણ સાંભળી ત્યાં રોવું નહિ, સ્ત્રીઓની રાજાની રાજાના અધિકારીઓની દેશવિદેશના

રાગદ્વેષાદિવાળા બનાવની કે ભોજનની વાતો ન કરવી, રાંધવું વા તાપવું નહિ, શસ્ત્ર છત્રી લાકડી કે પગરખાં અંદર લાવવાં નહિ, મન ઇંદ્રિયો ને શરીરને ચંચળ ન રાખવાં, તેમનું મર્દન કે પગચંપી ન કરાવવાં, દેવદર્શન કરતી વેળા અન્ય મનુષ્યને નમસ્કાર ન કરવો, કોઇની પાસેનું લેણું લેવા લાંઘવા બેસવું નહિ, મલિન પગે આવીને પગ ખંખેરવા નહિ, પોતાના વસ્ત્રમાંનાં જૂ કે માંકડ વીણવાં નહિ તથા ત્યાં નાંખવાં નહિ, આઠ પ્રકારના મૈથુનમાંથી કોઇ પણ પ્રકારનું મૈથુન સેવવું નહિ, ઢાંકવાયોગ્ય અંગો યથાયોગ્ય ઢાંકયા વિના બેસવું નહિ, ને પાણી ન પીવું.

યોગનું સ્વરૂપ તથા યોગમાહાત્મ્ય.

ચિત્તની આત્માકારથી ભિન્ન વૃત્તિઓનો નિરોધ તે યોગ કહેવાય છે. યોગ એ ઉત્કૃષ્ટ કલ્પવૃક્ષ, ઉત્તમ ચિંતામણિ, પુનર્જન્મરૂપ બીજનો અગ્નિ, વૃદ્ધાવસ્થાનું વિઘાતક અલૌકિક રસાયન, આધ્યાત્મિકઆદિ ત્રિવિધતાપનો રાજયક્ષ્મા, ને કાળનો પણ કાળ છે.

જે ચિત્ત યોગાનુષ્ઠાનથી યુક્ત છે તે દુર્ભેદ્ય ચિત્તરૂપર તપમાં પરમ વિઘ્ન ઉપજાવનાર ક્રૂર મકરધ્વજનાં અતિતીક્ષ્ણ બાણો પણ બુઠાં થઇ જાય છે.

યોગની આપ્તિ થવાથી પ્રાપ્ત વ્યવહાર તથા પારમાર્થિક સાધનોનો નિર્વાહ કરવાનો અચળ સ્વભાવ, વિપત્તિરૂપ ક્ષોભનું કારણ પ્રાપ્ત થયા છતાં વિકળ ન થવાનું બળ, સર્વ પ્રાણીઓપર વિશુદ્ધ પ્રેમ, સજ્જનો ભણીથી આદરની પ્રાપ્તિ, પ્રતિભાશક્તિદ્વારા ઇચ્છિત વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું સામર્થ્ય, કોઈ પણ મતપંથનો પક્ષપાત કરવાના સ્વભાવની નિવૃત્તિ, સુખદુઃખાદિ દ્વંદ્વોને સહન કરવાનું

સામર્થ્ય, અનુકૂળ પ્રાણિપદાર્થનો અનાયાસે લાભ ને પ્રતિકૂળ પ્રાણિપદાર્થના સંયોગની અનાયાસે નિવૃત્તિ, અન્નાદિ પદાર્થોની પ્રાપ્તિ તથા અપ્રાપ્તિમાં સંતોષ, ક્રોધનું બાહ્યનિમિત્ત પ્રાપ્ત થયા છતાં ચિત્તમાં ક્રોધનો અનુદય, વિકાર પામતા અંતઃકરણ તથા ઇંદ્રિયોને રોકવાનું સામર્થ્ય, ચિત્તની શુદ્ધિ તથા એકાગ્રતાની વૃદ્ધિ, ગુરુપણાની પ્રાપ્તિ, નિરુપમ શાંતિસુખનો લાભ, ઇંદ્રિયાદિના નિરર્થક ચાંચલ્યનો અભાવ, શરીરનું નીરોગપણું, નિષ્ઠુરપણાનો અભાવ, શરીરમાં શુભ ગંધ, મૂત્રપુરીષની અલ્પતા, કાંતિ, પ્રસન્નતા, સ્વરની કોમળતા, સર્વત્ર નિર્વૈરપણું, સર્વ પ્રાણિપદાર્થમાં સમદર્શિપણું, ને ઋતંભરાપ્રજ્ઞા (સત્યને ગ્રહણ કરનારી બુદ્ધિ) પ્રાપ્ત થાય છે.

પરમતત્ત્વનું અપરોક્ષજ્ઞાન સંપાદન કરવામાટે પ્રેક્ષાવાને–વિચાર કરી હિતમાં વર્તનાર બુદ્ધિમાને–યોગને સિદ્ધ કરવા મહાપ્રયત્ન કરવો એજ ઉચિત છે, પણ વાદવિવાદના ગ્રંથો કે જેના અધ્યયનથી પરમતત્ત્વનો અપરોક્ષાનુભવ થવાનો સંભવ નથી તેના અધ્યયનમાં કાળક્ષેપ કરવો ઉચિત નથી. જેની આંખોપર ડાબલા ચઢાવેલા છે એવો ઘાણીએ જોડેલો ઘાંચીનો બળદ જેમ તલમાંથી નીકળતા તેલના સ્વરૂપને નહિ જાણતાં ઘાણીએ ફર્યા કરે છે તેમ શાસ્ત્રના સિદ્ધાંતોસંબંધી વાદવિવાદ કરનારા શાસ્ત્રે પ્રતિપાદન કરેલા પરમતત્ત્વને જાણવા સમર્થ થતા નથી, તેથી મુમુક્ષુને અંતઃકરણની વિશુદ્ધિ ને એકાગ્રતાદ્વારા ઋતંભરાપ્રજ્ઞાની પ્રાપ્તિ કરાવનારો યોગજ શ્રદ્ધાભક્તિથી અનુષ્ઠેય છે. વાગ્વિલાસ તો દીપક જેમ પતંગોને મોહ ઉપજાવે છે તેમ પોતાના તથા મૂઢજનોના અંતઃકરણને માત્ર મોહ ઉપજાવનારો છે.

જેમ અમુક સ્થળે પહોંચવામાટે સરલમાર્ગથી સાવધાનતાપૂર્વક જવું એ ઉપાય છે તેમ પરમતત્ત્વની પ્રાપ્તિ કરવામાટે પોતાના

અંતઃકરણની શુદ્ધિ ને સ્થિરતા કરવી એ ઉપાય છે. સદુપાયથીજ મનુષ્યને પ્રાપ્ત કરવાયોગ્યની પ્રાપ્તિ થાય છે, પણ અસદુપાયથી તેને પ્રાપ્ત કરવાયોગ્યની પ્રાપ્તિ થતી નથી, એમ જાણીને વિવેકી પુરુષે પરમતત્ત્વની પ્રાપ્તિના સદુપાયનું સેવન કરવું યોગ્ય છે.

લૌકિક કાર્યનો તથા પારમાર્થિક સાધનનો યોગ્યરીતે આરંભ કરનાર, ગંભીર અંતઃકરણવાળા, કુશાગ્ર તથા નિર્મળ બુદ્ધિવાળા, શુભકર્મમાં રુચિવાળા, શરીર ઇંદ્રિયો ને અંતઃકરણની નિષ્ફળ પ્રવૃત્તિ નહિ કરનારા, પ્રાપ્ત પ્રસંગને યથાયોગ્ય સમજનારા, અને સદ્ગુરુ તથા સતશાસ્ત્રમાં પ્રીતિ રાખનારા મનુષ્યો યોગવિદ્યાના અધિકારી છે.

શુદ્ધ હૃદયવાળા, જડચેતનનો વિવેક કરનારા, જેનો છેલ્લો જન્મ છે એવા, ને સદુપાયના અનુષ્ઠાનમાં રૂચિવાળાને યોગવિદ્યાનો ઉપદેશ રૂચિકર લાગે છે, પણ અન્ય મનુષ્યોને તો સંશય તથા વિપર્યયના ઘાટા સદ્ભાવથી તે ઉપદેશ રૂચિકર લાગતો નથી.

પાપકર્મના સંસ્કારોથી પરાભવ પામેલા તથા વિવેકરૂપ નેત્ર-વિનાના મનુષ્યો અજ્ઞાનરૂપ ઘાટા અંધકારમાં પડ્યા રહે છે, ને આત્મ-સાક્ષાત્કારના મુખ્યહેતુરૂપ યોગનું અનુષ્ઠાન કરી શકતા નથી.

સંધ્યાદિ નિત્યકર્મ પાપશુદ્ધિદ્વારા ચિત્તશુદ્ધિનાં હેતુ થઇ જ્ઞાનોત્પત્તિમાં કારણ થાય છે, તેથી તે તૃતીય પ્રકારના ઔષધતુલ્ય સર્વદા સેવવાયોગ્ય છે. જે ઔષધ ખાવાથી શરીરમાં રોગ હોય તો તે દૂર થાય, ને શરીરમાં રોગ ન હોય તો નવો રોગ ઉત્પન્ન કરે તે પ્રથમ પ્રકારનું ઔષધ; જે ઔષધ ખાવાથી શરીરમાં રોગ હોય તો તે શમે, ને શરીરમાં રોગ ન હોય તો લાભહાનિ કાંઇ પણ ન કરે તે દ્વિતીય પ્રકારનું ઔષધ; અને જે ઔષધ ખાવાથી શરીરમાં રોગ હોય તો તે શમે, ને શરીરમાં રોગ ન હોય તો તે રસાયનના જેવો

ગુણ કરે તે તૃતીય પ્રકારનું ઔષધ છે. જેમ તૃતીય પ્રકારનું ઔષધ સર્વથા ગુણકારક છે તેમ સંધ્યાવંદનાદિ નિત્યકર્મ પણ જ્ઞાનલાભ-માટે સર્વથા ઉપકારક છે.

ક્ષુદ્ર પદાર્થને સંપાદન કરવામાં પ્રીતિવાળા, વિષયોમાં દીનમન-વાળા, મત્સરવાળા, શઠ, ભયયુક્ત મનવાળા, અવિવેકી, ને વિષયાનુ-રાગી જનો નિષ્ફળ ઉદ્યોગમાં પ્રવૃત્ત રહે છે. એવા મનુષ્યો સંસારમાં બહુ પ્રીતિવાળા હોવાથી શુદ્ધભાવવડે યોગનું અનુષ્ઠાન કરતા નથી, પણ લોકારાધનની ઇચ્છા રાખી મલિન અંતઃકરણથી યોગનું અનુ-ષ્ઠાન કરે છે.

ચિત્તનો ભોગાધિકાર બહુ અંશે નિવૃત્ત થયા વિના મનુષ્યને પરમતત્ત્વ જાણવાની વાસ્તવિક ઇચ્છા પણ થતી નથી, તો પરમતત્ત્વ જાણવાના સાધનરૂપ યોગના અનુષ્ઠાનમાં તેની પ્રવૃત્તિ ક્યાંથીજ થાય? પાપસંસ્કારો બળહીન થઇ જ્યારે અંતઃકરણની શુદ્ધિ થાય છે ત્યારેજ પુરુષને પરમતત્ત્વનું જ્ઞાન સંપાદન કરવાની વાસ્તવિક ઇચ્છા ઉપજે છે.

અવિવેક, રાગ, ને દ્વેષવડે પરાભવ પામેલા મૂઢજનોનો મોક્ષનો દ્વેષ કરનારો અશોભન બકવાદ મુમુક્ષુએ કદીપણ સાંભળવો નહિ.

જેના અંતઃકરણમાં મહાન્ દોષો રહેલા છે એવા મનુષ્યનો સ્થૂલયોગાભ્યાસના અનુષ્ઠાનરૂપ થોડોક બહારનો શુભ આચાર તપસ્વી બ્રાહ્મણને હણનાર ભિલ્લના રાજાના[1] ચરણસ્પર્શના નિષેધની પેઠે

---

૧ કોઇ તપસ્વી બ્રાહ્મણપાસે એક સુંદર જળપાત્ર હતું. તે જળપાત્ર કોઇ વેળા ભિલ્લના રાજાની સ્ત્રીએ જોયું, તેથી તેને તે પાત્ર તેમની પાસેથી લઇ લેવાની પ્રબળ ઇચ્છા પ્રકટી. પછી તે પાત્ર ગમે તે ઉપાયે લાવી આપવાની તેણે પોતાના પતિપાસે વિનતિ કરી. ભિલ્લના રાજાએ તે તપસ્વી બ્રાહ્મણપાસે તે પાત્રની યાચના કરી, પણ તેમણે તે પાત્ર તેને આપ્યું નહિ, એટલે તે

કાંઇ કામનો નથી.

બુદ્ધિમાન્ મનુષ્ય આત્મસ્વરૂપ ને તેની પ્રાપ્તિનાં સાધનોના નિર્ણયના સંબંધમાં સદ્ગુરુ ને સત્શાસ્ત્રના વચનઉપરજ શ્રદ્ધા ને પ્રીતિ રાખે છે. જે મનુષ્યને સદ્ગુરુના ને સત્શાસ્ત્રના વચનઉપર શ્રદ્ધા ને પ્રીતિ નથી તે મનુષ્યની જ્ઞાનપ્રાપ્તિમાટેની સર્વ ક્રિયા અંધની જોવાની ક્રિયાની પેઠે શુભ ફળ આપનારી થતી નથી. જે અહંકારરહિત તથા શ્રદ્ધાભક્તિરૂપ દ્રવ્યવાળો વિવેકી પુરુષ માનવાયોગ્યને માન આપે છે, ને શુભ ગુણોમાં અનુરાગ રાખે છે, તેની જ્ઞાનપ્રાપ્તિમાટેની સર્વ ક્રિયાઓ ઉત્તમ ફળ આપનારી નીવડે છે. જેને સદ્ગુરુના ને સત્શાસ્ત્રના વચનઉપર આદર નથી તેના શ્રદ્ધાદિ ગુણો ગાંડાના ગુણોજેવા હોઇ વિવેકી પુરુષોને આદર આપવાયોગ્ય થતા નથી. સદ્ગુરુના ને સત્શાસ્ત્રના વચન ઉપર શ્રદ્ધાભક્તિ એ ઉત્કૃષ્ટ મોક્ષદૂતિ છે, કેમકે તેના વિના અન્ય કોઇ મુમુક્ષુને પરમતત્ત્વની સમીપ લઇ જઇ શકતું નથી.

જડબુદ્ધિવાળો અશ્રદ્ધાળુ માણસ સદ્ગુરુના ને સત્શાસ્ત્રના વચનને અનુસરે છે એમ ઉપરથી દેખાડે છે, પણ તે વસ્તુતાએ અનુસરતો નથી, કેમકે તે ઉપરથી અનુસરતો છતો પણ મનમાં ભાવ લાવીને અનુસરતો નથી, કિન્તુ મનમાં દ્વેષ લાવીને અનુસરે છે. વિવેકી ને શ્રદ્ધાળુ ભાવપૂર્વક સદ્ગુરુના ને સત્શાસ્ત્રના વચનને અનુસરે છે, ને તેનું વાસ્તવિક ફળ મેળવે છે.

ભિલ્લનો રાજા તે તપસ્વીને તરવારવડે મારવા લાગ્યો, પણ પોતાના પગ તે તપસ્વીને ન અડી જાય તેને માટે તે બહુ સાવધાનતા રાખતો હતો, કેમકે તેણે કોઇની પાસેથી સાંભળ્યું હતું કે જો ભિલ્લના પગ તપસ્વી બ્રાહ્મણને અડી જાય તો તે ભિલ્લ નરકમાં પડે છે.

રાગી પુરુષને રૂપગુણવતી સ્ત્રીઉપર જેવો ગાઢ ભાવ હોય છે તેનાથી પણ અધિક ગાઢ ભાવ વિવેકીને સદ્ગુરુએ ને સતશાસ્ત્રે ઉપદેશ કરેલાં પારમાર્થિક સાધનો ઉપર હોય છે, તથા નાદશ્રવણમાં પ્રીતિ રાખનારા અવિવેકી જનોને સ્ત્રીઆદિના સંબંધનાં ગાનો કમનીય યુવતીના મુખેથી સાંભળવામાં જેવી પ્રીતિ હોય છે તેનાથી વિશેષ પ્રીતિ વિવેકીને સદ્ગુરુનાં વચનો સાંભળવામાં હોય છે.

મહૌષધથી મહાવ્યાધિની નિવૃત્તિ થતાં મહારોગીને જેવો આનંદ થાય તેનાથી અનેકગુણ આનંદ વિવેકીને બ્રહ્મધ્યાનવડે તીક્ષ્ણ વજ્રથી દુર્ભેદ ને મહાકલેશકારી ચિજ્જડની ગ્રંથિનું ભેદન થતાં થાય છે.

જેમ જન્માંધ મનુષ્યને કોઈ અલૌકિક ઉપાયથી નેત્રનો લાભ થતાં બાહ્ય વસ્તુઓનું સ્પષ્ટ દર્શન થાય છે તેમ મહાપ્રયત્નશીલ મહાપુરુષને જ્ઞાનરૂપ સાધનથી અનાદિ અજ્ઞાનની નિવૃત્તિ થતાં બ્રહ્મનો સંશયવિપર્યય રહિત સ્પષ્ટ સાક્ષાત્કાર થાય છે.

જે મનુષ્ય મૃત્યુપછી પાપીને પ્રાપ્ત થનારા સ્થાવર વૈતરણીનરકથી ભય પામતો હોય તેણે જીવતાંજ પોતાના ચિત્તમાં વિવેકવિરાગનું બળ વધારી જંગમ વૈતરણીનરકમાં રહેલી જન્મજન્માંતરની દૃઢ આસક્તિ ત્યજી દેવી જોઇએ. એ દૃઢ આસક્તિના ત્યાગથીજ મનુષ્યનો યોગમાં અધિકાર આવે છે.

યોગસાધકે પરમાત્માની સ્થૂલ ને સૂક્ષ્મ માયાનું સ્વરૂપ યથાર્થ ઓળખી તેનું સદાગ્રહવાળા પ્રયત્નથી અતિક્રમણ કરવું જોઇએ. પુરુષને માટે સ્ત્રી ને સ્ત્રીને માટે પુરુષ એ પરમાત્માની સ્થૂલમાયા છે, અને તે બંનેના અંતઃકરણમાં રહેલ પ્રમાદ તથા મોહ (અવિવેક) એ પરમાત્માની સૂક્ષ્મમાયા છે. એ બંને પ્રકારની માયાનું સ્વરૂપ યથાર્થ ઓળખવામાં બહુજ સૂક્ષ્મદષ્ટિની અગત્ય છે, અને તેનું અતિક્રમણ

કરવામાં અત્યંત સાવધાનતા, દૃઢતા, ને ધૈર્યની અપેક્ષા છે.

ભલે વૈદિકકર્મો કરો, ઉપપુરાણોસહિત પુરાણો વાંચો, વેદો ભણો, પૂર્વમીમાંસાનું અવલોકન કરો, ન્યાયવૈશેષિક વિલોકો, સાંખ્યયોગ વિચારો, ઉપનિષદો વિલોકો, ભગવદ્‌ગીતાનું પઠન કરો, ને બ્રહ્મસૂત્રો વાંચો, પણ હૃદયના શુદ્ધવૈરાગ્યવિના એ સર્વથી કાંઇ પણ વાસ્તવિક લાભ થતો નથી.

જેમ જે મનુષ્યના શરીરમાં સર્પનું કિંવા હડકાયા કૂતરાનું વિષ રહી ગયું હોય છે તે મનુષ્યને જ્યારે આકાશ વાદળાંઓથી ઘેરાય છે ત્યારે તે વિષજન્ય દુઃખની પ્રતીતિ થવા લાગે છે, અને જેમ ઉન્માદરોગવાળાને જ્યારે પૂર્વભણીનો શીતળ વાયુ વાવા લાગે છે ત્યારે ઉન્માદની વૃદ્ધિ થવા લાગે છે, તથા જેમ ભાંગ પીધેલા મનુષ્યને દીપદર્શનથી ભાંગની લહરો વધારે ચઢવા લાગે છે, તેમ વિષયવાસનારૂપ વિષ જેના ચિત્તમાં રહ્યું હોય છે તે મનુષ્યના સમીપમાં જ્યારે વિષયો વા વિષયોનાં ઉપકરણો આવે છે ત્યારે તેના ચિત્ત ને ઇંદ્રિયોમાં પ્રબળ ક્ષોભ ઉપજવા લાગે છે.

આ સંસારરૂપ ભયંકર ઘાટા અંધારામાં યોગપ્રદીપથીજ મોક્ષેચ્છુને પોતાનો મોક્ષમાર્ગ પ્રતીત થાય છે, અને તે યોગપ્રદીપજ તેને તેના માર્ગમાં નિર્વિઘ્ને આગળ વધવાની અનુકૂળતા કરી આપે છે, માટે પોતાનું વાસ્તવિક હિત ઇચ્છનારે વિષયેચ્છારૂપ વાયુથી એ યોગપ્રદીપને ઓલાવા દેવો નહિ.

યોગસાધકે પોતાના હૃદયની પવિત્રતામાં વધારો કરવામાટે પોતાના શત્રુઉપર પણ નિરંતર શ્રેષ્ઠ કરુણાનો ભાવ રાખવો. હૃદયની પવિત્રતાવિના યોગની સિદ્ધિ થતી નથી, એ વાતનું તેણે વારંવાર સ્મરણ રાખવું.

જેમ રાખ કરી નાંખેલા દેડકાના શરીરની પુનરુત્પત્તિ થતી નથી, તેમ દુષ્ટવાસનાઓનો ક્ષય કરી નાંખવાથી અંતઃકરણમાંથી ભવભ્રમણ વધારનારી વૃત્તિઓનો ઉદ્‌ભવ થતો નથી, માટે વિવેકી યોગસાધકે પોતાના ચિત્તમાંથી દુષ્ટ વાસનાઓનો ક્ષય કરી પોતાનું પરમહિત સાધવું.

મોક્ષાર્થીએ વાંસલાના જેવો તથા કરવતના જેવો સ્વભાવ ત્યજી રંદાના જેવો સ્વભાવ રાખવો ઉચિત છે. વાંસલાની ક્રિયા કેવળ સ્વાર્થયુક્ત છે, કરવતની ક્રિયા અર્ધ સ્વાર્થયુક્ત ને અર્ધ પરાર્થયુક્ત છે, ને રંદાની ક્રિયા સ્વાર્થરહિત પરાર્થયુક્ત છે.

સંસાર સત્યાનૃતમિશ્ર હોવાથી વિવેકીએ સારગ્રાહી બુદ્ધિ રાખી અનિંદ્ય પ્રયત્નવડે, ઘણા અનૃતમાં ગુપ્ત રહેલા એક સત્યને શીઘ્ર ન ઓળખી શકાય માટે, આરંભમાં સત્યાનૃત બંનેનો આદર કરી પછી મંત્રબળનિવારિણી ઔષધીની પ્રાપ્તિની પેઠે સત્યની પ્રાપ્તિ કરવારૂપ પોતાનું પરમહિત સંપાદન કરવું. મંત્રબળનિવારિણી ઔષધીનું ઉદાહરણ આ પ્રમાણે છેઃ—કોઇ મંત્રવિત્ સ્ત્રીને પ્રસંગોપાત્ત પોતાના પતિઉપર બહુ ક્રોધ ચઢ્યો, તેથી તેણે મંત્રના બળવડે પોતાના પતિને બળદ બનાવી દીધો. પશ્ચાત્ કેટલોક સમય વીત્યા પછી તેનો ક્રોધ શાંત થયો ત્યારે તેને વિચાર થયો કે મેં ક્રોધને વશ થઇ મારા પતિને બળદ બનાવ્યો તેમાં મોટી ભૂલ કરી છે. હું આ મંત્રને વાળી જાણતી નથી, તેથી હવે મારો પતિ જીવિતપર્યંત બળદજ રહેશે. હાયહાય! મેં મૂર્ખીએ હાથે કરીને મારો ભવ બગાડ્યો. એમ તે સ્ત્રી નિત્ય પશ્ચાત્તાપ કરતી, ને પોતાના બળદરૂપ થયેલા પતિને વગડામાં લીલું ઘાસ ચારવા લઇ જતી. એક વેળા તે સ્ત્રી પોતાના બળદરૂપ થઈ ગયેલા પતિને એક વટવૃક્ષની નીચે બેઠી બેઠી ચારતી હતી, ને રુદન કરતી હતી, તેને આકાશમાં ગમન કરતા એક દેવે તથા તેની પત્નીએ

જોઈ. તે દેવપત્નીએ પોતાના પતિને પૂછયું કેઃ—"હે પ્રભો ! આ સ્ત્રી શામાટે રુદન કરે છે ?" પોતાની પ્રિયાનાં તે વચનો સાંભળી દેવ કહે છેઃ—"હે પ્રિયે ! આ સ્ત્રીએ ક્રોધને વશ થઇ મંત્રના બળવડે પોતાના પતિને બળદ બનાવ્યો છે. તેની પાસે ચરતો આ બળદ ખરો બળદ નથી, પણ તેનો પતિ છે. તે મંત્રને વાળવાનું આ સ્ત્રીમાં સામર્થ્ય નથી, તેથી હવે તે પોતાના બળદ થઇ ગયેલા પતિને જોઈ પોતાના કર્મનો પશ્ચાત્તાપ કરે છે. સાહસકર્મ કોને પશ્ચાત્તાપમાં જોડતું નથી?" તે દેવપત્નીએ પુનઃ કહ્યું:—"હે પ્રાણનાથ ! કોઇ એવો ઉપાય નથી કે જે ઉપાયવડે આ બળદ પાછો પોતાના પૂર્વરૂપને પ્રાપ્ત થાય ?" તે પ્રશ્નના ઉત્તરમાં દેવ કહે છેઃ—"હે મનોરમે ! આ વટવૃક્ષની નીચે એક મંત્રબળનિવારિણી ઔષધીનો છોડ છે, તે છોડ જો આ બળદના ખાવામાં આવે તો તે પુનઃ પોતાના પૂર્વરૂપને પ્રાપ્ત થઇ શકે." એમ કહી તે બંને ત્યાંથી ઇચ્છિત સ્થાનભણી ગમન કરી ગયાં. દેવનાં તે વચનો પેલી સ્ત્રીના સાંભળવામાં આવ્યાં હતાં, તેથી તે સ્ત્રીએ વિચાર કર્યો કે આ તૃણના સમૂહમાં મંત્રબળનિવારિણી ઔષધીનો છોડ કયો છે તે હું જાણતી નથી, માટે હવે મારે આ વટવૃક્ષની નીચે જે ઘાસ છે તે ક્રમપૂર્વક કાપીકાપીને મારા પતિને ખવરાવવું, કેમકે એમ કરવાથી એ ઔષધી પણ મારા પતિના ખાવામાં આવશે, ને તેથી મારો પતિ પોતાના પૂર્વરૂપને પામશે, અને મારા દુઃખનો અંત આવશે. પછી તેણે તે પ્રમાણે ઘાસ કાપીકાપીને બળદરૂપ થયેલા પોતાના પતિને ખવરાવવા માંડયું. બીજે દિવસે તેણે જે ઘાસ કાપ્યું તેમાં તે ઔષધી પણ કપાઇ, ને તે બળદના ખાવામાં આવી, તેથી તે પોતાના પૂર્વરૂપને પામ્યો. આમ થવાથી તે સ્ત્રી ઘણી પ્રસન્ન થઇ, ને પોતાના પતિની પાસે પોતાના ઘોર અપરાધની અત્યંત દીન-

તાથી ક્ષમા માગી. તેના પતિએ તેને તેના દુષ્ટકર્મની ક્ષમા આપી. પછી તે બંને પોતાને ઘેર ગયાં. સર્વ ધર્મમાં ન્યૂનાધિક સત્ય હોય છે, માટે જિજ્ઞાસુ મનુષ્યે પોતાને જે ધર્મમાં રુચિ ઉપજે તે ધર્મનું આરંભમાં શુદ્ધભાવથી નિર્દોષરીતે પાલન કરવું, ને અન્યધર્મની નિંદા તજવી. આમ પ્રયત્ન કરતાં કરતાં તેના ચિત્તમાં વિવેકની વૃદ્ધિ થવાથી તેને સર્વ દુઃખના વિઘાતક ને પરમશાંતિ આપનાર નિર્દોષ સત્યધર્મનો લાભ મંત્રબળનિવારિણી ઔષધીની પેઠે અનાયાસે થઇ જશે, ને તે કૃતાર્થ થશે.

યોગાભ્યાસ કરવા ઇચ્છનારે પોતાના હૃદયને દારૂ જેવું—અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગરૂપ અગ્નિના તણખાથી શીઘ્ર ભડકો થઇ ઊઠે એવું—ન રાખવું, પણ શીતળ હૃદ જેવું—અનુકૂળપ્રતિકૂળ પ્રસંગરૂપ અગ્નિના તણખા આવી પડતાં તે ઓલાઇ જાય એવું—રાખવું.

વિષયવૈરાગ્યપૂર્વક અત્યંતઆદરસહિત અંતરાયરહિત દીર્ઘકાળપર્યંત યોગાભ્યાસ કરવાથી યોગ સિદ્ધ થઇ જ્યારે તે યોગસાધકને પરમાનંદરૂપ પરમતત્ત્વનો અપરોક્ષાનુભવ થાય છે ત્યારે તે મહાપુરુષ આવા ઉદ્‌ગારો કાઢવા ભાગ્યશાળી થાય છેઃ—"ચિત્ત ને ચૈત્ય—ચિત્તવડે કલ્પાતો આંતર પ્રપંચ તથા બાહ્ય પ્રપંચ—હવે બાધ પામ્યાં છે, હવે હું પૂર્વની પેઠે કામક્રોધાદિના તથા અંતઃકરણઇંદ્રિયોના રમકડારૂપ રહ્યો નથી, હવે મારે સ્ત્રીનું શું પ્રયોજન છે? કેમકે સ્ત્રીના લાભવડે મનુષ્યને જે સુખની પ્રાપ્તિ થાય છે તે સુખના કરતાં અસંખ્યગુણ સુખની પ્રાપ્તિ મને મારા આત્માના અપરોક્ષાનુભવથી થાય છે. હવે મારે પુત્રનું શું પ્રયોજન છે? કેમકે પુત્રવડે લોકમાં જે સુખ માનવામાં આવે છે તે સુખથી અનંતગુણ સુખ મને પ્રત્યગભિન્ન બ્રહ્મના સુદૃઢ અપરોક્ષાનુભવથી અનુભવાય છે, ને હવે મારે સુવર્ણાદિ વૈભિકધનનું

શું પ્રયોજન છે? કેમકે સુવર્ણાદિ લૌકિકધનવડે બહિર્મુખ મનુષ્યોને જે આનંદનું ભાન થાય છે તે આનંદનાથી અત્યંત અધિક આનંદનું ભાન મને બ્રહ્માત્મૈકયના સંશયવિપર્યયરહિત પ્રત્યક્ષજ્ઞાનથી થાય છે. આગળ મને કનક, કાંતા ને માનમાં બહુ પ્રીતિ રહેતી, પણ હવે તે સર્વ મને ઊજડ અરણ્યના જેવાં નીરસ પ્રતીત થાય છે. હવે હું વિનાશી મટી અવિનાશી થયો છું, જડરૂપ મટી ચેતનરૂપ થયો છું, અલ્પજ્ઞ મટી સર્વજ્ઞ—સર્વરૂપ બ્રહ્મને જાણનાર[1]—થયો છું, અજ્ઞાનયુક્ત મટી જ્ઞાનરૂપ થયો છું, દુઃખયુક્ત મટી સુખરૂપ થયો છું, પરિચ્છિન્ન મટી વિભુ થયો છું, ભયયુક્ત મટી કેવળ નિર્ભય થયો છું. પરતંત્ર મટી અત્યંત સ્વતંત્ર થયો છું, વિકારી મટી નિર્વિકારી થયો છું, સ્પૃહાવાળો મટી નિઃસ્પૃહ થયો છું, ને અપવિત્ર મટી પવિત્ર થયો છું. હવે જગતનો પ્રતિભાસ દૂર થઈ મને સર્વત્ર એકરસ ચિદાકાશ જણાય છે."

વિષયદોષદર્શનાદિકથન.

માંસ, રુધિર, પરુ, વિષ્ઠા, મૂત્ર, નાડી, મજ્જા, અસ્થિ, ચર્મ, શુક્ર, મેદ ને શ્લેષ્માદિક મલિન પદાર્થોના સમૂહરૂપ, દુર્ગંધવાળા ને

---

૧ મહાસાગરમાં કેટલાં ને કેવા કેવા પ્રકારનાં જળચરો છે, અરણ્યમાં કેટલાં ને કેવા કેવા પ્રકારનાં વૃક્ષ, છોડ, લતા, ને તૃણો છે, ઊમરાના ફળમાં કેટલાં મચ્છરો છે, સાગરના તટપરની વેણુના કણની સંખ્યા કેટલી છે, ને આકાશમાં કેટલા ને કેવી કવી આકૃતિ તથા પરિમાણવાળા તારાઓ છે, ઈત્યાદિ સર્વ વસ્તુઓનું જેને જ્ઞાન હોય તે સર્વજ્ઞ એમ વિવેકીઓ માનતા નથી, પણ જેને પોતાના, જગતના, ને પરમેશ્વરના વાસ્તવિક સ્વરૂપનું—બ્રહ્મનું—જ્ઞાન થયું છે, જેણે મોક્ષનું સ્વરૂપ ને મોક્ષનાં સાધનો જાણ્યાં છે, અને જે અધિકારીને તેનો ઉપદેશ કરવા સમર્થ છે, તે સર્વજ્ઞ છે, એમ તેઓ માને છે.

નિઃસાર એવા આ સ્થૂલશરીરમાં અતિ અનુરાગ રાખવો એ સમજુને ઉચિત નથી. જેમ સમુદ્રનો પાર પામવામાટે લેવામાં આવતા વહાણમાં માણસો હુંપણાની બુદ્ધિ કરતાં નથી, તેમ સંસારનો પાર પામવામાટે ગ્રહણ કરવામાં આવતા શરીરમાં પણ હુંપણાની બુદ્ધિ કરવી યોગ્ય નથી. દેહરૂપી અસારવનમાં વિઘ્નોરૂપી અનેક ખાડાઓ છે, રુંવાડાંરૂપ અસંખ્ય ઝાડો છે, કામરૂપ સિંહ છે, મનોરાજ્યરૂપ વાનરાઓ છે, ઇંદ્રિયોરૂપી અન્ય પશુપક્ષિઓ છે, ને તૃષ્ણારૂપી નાગણી છે. લાંબી લાંબી નસોરૂપ દોરીઓથી ઘેરાયેલું, લોહીરૂપ પાણીથી થયેલા કાદવવાળું, જરાવસ્થારૂપ ચૂનાથી ધોળું લાગનારું, ચિત્તરૂપી ચાકરે કરેલા ઉપાયોથી ટકી રહેનારું, અને મિથ્યામોહરૂપ આડંબરવાળું આ શરીરરૂપી ઘર જિજ્ઞાસુને પ્રિય લાગે એવું નથી. વિષયોરૂપ મેલાં વાસણોવાળું, અજ્ઞાનરૂપી લુણાવાળું, ખુંટીઓરૂપ કુંભીઓના આધારથી રહેલા સાથળોરૂપ થાંભલાઓથી ટકી રહેનારું, ચિંતારૂપી ઘણી પૂતળીઓવાળું, કેશરૂપી વરણથી ઢંકાયેલી કાનરૂપી મેડીઓવાળું, આંગળીઓરૂપી ખીંતીઓવાળું, કદી પૂરાય નહિ એવી પેટરૂપી ખાડવાળું, નખરૂપ કરોળીઆના નિવાસવાળું, ભૂખરૂપી કૂતરીએ ગજાવી મૂકેલ, છિદ્રોરૂપી મોટા મોટા ગોખવાળું, દાંતરૂપ હાડકાઓના કડકાસહિત મુખરૂપ દ્વારવાળું, ચામડીરૂપી ચૂનો ચોપડવાથી લીસું, રુંવાડાંરૂપ જવારાવાળું, ક્ષણમાત્રમાં મંદહાસ્યરૂપ દીવાની કાંતિના પ્રકાશથી આનંદ આપતું અને ક્ષણમાત્રમાં શોકરૂપ અંધકારના સમૂહથી વ્યાપ્ત થતું, સઘળા રોગોના રહેઠાણરૂપ, વલી (ચામડીમાં પડતી કરચલી) તથા પલિત (પળીઆં) ના સ્થાનરૂપ, ને ભયંકર ચિંતાઓને રહેવાના વનરૂપ આ શરીરરૂપી ઘર મુમુક્ષુએ ઉપેક્ષા કરવાયોગ્ય છે. ઇંદ્રિયોરૂપી રીંછોની ગડબડથી વિષમ, ઉજડ, નિઃસાર

ખાડાઓવાળું, ને અંધકારથી ઘેરાયેલી દિશાવાળું આ શરીરરૂપી જંગલ મોક્ષેચ્છુને પ્રીતિનો વિષય થાય એવું નથી. બહાર અને અંદર લોહીમાંસાદિથી ભરેલા અને જેનો મરણજ ધર્મ છે એવા દેહમાં રમણીયપણું ક્યાંથી હોય? પાળીપોષીને મોટું કરેલું તથા રાજી રાખેલું શરીર મરવાના સમયમાં જીવની સાથે જતું નથી, માટે તે કૃતઘ્ન છે. વિષયસંબંધનાં સુખો અને દુઃખો વારંવાર એનાં એજ આવ્યાં કરે છે, તેનો વારંવાર અનુભવ કરતાં છતાં પણ આ પામર દેહ લજાતો નથી. ભોગો ભોગવનારનું શરીર તથા દરિદ્રીનું શરીર બંને સરખાંજ છે, કારણ કે ઘડપણના સમયમાં ઘરડાં થાય છે, અને મરવાના સમયમાં મરી જાય છે. અજ્ઞાનના વિકારરૂપ, સ્વપ્નજેવી ભ્રાંતિઓના આધારરૂપ, પાણીના પરપોટાની પેઠે જેનો નાશ અતિ સ્ફુટ છે એવા આ શરીરમાં વિદ્વાનોને વિશ્વાસ કેમ સંભવે? જેણે વિજળીઓમાં, શરદઋતુના વાદળાંઓમાં અને ગંધર્વનગરોમાં સ્થિરતાનો નિશ્ચય કર્યો હોય તે માણસ ભલે શરીરની સ્થિરતાનો વિશ્વાસ રાખે. આ અસાર શરીરની બાલ્ય, યૌવન ને વૃદ્ધ એમ ત્રણ અવસ્થાઓ થાય છે. એ અવસ્થાઓ પણ દુઃખરૂપજ છે. ચંચળ-સ્વભાવવાળા અને જેમાં કામકાજના આગ્રહરૂપી અનેક તરંગો ઉછ-ળ્યા કરે છે એવા સંસારરૂપી સાગરમાં અશક્તિ, આપદાઓ, ખાવા-પીવાની તૃષ્ણા, મુંગાપણું, મૂઢપણું, લાલચુપણું, ચપળપણું અને જોઇતી વસ્તુ ન મળે તો દીનપણું એ આદિ દુઃખોવાળી બાલ્યાવસ્થા દુઃખરૂપજ છે. જેમ ખીલો હાથીઓને બંધાવાના સ્થાનરૂપ છે, તેમ બાલ્યાવસ્થા માણસોને રોષ તથા રોવાથી ત્રાસદાયી અને દીનતા-ભરેલી દુર્દશાઓમાં બંધાવાના ઠેકાણારૂપ છે. એ અવસ્થામાં ખાવા-પીવાની અને શૌચ જવાની રીતિ સર્વે લોકો ધિક્કારે એવી હોય છે.

રમતોમાં, નીચ વિલાસોમાં, નીચ ચેષ્ટાઓમાં, ને નીચ અભિપ્રાયમાં સારાપણાની ભ્રાંતિથી બાલકની પ્રવૃત્તિ થાય છે. જેમ ઊંડા ખાડાઓમાં ઘૂડ તથા ભૈરવ આદિ રજનીચર પ્રાણીઓ ભરાઇ રહે તેમ દોષો, દુરાચારો અને દુષ્ટ ચિંતાઓ બાલ્યાવસ્થામાં ભરાઇ રહે છે. જેમ રેતાળ પ્રદેશ ગ્રીષ્મઋતુના તાપથી નિરંતર તપે છે, તેમ બાલક મનોરથોથી ઉન્મત્ત થએલા બળવાન્ મનથી તપે છે. આ બાલ્યાવસ્થા ભય, અવિવેક અને અપવિત્રતાના સ્થાનરૂપ છે. બાલ્યાવસ્થાપછી પ્રાપ્ત થતી યુવાવસ્થા પણ દુઃખરૂપજ છે. આ અવસ્થામાં અનંત ચેષ્ટાવાળા પોતાના ચંચળ ચિત્તની રાગદ્વેષઆદિ અનેક વૃત્તિઓનો અનુભવ કરતો મૂર્ખ પુરુષ નાનાપ્રકારનાં દુઃખોનો અનુભવ કરે છે. અંતઃકરણરૂપી ગુફામાં રહેલો અને ઘણા પ્રકારની ભ્રાંતિ ઊપજાવનારો કામદેવરૂપ પિશાચ યુવાવસ્થાવાળા પુરુષને પરવશ કરીને બલાત્કારથી દબાવે છે. આ અવસ્થામાં પ્રાયશઃ સ્ત્રીઓના અવયવોનું તથા તેમના વિલાસોનું તેમજ દ્રવ્ય સંપાદન કરી નાનાપ્રકારના વિષયોપભોગ કરવાનુંજ ચિંતન થયા કરે છે. આ યુવાવસ્થારૂપ રાત્રિ હોય ત્યાંસુધીજ બહુધા અનંત પ્રકારના માયિક વિષયોના રાગદ્વેષરૂપી પિશાચો ઉન્મત્તપણે વિચર્યા કરે છે. વિનય, વિવેક, સદ્ધર્મમાં અનુરાગ, વૈરાગ્ય, શમ ને દમાદિ શુભ ગુણો આ અવસ્થામાં ભાગ્યેજ જોવામાં આવે છે. યુવાવસ્થાને ગળી જનારી વૃદ્ધાવસ્થા છે. એ વૃદ્ધાવસ્થા પણ દુઃખના ભંડારરૂપજ છે. ખાવામાં આવેલો વિષનો કડકો જેમ શરીરના રૂપને બગાડી નાંખે છે, તેમ સઘળાં અંગોને નિર્બળ કરનારી જરાવસ્થા પણ શરીરના રૂપને તુરત બગાડી નાંખે છે. આ અવસ્થામાં ઘણું કરીને બુદ્ધિ પણ નિર્બલ થઈ જાય છે. સ્ત્રીઓ, પુત્રો, બાંધવો, સંબંધીઓ, દાસો અને બીજાં માણસો જેમ ગાંડા માણસની હાંસી કરે, તેમ વૃદ્ધાવસ્થાએ ધ્રુજાવેલા માણસની

હાંસી કરે છે. જોતાં પણ ન ગમે એવા, ખળભળી ગયેલા, રાંકપણું પામેલા સદ્દગુણ તથા શક્તિથી રહિત થએલા અજ્ઞાની વૃદ્ધઉપર જેમ જૂના ઝાડપર ગીધ પક્ષી આવીને બેસે તેમ અપૂર્વ તૃષ્ણાનો મોટો ભાર આવીને બેસે છે. આ તૃષ્ણા દીનતાઆદિ દોષોથી ભરેલી, લાંબી, હૃદયમાં બળતરા આપનારી અને સઘળી આપદાઓની મુખ્ય સખીરૂપ છે. આ અવસ્થામાં ચિંતા, દીનતા ને ભય એનો ચિત્તમાં વધારો થયા કરે છે. વૃદ્ધાવસ્થામાં ખાવાની તૃષ્ણા ઘણીજ વધે છે, અને ખાઇ શકાતું નથી, તેથી તથા અશક્તપણાથી ચિત્ત બળ્યા કરે છે. જેમ સાયંકાળની પછવાડે અંધકાર દોડયો આવે છે, તેમ જરાવસ્થાની પછવાડે કાળ દોડયો આવે છે. જરારૂપી કળીચૂનો દેવાથી ધોળા થયેલા શરીરરૂપી અંતઃપુર (જનાના) માં અપવિત્રતા, અશક્તિ, પીડા ને આપદા આ ચાર રાણીઓ મોટા સુખથી રહે છે. ચંચળ પાનડાના ખૂણાની અણીપર લટકતા જલના કણની પેઠે ક્ષણભંગુરપણાવાળું આયુષ્ય ગાંડાની પેઠે બિચારા શરીરને ત્યજી ચાલતું થાય છે. કોઇ અપૂર્વ ઉપાયથી કદાપિ પવનને વીંટી શકાય, આકાશને પણ ત્રોડી શકાય, તરંગને, પ્રતિબિંબના ચંદ્રને, વિજળીના સમૂહને તથા આકાશના કમળને પકડી શકાય, અને તરંગોને પણ ગુંથી શકાય, પરંતુ આયુષ્યનો વિશ્વાસ કદાપિ પણ રાખી શકાય એમ નથી. શરદ-ઋતુના વાદળાના જેવું અલ્પ, તેલવિનાના દીપકના જેવું નાશમાં તત્પર અને તરંગોની પેઠે ચપલતાવાળું આયુષ્ય જોતજોતામાં ચાલ્યું જાય છે. જેમ ઉંદર નિરંતર ધીરે ધીરે જૂના ખાડાને ખોદ્યા કરે છે, તેમ કાળ નિરંતર ધીરે ધીરે આયુષ્યને ખોદ્યા કરે છે. શરીર-રૂપી દરમાં રહેનારા અને ઝેરના જેવી બળતરા દેનારા રોગોરૂપી સર્પો આયુષ્યરૂપી પવનને પીયા કરે છે. જેમ વ્યભિચારી પુરુષ રૂપ ઉપર

તાકયા કરે છે, તેમ કાળ કે જે દુઃખ, જરા અને જવરાદિ રોગોને મિત્ર છે, તે નિત્ય આયુષ્ય ઉપર તાકયા કરે છે.

મૈથુનથી ઉત્પન્ન થયેલ, શુક્રશોણિતના બિંદુરૂપ, નરકતુલ્ય માતાના ઉદરમાં ક્રમથી વૃદ્ધિ પામેલ, કેશ લોમ ને નખથી આચ્છાદિત થએલ, નવ દશ કિંવા કવચિત્ તેથી પણ અધિક માસ થયે માતાના મૂત્રદ્વારથી નીકળેલ, અસ્થિથી ઉભું રહેલ, માંસથી લીંપાએલ, ચામડીથી ઢંકાએલ, વિષ્ઠા, મૂત્ર, પિત્ત, કફ, મજ્જા, મેદ, વસા ને લોહીના ભંડારરૂપ નાના પ્રકારના રોગોના સ્થાનરૂપ ને જરામરણના ભયથી ઘેરાયેલ પ્રસિદ્ધ જંગમનરકરૂપ આ સ્થુલશરીરમાં વિવેકીને હુંપણાનું અભિમાન રાખવું ઘટતું નથી.

સ્ત્રીઓનાં સ્થુલશરીરો પણ હાડમાંસાદિનાં બનેલ હોવાથી અપવિત્ર અને પ્રીતિ કરવાને અયોગ્ય છે. સ્ત્રીના જે જે અવયવો કામીજનોને પોતાના અજ્ઞાનિપણાથી સુંદર જણાય છે, તે સર્વ અવયવો લાળ, શ્લેષ્મ, મૂત્ર, માંસ કે લોહીથી ભરેલા છે. આ વસ્તુમાં ઇચ્છવાયોગ્ય વસ્તુ કયી છે? કોઈ પણ નથી. સ્ત્રીશરીરમાં જીવને અનંતકાળનો અનુરાગ છે, તે અનુરાગ સ્ત્રીશરીરમાં રહેલા દોષોનું વારંવાર સ્મરણ રાખીને તથા મહાનિષ્કામી પુરુષોનાં પવિત્ર ચરિત્રોનું સ્મરણ રાખીને દૂર કરવો જોઇએ. સ્ત્રી એ ભગવાનની પ્રત્યક્ષ માયા છે. એ સ્ત્રીનો સંગ કરવાની દુર્ભાવનાનો જેણે મન, વાણી અને શરીરથી યથાર્થ રીતે ત્યાગ કર્યો છે, અને યાવજ્જીવન જે એ પ્રમાણે પોતાના શુદ્ધત્યાગનો નિર્વાહ કરે છે, તે ભગવાનની માયાને તરી ગયા છે એમ સમજવું.

ધનમાં પણ નાનાપ્રકારના દોષો રહેલા છે. પ્રથમ તો ધનનો સંચય કરવામાં પરતંત્રતાદિક અનેક દુઃખો રહેલાં છે. વળી તેના રક્ષણ-

માટે રાત્રિજાગરણઆદિ ઘણા ક્લેશ સહન કરવા પડે છે, તથા તે ધનનો જો વ્યય થઇ જાય અથવા નાશ થઇ જાય તો ઘણું દુઃખ થાય છે. આ પ્રમાણે દ્રવ્ય દુઃખદાતાજ છે. માત્ર આ સંસારમાં મૂઢ લોકો તેની સ્થિતિને સર્વોત્કૃષ્ટ ગણે છે. જેમ વર્ષાઋતુમાં નદી ઘણાજ ઉછળતા, મલિન અને જડ કરી નાંખે એવા અનેક મોટા મોટા તરંગોને ધારણ કરે છે, તેમ લક્ષ્મી પણ ઘણાજ ઉછળતા, મલિન અને જડ કરી નાંખે એવા રાગદ્વેષાદિક અનેક મોટા મોટા તરંગોને ધારણ કરે છે. જેમ પગમાં અગ્નિના અંગારાથી દાઝી ગયેલી સ્ત્રી એક ઠેકાણે પગ નહિ રાખતાં અયોગ્યરીતે આમતેમ દોડ્યા કરે, તેમ ચિંતારૂપી ઘણી દીકરીઓને ઉત્પન્ન કરનારી લક્ષ્મી પણ એક ઠેકાણે સ્થિર નહિ રહેતાં અયોગ્યરીતે આમતેમ દોડયા કરે છે. દીવાની શિખાની પેઠે લક્ષ્મી પોતાના એક ભાગનો સ્પર્શ થવાથી પણ મોટી બળતરાને ઉપજાવે છે, તથા પોતાની અંદર વિનાશરૂપ કાજળનેજ ધારણ કરી રહે છે. લક્ષ્મીએ માણસને જ્યાંસુધી કઠિન કર્યો ન હોય ત્યાંસુધીજ તે સ્વજનને તથા પરજનને શીતળ તથા કોમળ લાગે છે. જેમ ધૂળની મૂઠી ગમે તેવા ઉત્તમ મણિઓને પણ મલિન કરી નાંખે છે, તેમ લક્ષ્મી પણ શૂર, વિચક્ષણ, કરેલા ઉપકારને જાણનાર, ઉદાર અને કોમળ માણસોને પણ મલિન કરી નાંખે છે. આ લક્ષ્મી ઘણા ક્લેશરૂપી સર્પોને વિષમ તથા ગહનપણાવાળી ગુહારૂપ છે, મોહરૂપી મસ્ત હાથીઓને વિંધ્યાચલની તળાટીરૂપ છે, સારાં કર્મરૂપી કમલોને રાત્રિરૂપ છે, નઠારાં કર્મરૂપ પોયણીને ચાંદનીરૂપ છે, દયારૂપ દીપકને વંટોળીઆવાયુરૂપ છે, વિકારોરૂપી તરંગોની નદીરૂપ છે, ભય સહિત ખેદ ઉત્પન્ન કરવામાં નાગણીરૂપ છે, વૈરાગ્યરૂપી કોમળ લતાઓને હિમરૂપ છે, કામક્રોધઆદિ ઘૂડોને રાત્રિરૂપ છે, મેઘધનુષ્યની પેઠે ચંચલતા-

માળા અનેક રંગોથી મનને હરણ કરનારી છે, ઉપજીને શીઘ્ર જતી રહેનારી તથા જડનો આશ્રય કરનારી છે, ગ્રીષ્મઋતુના મૃગજલના કરતાં પણ વધારે ઠગનારી છે, અકસ્માત્ દુર્દશામાં નાંખનારી છે અને ખડ્ગની ધારાની પેઠે ટાઢી, તીક્ષ્ણ તથા તીક્ષ્ણ હૃદયવાળાનો આશ્રય કરનારી છે.

દ્રવ્યાદિમાં રહેલી તૃષ્ણા પાપકર્મથીજ પ્રસન્ન થનારી છે. એ તૃષ્ણા ભુમિને ખોદાવે છે, રસાયણમાટે પર્વતના હરતાલઆદિ ધાતુઓને બળાવે છે, જડીબુટ્ટિઓ શોધાવે છે, ચપલ ચિત્તવાળા તથા પ્રાયશઃ દુર્જનોને ચાહનારા સજ્જનોની બહુ યત્નથી સેવા કરાવે છે, અતિ દૂર દેશમાં સમુદ્રનું ઉલ્લંઘન કરાવીને મોકલે છે, સ્મશાનમાં મંત્રજપમાં રાત્રિઓ ગળાવે છે, યક્ષાદિના સાધનમાં જોડે છે, ધિક્કાર અને અપમાનને સહન કરાવે છે, વિષમદેશની યાત્રાઓ કરાવે છે, ને જાતિકુળનું અભિમાન તજાવી નીચની અયોગ્ય સેવામાં જોડે છે. આ તૃષ્ણારૂપી બેડી અદ્ભુત છે, કે જે બેડીમાં પડેલો દેશદેશાંતરોમાં ભમ્યા કરે છે, ને તેનાથી છૂટેલો સ્થિર રહે છે. વિવેક આદિને ઢાંકી દેવામાં અંધારી રાત જેવી અને જેનો છેડોજ આવતો નથી એવી તૃષ્ણાને લીધે ચિત્તરૂપી આકાશમાં કામ ક્રોધાદિ ઘૂડ પક્ષિઓ ઉડ્યા કરે છે. અવિવેકરૂપી અંધારાથી ભરપૂર અને શૂન્યપણાવાળા ચિત્તરૂપી મોટા જંગલમાં આશારૂપી પિશાચણી નાચ્યા કરે છે. મિથ્યાભાષણઆદિરૂપ તરંગોના મોટા શબ્દોવાળી, કપટરૂપ નદી શરીરરૂપ પર્વતમાં વહ્યા કરે છે. અંતઃકરણરૂપી બપૈયો એકાગ્રતારૂપી જલનું પાન કરવાસારુ પોતાની ચંચળતાને રોકવા તયાર થાય છે, તેટલામાં જેમ મલિન પ્રચંડ વાયુ ખડના તણખલાને ક્યાંઈ લઇ જાય તેમ મલિન તૃષ્ણા તેને ક્યાંઇ લઈ જાય છે. જેમ

ઉંદર વસ્ત્ર કાપી નાંખે છે, તેમ વૈરાગ્યઆદિગુણો સંપાદન કરવાના ઉત્સાહને તૃષ્ણા કાપી નાંખે છે. તૃષ્ણા કાળી રાત્રિની પેઠે ધીરને પણ બીવરાવે છે, દેખતાને પણ આંધળો કરી દે છે, અને આનંદવાળાને ખેદ યુક્ત કરે છે. તૃષ્ણા કાળી સર્પિણીના જેવી કુટિલ છે, કોમલ સ્પર્શવાળી છે, વિષ ભરેલી વિષમતાવાળી છે, અને લગાર સ્પર્શ થાય તો પણ કરડી ખાય છે. જેમ પહાડની ગુફામાં ઉપજેલી કોઈ લતા સર્વદા અત્યંત મલિન, કડવી, સંસર્ગ કરનારનું માથું ફેરવી દેનારી, લાંબાં લાંબાં ગુંચળાંવાળી અને બહુ ચિકાશવાળી હોય છે, તેમ તૃષ્ણા પણ સર્વદા અત્યંત મલિન, કડવી, સંસર્ગ કરનારનું માથું ફેરવી દેનારી, લાંબાંલાંબાં ગુંચળાંવાળી, અને બહુ ચિકાશવાળી હોય છે. તૃષ્ણારૂપી ચંચલ ઢેલ મોહરૂપ વરસાદનું આવરણ થાય ત્યારે નાચે છે, અને એ આવરણ મટી જઇને વિવેકરૂપ પ્રકાશ થાય ત્યારે શીતલ થઇ જાય છે તથા કોઇથી ન પહોંચી શકાય એવા સ્થાનોમાં નિવાસ કરે છે. હૃદયરૂપ કમલમાં નિવાસ કરનારી તૃષ્ણારૂપ ભમરી ક્ષણ માત્રમાં દિશાઓરૂપ વનોમાં ભ્રમણ કરે છે. પશુઓને બાંધવાની લાંબી દોરી જેમ સઘળાં પશુઓનાં ગલાંઓને બાંધી લે છે, તેમ તૃષ્ણાએ સંસારમાં વ્યવહાર કરનાર સઘળા જીવોના મનને બાંધી લીધેલાં છે. તૃષ્ણા સદ્‌ગુણરૂપી ધાન્યોને કરાની વૃષ્ટિરૂપ છે. વિપત્તિરૂપી ધાન્યોને ફલિત કરવામાં શરદૃઋતુરૂપ છે. બોધરૂપ કમલોને હિમરૂપ છે, મોહરૂપ અંધકારોને શીતકાળની રાત્રિરૂપ છે, સંસારરૂપ નૃત્યશાળામાં નૃત્ય કરનારી છે, મનરૂપી જંગલની હરિણીરૂપ છે, કામદેવની ગાયનની વીણારૂપ છે, મોહરૂપી હાથીને દૂર નહિ જવા દેવાની સાંકળ રૂપ છે, સૃષ્ટિરૂપ વડની વડવાઇરૂપ છે. ને દુઃખરૂપ પોયણીઓને ચાંદનીરૂપ છે. જેમ ઘાટા અંધારીવાળી રાત મટે ત્યારે

રાક્ષસોની નિવૃત્તિ થાય છે, તેમ ઘાટા મોહવાળી તૃષ્ણા મટે ત્યારે સર્વ પરિશ્રમ નિવૃત્ત થાય છે. જ્યાંસુધી તૃષ્ણારૂપ વિષમય વિષૂચિકા (કોલેરા) મટે નહિ ત્યાંસુધી લોકો મુંઝાયા કરે છે, સારી વાતો કરી શકતા નથી, અને મનમાં મલીન રહે છે. તૃષ્ણા મેરુપર્વતના જેવી દૃઢતાવાળાને, મહા વિચક્ષણને, શૂરને અને કોઇ વસ્તુને ગ્રહણ નહિ કરવાના નિયમવાળા ઉત્તમ જનને પણ આંખ મીંચીએ એટલી વારમાં તણખલાજેવો કરી નાંખે છે. કોઇથી કપાય નહિ એવી તૃષ્ણાને પણ મોટી નિર્મલ બુદ્ધિવાળા પુરુષો વિવેકરૂપ નિર્મલ ખડ્ગથી કાપી નાંખે છે.

પુત્ર પણ વાસ્તવિક રીતે જોઇએ તો બહુધા માતાપિતાને દુઃખ આપનાર છે. પુત્રની અપ્રાપ્તિના સમયમાં મંત્ર, યંત્ર, પીપલપૂજન આદિ પ્રયત્નોવડે માતાપિતાને અનેક કલેશ થાય છે. જેમ જેને હડકવા થયો હોય કિંવા જેના માથામાં કીડા પડયા હોય એવું શ્વાન દુઃખને લીધે જ્યાં ત્યાં દોડયા કરે છે, તેમ પુત્રની અપ્રાપ્તિના કાલમાં માતાપિતા માંત્રિકો, જોષિઓ, ભુવાઓ, વૈદ્યો, જોગીઓ ને જતિઓ આદિની પાસે પુત્રપ્રાપ્તિના સ્વાર્થમાટે દોડયા કરે છે, ને તેમને રાંક થઇને કરગરે છે. નવી નવી ક્ષણિક શ્રદ્ધાઓ બાંધે છે ને ત્યજે છે, તથા અયોગ્ય કાર્યમાં પણ પુત્રપ્રાપ્તિમાટે પ્રવૃત્તિ કરે છે. ગર્ભ રહ્યા પછી ગર્ભપાતની ચિંતા નિરંતર દુઃખ આપ્યા કરે છે. ગર્ભપાત ન થતાં જો પ્રસવકાલની પ્રાપ્તિ સમીપ આવે તો પુત્ર આવશે કે પુત્રી આવશે એ ચિંતા હૃદયને બાળવા માંડે છે. પ્રસવકાલમાં માતાને અત્યંત પીડા થાય છે. જન્મકાલે જો કોઈ નઠારો ગ્રહ આવ્યો હોય તો તેની પીડા માતાપિતાને થયા કરે છે. દાંત ઉગવા, શીતળા નીકળવાં ઇત્યાદિ રોગો પુત્રને થાય ત્યારે માતાપિતાના જીવને બહુ ઉચાટ થાય છે. કુમાર

અવસ્થામાં પુત્રના મૂર્ખપણાથી ને પછી અવિદ્વાનપણાથી દુઃખ થાય છે. કદાચ વિદ્વાન્ થાય તો તેના વિવાહવિના ખેદ થાય છે. વિવાહ થયા છતાં પણ પુત્ર જો વ્યભિચારી હોય તો તે વિષેનું દુઃખ થયા કરે છે અને કુટુંબવાળો થવાથી દરિદ્રી થાય તો તે પણ ક્લેશનું કારણ થાય છે. તેમજ જો ધનવાન્ કિંવા કમાઉ થઇને તે મરણ પામે તો માતાપિતાના દુઃખનો પાર રહેતો નથી. આવી રીતે પુત્ર સર્વદા દુઃખરૂપ છે.

ગૃહ, ક્ષેત્ર, બાગબગીચા, નાના પ્રકારનાં વાહનો તથા નાના પ્રકારનાં વસ્ત્રાલંકાર એ સર્વ પદાર્થો પણ હાનિવૃદ્ધિદ્વારા પોતામાં મમતા રાખનારને હર્ષશોક ઉપજાવનારા છે. માટે તેઓ દુઃખરૂપજ છે.

આયુષ્ય અત્યંત ચંચલ છે, બાલ્યાવસ્થા મોહમાંજ જતી રહે છે, જુવાની ઘણા વેગથી ચાલી જાય છે, સંબંધીજનો બંધનરૂપ છે, મનુષ્યો વિષયોની ચિંતામાં ઘેરાયેલા છે, વિષયભોગો રોગજેવા છે, તૃષ્ણાઓ મૃગજળ જેવી છે, અંતઃકરણ અને ઇંદ્રિયો શત્રુપણું કરે છે, મનના વિલાસો સ્ત્રી અને દ્રવ્યમાંજ લાગ્યા કરે છે, ઇચ્છાઓ કેવલ વિષયોનીજ થાય છે, જે સાચું છે તે ખોટારૂપ સમજાયા કરે છે, પદાર્થો ક્ષણભંગુર તથા વિનાશ પામવાના સ્વભાવવાળા છે, સદ્વિચાર રજોગુણથી હણાઇ જાય છે, વારંવાર પાપકર્મ મનમાં આવ્યા કરે છે, મરણ આવવાને તૈયાર રહે છે, શરીરમાં આવેલી વૃદ્ધાવસ્થા બહુ દુઃખ દેનારી જણાય છે, કોઇ મનુષ્યનું સુખ અવિચલ જોવામાં આવતું નથી, ને સર્વ પદાર્થો જવા આવવાના સ્વભાવવાળા તથા માત્ર ઉપરથીજ રમણીય જણાનારા છે, તો આવા સંસારમાં પ્રાણિઓને બહારના વિષયોથી સ્થાયી સુખ ક્યાંથી મળે ?

ભૂતાકાશ નાશ પામે છે, ભુવનોનો ક્ષય થાય છે, પૃથ્વીનો પ્રલય

થાય છે, સમુદ્રો સૂકાઈ જાય છે, તારાઓ વિંખાઈ જાય છે, ચંદ્ર શૂન્ય થઇ જાય છે. સૂર્ય ખંડિત થઇ જાય છે, ધ્રુવ અધ્રુવ થાય છે, વાયુ સત્તાવિનાનો થઇ જાય છે, અગ્નિ અભાવને પામે છે. સિદ્ધ-લોકો નાશ પામે છે, દાનવો ચિરાઇ જાય છે. દેવતાઓ માર્યા જાય છે, યમ પણ કાળને અધીન થાય છે, ઇંદ્ર હણાઇ જાય છે, બ્રહ્મા સમાપ્ત થાય છે, વિષ્ણુ હરાય જાય છે, ને રુદ્ર પણ અભાવને પામે છે. તો માણસના શરીરની સ્થિતિનો વિશ્વાસ ક્યાંથી હોય ?

આ સઘળું સ્થાવરજંગમ જગત્ સ્વપ્નમાં મળેલી સભાના જેવું અસ્થિર છે. સૂકાયેલા સમુદ્રજેવો મોટો ખાડો કાળે કરીને વાદળાં-ઓથી વિંટાયેલો મોટો પહાડ થઇ જાય છે, મોટા મોટા પર્વતો કાળે કરીને પૃથ્વીની બરાબર થઇ જાય છે, કિંવા સમુદ્રના તળીઆરૂપ થઈ જાય છે. મોટાં મોટાં નગરો ઉજ્જડ થઇ જાય છે ને ઉજ્જડ પ્રદેશમાં ભવ્ય નગરો વસવા માંડે છે. સુંદર લતાઓ, વનસ્પતિ અને વૃક્ષોવાળાં વનો દિવસો જતાં વૃક્ષ અને જલવિનાની પૃથ્વીરૂપ થઇ જાય છે. જલ સ્થલરૂપ થઈ જાય છે, અને સ્થલ જલાશયરૂપ થઇ જાય છે. જ્યાં ભયંકર વન જોવામાં આવતું હોય કિંવા સમુદ્રના મોટા મોટા તરંગો જોવામાં આવતા હોય ત્યાં કાળે કરીને મોટાં મોટાં નગરો વસેલાં જોવામાં આવે છે. જે સુંદર શરીર આજે રેશમી વસ્ત્રોથી, પુષ્પમાલાઓથી, ચંદનોથી ને રત્નજડિત સુવર્ણના અલંકારોથી શણ-ગારેલું હોય તેજ શરીર કેટલેક કાળે નગ્ન, દૂરના ખાડામાં પડેલું તથા વિંખાએલું જોવામાં આવે છે, કિંવા ભસ્મનો ઢગલો થયેલું જોવામાં આવે છે. બાલ્યાવસ્થા, જુવાની, શરીર અને પદાર્થોના સમૂહો અનિત્ય છે. અને તેઓ તરંગોની પેઠે નિરંતર એક સ્વભાવને છોડી બીજા સ્વભાવને પ્રાપ્ત થયા કરે છે. જેમ ઓવાળનાં ઝાડાંઓનો

સમૂહ તરંગોથી ફેરફાર પામ્યા કરે છે, તેમ આ પ્રાણિઓનો સમૂહ કર્મોની ગતિથી નિરંતર ફેરફાર પામ્યા કરે છે. જીવન ઘણા વાયુમાં રહેલી નાના દીપકની શિખાજેવું ચપળ છે, અને સર્વ પદાર્થોની શોભા વીજળીના ઝબકારાજેવી છે. તે દિવસો, તે વૃદ્ધો, તે સંપત્તિઓ અને તે ક્રિયાઓ એ સઘળું જેમ માત્ર સ્મરણમાંજ રહેલ છે, તેમ વર્તમાનકાળનાં મનુષ્ય આદિ પણ થોડા કાળમાં લોકોના સ્મરણમાંજ રહેશે. માતા અન્ય જન્મમાં સ્રીના જન્મને પામે છે, ને સ્રી અન્ય જન્મમાં માતા થાય છે. પુત્ર એ પિતા અને પિતા એ પુત્ર જન્માંતરમાં થાય છે જન્માંતરે સ્વામી દાસ થાય છે, ને દાસ સ્વામી થાય છે માણસો પશુઓનો જન્મ પામે છે, ને પશુઓ માણસોનો જન્મ પામે છે, અને દેવતાઓ પક્ષી કિંવા કીટના જન્મને પામે છે, માટે આ સંસારમાં સર્વ સ્થિતિઓ અસ્થિર છે. મનુષ્યો ક્ષણમાત્રમાં ઐશ્વર્યને, ક્ષણમાત્રમાં દરિદ્રપણાને ક્ષણમાત્રમાં સ્વસ્થપણાને અને ક્ષણમાત્રમાં રોગીપણાને પ્રાપ્ત થાય છે. થોડા દિવસ જુવાનીની શોભા રહે છે, અને થોડા દિવસમાં વળી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે; આવી રીતે દેહમાં પણ એકરૂપતા નથી. ત્યારે બહારની વસ્તુઓમાં એકરૂપતા રહેવાનો શો વિશ્વાસ રાખવો ? આ સંસારમાં જેનો ફેરફાર થતો નથી, એવી કોઇ વસ્તુ જોવામાં આવતી નથી જન્મવું, વધવું, રૂપાંતરની પ્રાપ્તિ, ઘટવું અને નાશ થવો એ પાંચ વિકારો રાત્રિદિવસની પેઠે પ્રાણિઓને નિરંતર લાગુ પડયા કરે છે. સ્રી, પુત્ર, ધન, ગૃહ, બાંધવો, દાસો, મિત્રો અને વૈભવો એ સર્વ મૃત્યુરૂપી રાક્ષસનું સ્મરણ ન થયું હોય ત્યાંસુધી સારાં લાગે છે, પણ મૃત્યુના ભયથી ડરેલાને રસ વગરનાં લાગે છે.

સમજ્યા વિના અનુકરણ ન કરવું.

કોઇ પણ પ્રસંગને યથાર્થ સમજ્યા વિના તેનું અનુકરણ (દેખા દેખી) કરવું યોગ્ય નથી. એવું અનુકરણ કરવાથી ઉપહાસને પાત્ર થવાય છે. પ્રાકૃતલોકો આવી ભૂલો બહુ કરે છે. વિવેકીએ કોઈ પણ વાતનું સમજ્યા વિના અનુકરણ ન કરવું જોઇએ. વિનાસમજે અનુકરણ કરવાથી કાંતો ઉપહાસને પાત્ર કિંવા અન્યને અપકાર કરનાર થવાય છે, એ સંબંધમાં બે દૃષ્ટાંતો નીચે આપવામાં આવે છેઃ—

૧. કોઇ દેશમાં અણીણી મનુષ્યોની વસતિ ઘણી હતી. તે દેશમાંના કોઈ એક નગરમાં એક ધનાઢ્ય કુંભાર રહેતો હતો. તેને કાંઈ પણ પ્રજા થઈ નહોતી, તેથી તેણે પોતાની પુત્રવાસનાને વશ થઇ પોતાની ગધેડીના એક બચ્ચામાં પુત્રબુદ્ધિ કરી તેનું નામ ચોંડાજી પાડ્યું હતું. ચોંડાજીને તે પુત્રની પેઠે સારાં સારાં વસ્ત્રાભૂષણ પહેરાવતો હતો, તથા સારું સારું ખવરાવતો પીવરાવતો હતો, અને પુત્રાભાવે પોતાના હૃદયમાં જે શૂન્યતા પ્રતીત થતી હતી તેને એવા એવા ઉપચારોથી તે પૂરી કરવા યત્ન કરતો હતો, પણ તેને દુઃખ દેનારા પ્રારબ્ધને એ વાત રુચતી નહોતી, તેથી કેટલોક સમય ગયા પછી તે ચોંડાજી માંદો પડ્યો, ને લાંબા હાથવાળા બલવાન્ મૃત્યુને વશ થયો. ચોંડાજીના મરણથી કુંભારના ચિત્તમાં બહુજ ખેદ થયો. પોતે તેનામાં પુત્રની ભાવના કરી હતી, તેથી તેની ઉત્તરક્રિયા કરવી એવો તેણે વિચાર કર્યો, ને તેના મરણપછી આઠમે દિવસે પોતે તેમાટે ક્ષૌર કરાવ્યું. પ્રસંગવશાત્ તે કુંભારનું પટેલને ત્યાં જવું થયું. પટેલે તેને ક્ષૌર કરાવેલી સ્થિતિમાં જોઇને પૂછ્યું કેઃ—"તમે ક્ષૌર શામાટે કરાવ્યું છે ?" પટેલ ચોંડાજીને જાણતા હશે, એમ ધારી કુંભારે કહ્યું કેઃ—"ચોંડાજી મરી ગયા, તેથી ક્ષૌર કરાવ્યું છે." પટેલ અણીણી હતા, તેથી વિશેષ પૃચ્છા ન કરી, ને મનથી નક્કી કર્યું કેઃ—

"ચોંડાજી દરબારનો કોઇ સગો વહાલો હશે. આ કુંભારજેવાએ પણ તેના માટે ક્ષૌર કરાવ્યું છે, ને જો હું ક્ષૌર નહિ કરાવું ને રાજાજીને એ વાતની જાણ થશે તો મને હાનિ પહોંચશે, એમ વિચારી કુંભારના ગયા પછી તુરત તેણે વાળંદને બોલાવી ક્ષૌર કરાવ્યું. તેજ દિવસે તે પટેલનું વહિવટદારપાસે જવું થયું. તે વહિવટદાર પણ અફીણના બંધનથી મુક્ત નહોતા. પટેલને ક્ષૌર કરાવેલી અવસ્થામાં જોઇને વહિવટદારે સ્વાભાવિક રીતે તેને પૂછ્યું કે:—"પટેલ! કોણ મરી ગયું છે"? પટેલે ગંભીરપણે ઉત્તર આપ્યું:—"ચોંડાજી મરી ગયા. આ વાત શું તમારા જાણવામાં નથી?" વહિવટદારે જાણ્યું કે:—અવસ્ય ચોંડાજી કોઈ દરબારનો સમીપનો સગો હશે, જો હું એ વાત નથી જાણતો એમ પટેલને કહીશ તો પટેલ મને મૂર્ખ ગણશે, ને રાજાને આ વાત જણાશે તો તેઓ અવસ્ય મારા પર અપ્રસન્ન થશે, તેથી તુરતજ તેમણે પટેલને કહ્યું:—"હું જાણું છું, પણ વ્યવસાયને લીધે ક્ષૌર કરાવી શકયો નથી, માટે શીઘ્ર વાળંદને બોલાવો કે જેથી ક્ષૌર કરાવી લઈ, અગત્યનું કામ પૂરું કરી, પ્રધાનજી પાસે જવાય." પટેલે માણસ મોકલી વાળંદને તેડાવ્યો, એટલે વહિવટદારે ક્ષૌર કરાવ્યું. પછી તે વહિવટદાર કાર્યવશાત્ પ્રધાનપાસે ગયા, એટલે પરસ્પર ક્ષૌરસંબંધી વાતચીત થતાં ચોંડાજી રાજાજીનો કોઇ નિકટનો સંબંધી હશે એમ સમજી પ્રધાને પણ ક્ષૌર કરાવ્યું. તે પ્રધાન રાજા પાસે ગયા. રાજાએ તેમને ક્ષૌર કરાવ્યાનું કારણ પૂછ્યું. તેના ઉત્તરમાં તેમણે ચોંડાજીનું મૃત્યુ થયાની વાત કહી. પ્રધાનની પેઠે રાજા પણ અફીણના ઉપાસક હતા, એટલે ચોંડાજી કોણ હતા તેની કાંઇ પડપૂછ નહિ કરતાં તે રાણીનો કોઈ નિકટનો સગો હશે એમ સમજી, તથા હું જો ક્ષૌર નહિ કરાવું તો રાણીને બહુ માઠું લાગશે એમ વિચારી,

પોતે પણ શીઘ્ર ક્ષૌર કરાવ્યું. ભોજનનો સમય થયો ત્યારે રાજા અંતઃપુરમાં ભોજનમાટે ગયા. રાણીએ તેમને ક્ષૌર કરાવેલી સ્થિતિમાં જોઇ ભયભીત થઇને ક્ષૌર કરાવ્યાનું કારણ પૂછ્યું, તેના ઉત્તરમાં રાજાએ ચોંડાજીના મરણની વાત જણાવી. રાણીએ પૂછ્યું કે:— "ચોંડાજી કોણ હતા, તથા તે આપણા શા સગા થાય?" રાજાએ કહ્યું કે:—"આપના સગાવહાલામાંથી કોઇ હશે એમ હું ધારું છું, તેમના સંબંધની વિશેષ વાત તો આપણા પ્રધાન જાણે છે." રાણીએ ઉત્તર આપ્યું કે:-"મારા સગાઓમાં કોઇનું નામ ચોંડાજી નથી, તેમજ વર્તમાનમાં કોઇ સગાનું મૃત્યુ થયાનું પણ મારા જાણવામાં નથી, માટે કૃપા કરી શીઘ્ર પ્રધાનજીને બોલાવો કે ચોંડાજી કોણ હતા તે આપણા જાણવામાં આવે." રાજાએ માણસ મોકલીને પ્રધાનને બોલાવ્યા. પ્રધાન આવ્યા પછી તેમને ચોંડાજી કોણ હતા એમ રાજાએ પૃચ્છા કરી. પ્રધાને કહ્યું કે:—"તે આપના કોઇ નિકટના સંબંધી હશે એમ મને જણાય છે, એ સંબંધી વિશેષ વાર્તા તો આપણા અમુક વહિવટદાર જાણે છે, હું જાણતો નથી." રાજાએ કહ્યું કે:-"મારા સગાઓમાં કોઈનું નામ ચોંડાજી નથી, માટે તે વહિવટદારને બોલાવો કે જેથી તેમનાથી આપણે ચોંડાજી વિષે સાચી વાત જાણીએ." પ્રધાને માણસ મોકલી વહિવટદારને બોલાવ્યા. વહિવટદાર આવતાં તેમને પ્રધાને ચોંડાજીના સંબંધમાં પૂછ્યું. તેમણે પણ એ સંબંધમાં પોતાનું અજ્ઞાતપણું જણાવી, આપણા અમુક પટેલ તે વિષે જાણે છે એમ કહ્યું. પટેલને પણ માણસ મોકલી તેડાવવામાં આવ્યા. ચોંડાજીની પૃચ્છા કરતાં તેમણે પણ પોતે તે સંબંધી વિશેષ જાણતા નથી એમ જણાવી આપણા નગરનો અમુક કુંભાર તે સંબંધમાં જાણે છે એમ કહ્યું. માણસ મોકલી કુંભારને તેડાવ્યો. કુંભાર

આવતાં તેને ચોંડોજી કોણ હતા તે પૂછવામાં આવ્યું, કુંભારે કહ્યું કેઃ—"તે મારી ગધેડીનો ખોલકો (ગધેડીનો પુત્ર) હતો, ને તેમાં મેં પુત્ર બુદ્ધિ કરી તેનું નામ ચોંડોજી પાડયું હતું." એ સાંભળી વિના વિચારે કુંભારનું અનુકરણ કરી ખોલકાની પછવાડે ક્ષૌર કરાવનારા રાજાઆદિ સર્વ લજ્જા પામી ગયા.

૨. કોઈ એક નગરમાં એક પરદેશી બ્રહ્મચારી રહેતો હતો. તે મંત્રતંત્રમાં કુશળ છે એમ ત્યાંના લોકો માનતા હતા. તેને એક વાર કોઈ પ્રસંગને લઇને સમીપના કોઈ ગામમાં જવાનું હતું. તેની પાસે એક તાંબાનો સારો ઘડો હતો. તે સાથે લઇ જવાનો તેનો વિચાર નહોતો, તેમ નગરમાં પણ કોઇને ત્યાં મૂકવાનું બને તેમ નહોતું, તથા પોતે જ્યાં રહેતો હતો ત્યાં રખાય એમ નહોતું, તેથી તે ઘડાને માર્ગમાં કોઇ યોગ્ય સ્થળે દાટવાના વિચારથી સાથે લઇને તે ગામ જવા નીકળ્યો. નગરની બહાર આવી મનુષ્યોના સ્નાન કરવાના તથા જળ ભરવાના આરાથી કેટલેક દૂર નદીના તટની સમીપમાં ઘણી ધુળ હતી તેમાં તે ઘડાને દાટયો, ને વળતી વેળાએ તે ઝટ જડે તે માટે તે પર ધૂળનો ઢગલો કરી તે ઢગલાપર એક સાંઠીનો કટકો ખોસ્યો. ઘડાની એ પ્રમાણે વ્યવસ્થા કરી પોતાને જે ગામ જવાનું હતું તે ગ્રામને માર્ગે તે ચાલવા લાગ્યો. બ્રહ્મચારીએ ધૂળનો એક ઢગલો કરીને તે પર સાંઠીકડું ખોસ્યું તે નદીમાં સ્નાન કરનારા એક ભાવિક માણસે દૂરથી જોયું. ઘડો દાટી તે શીઘ્ર જડે તે માટે તેણે આમ કર્યું છે તે તેના જાણવામાં ન હોવાથી તેણે ધાર્યું કે તે બ્રહ્મચારી મંત્રશાસ્ત્ર જાણનારા છે, ને તેણે આજ આમ ધૂળનો ઢગલો કરી તે પર સાંઠીકડું ખોસ્યું છે, તો તેમ કરવામાં અવશ્ય કંઈ લાભ થતો હશે, માટે આલ હું પણ જઇને તેની પાસે એક ધૂળનો ઢગલો કરી તે પર સાંઠી-

કડું ખોસ્યું. એમ વિચારી તે ત્યાં ગયો, અને બ્રહ્મચારીએ જેવો ધૂળનો ઢગલો કર્યો હતો તેવોજ ધૂળનો ઢગલો તેની સમીપ કરી તેના પર તેવુંજ સાંઠીકડું ખોસ્યું. બીજા મનુષ્યોએ તેને તેમ કરતો જોઇ, એમાં કાંઇ લાભ હશે એમ ધારી, તેમણે પણ એમજ કર્યું. આ વાત નગરમાં ફેલાઇ, એટલે ઘણાં માણસોએ ત્યાં આવી ધૂળના ઢગલા કરી તે પર સાંઠીકડાં ખોસ્યાં. બ્રહ્મચારી બીજે દિવસે તે ગામમાં પોતાને જે કાર્ય કરવાનું હતું તે કરી નગરભણી આવવા નીકળ્યો. નગરસમીપ આવેલી નદીની સમીપના જે ભાગમાં પોતે ઘડો દાટ્યો હતો તે ભાગમાં તે આવી પહોંચ્યો. ત્યાં આવી જુએ છે તો માત્ર પોતાનો કરેલો એક ઢગલો નહિ જોતાં ત્યાં સહસ્રાવધિ ઢગલા જોયા. તેમાંના પંદરવીશ ઢગલા તેણે ફેંદી જોયા, પણ પોતાનો તાંબાનો ઘડો તેની નીચેથી નીકળ્યો નહિ, તેથી તેણે વિચાર્યું કે આટલા બધા ઢગલા ફેંદી જોવાનું બની શકવું કઠિન છે, કદાચ યત્ન કરીશ તોપણ જો લઇ ગયું હશે તો તે હાથ આવવાનો નથી, તેથી તે ઉદાસ થઈ નીચેનો શ્લોક બોલી પોતાના સ્થાનપર ગયો:—

गतानुगतिको लोको न लोकः पारमार्थिकः ।

धूलिसंगप्रसंगेन गतं मे ताम्रभाजनम् ॥ ”

ભાવાર્થ:—લોકો ગતાનુગતિક એટલે ગાડરિયાપ્રવાહજેવા છે, પણ યથાર્થ વિચાર કરી પ્રવૃત્ત થનારા નથી. ધૂળના ઢગલામાં દાટેલું મારું તાંબાનું પાત્ર ગયું તેમાં પણ તેમનો એવો સ્વભાવજ હેતુ છે.

પૂર્વાપર વિચાર કરીને બોલવું જોઇએ.

બોલવામાં મનુષ્યે બહુ વિચાર કરવાની આવશ્યકતા છે. વાણી

એ આત્માનો પ્રતિનિધિ છે, માટે કાંઈ પણ બોલતાં પહેલાં તે બોલવું ઉચિત છે કે નહિ તે અવશ્ય વિચારવું જોઇએ. પ્રસંગનો વિચાર કર્યા વિના ગમે તે બોલવાથી સામા માણસના મનને ખેદ થાય છે, અને બોલનાર ઉપહાસને પાત્ર થાય છે. જે બોલવાથી પોતાની મૂર્ખતા પ્રકટ થાય તે નહિ બોલતાં મૌન રહેવું એજ લાભકારક છે. કોઈ દેશમાં બુઝણનામનો કોઇ એક રજપૂત રહેતો હતો. તે તે દેશના રાજાનો છેટેનો પિત્રાઇ થતો હતો. તેનામાં બોલવાનો લગાર પણ વિવેક નહિ હોવાથી તેના નિકટના સંબંધિજનો તેને બહુજ ઓછું બોલવા દેતા. એક વેળા તે દેશના રાજાના જમાઇનું મૃત્યુ થતાં તે રાજાના પિત્રાઇઓને તે રાજાને ત્યાં ખરખરે જવાનું થયું. બુઝણ પણ બળાત્કારે તેમની સાથે ગયો. સભામાં જેઓ બેઠા હતા તેઓ તે કાળે રાજાના દુઃખી મનને પોતપોતાના બુદ્ધિબળાનુસાર નાના પ્રકારનાં વચનોથી આશ્વાસન આપતા હતા. રાજાની સભામાં બહુધા કોઇને બોલતાં અટકાવી શકાય નહિ એવો નિયમ હતો. વળી આ પ્રસંગ શોકનો હતો એટલે રાજાના મનને સાંત્વન કરવા વિવેકીજનો પોતપોતાની મતિપ્રમાણે શાસ્ત્રમાંથી નાના–પ્રકારનાં ઉદાહરણો આપીને તથા અન્ય લૌકિક બનાવોનું વર્ણન કરીને સંસારનું અસારપણું તથા ક્ષણભંગુરપણું તેમને જણાવતા હતા, અને ધૈર્ય રાખવા કહેતા હતા. મૂર્ખ મનુષ્યો પ્રાયશઃ પોતાની બુદ્ધિ બીજા-આગળ પ્રકટ કરવા વિશેષ આતુર હોય છે, તે પ્રમાણે બુઝણથી પણ પોતાની બુદ્ધિનો પ્રકાશ રાજાની તથા સભાની સમીપ ઊઘાડો કર્યા વિના રહેવાયું નહિ. સૌ રાજાના મનનું નાનાપ્રકારનાં વચનોથી આશ્વાસન કરી ધીરજ આપે છે, તો મારે પણ તેમને કાંઇ કહીને ધીરજ આપવી જોઇએ, એમ વિચારી તુરતજ તે બોલ્યો કે:—

"હજુર ! આપના જમાઇના મૃત્યુથી આપને દુઃખ લાગે એ સ્વાભાવિક છે, પણ આપ વિચારવાન છો, તેથી આપે ધીરજ રાખવી જોઇએ. આ અમે સૌ બેઠા છીએ તે આપના જમાઇજ છીએ ! એમ જાણી મનને શાંત રાખશો ! !" બુઝણનાં આવાં અયોગ્ય વચનો સાંભળી તેને અપમાનસહિત સભામાંથી ઊઠાડી મૂકવામાં આવ્યો. કહેવાની અગત્ય નથી કે બુઝણનાં અયોગ્ય વચનોથી રાજાને તથા સભાસદોને બહુ માઠું લાગ્યું. કોઈની સાથે હાસ્યવિનોદ કરવામાં, કોઇને માન આપવામાં, સામાનો ઉપકાર માનવામાં, તથા કોઇને ધીરજ આપવામાં પૂર્વાપર વિચાર કરી પ્રસંગને અનુસરતું બોલાય તોજ યોગ્ય ગણાય છે, જો એમ કરવામાં ન આવે તો લેવાની ઇચ્છા ન હોય તોપણ બળાત્કારે મૂર્ખનું ઉપનામ પ્રાપ્ત થાય છે.

લોભ.

જેમ શરીરપરનો થોડો કોઢ શરીરના રૂપલાવણ્યને ઢાંકી દે છે તેમ માણસમાં રહેલો લોભ તેના બીજા સારા ગુણોને ઢાંકી દે છે, તેથીજ શ્રીભર્તૃહરિએ "**લોભશ્ચેદગુણેન કિમ્** ॥" (લોભ છે તો પછી બીજા અવગુણોનું શું પ્રયોજન છે ?) એ વચનવડે લોભનેજ મોટા અવગુણરૂપે કથન કર્યો છે. લોભ સર્વ પાપનું મૂળ છે એમ સામાન્યરીતે સર્વ લોકોના જાણવામાં પણ છે. જે અતિલોભી મનુષ્ય હોય તેનું પ્રાતઃકાળમાં નામ લેતાં વા તેનું મોઢું જોતાં પણ લોકો સંકોચાય છે.

લોભીને પ્રાયશઃ કોઇની સાથે સ્નેહ રહેતો નથી. તેનું મન નિરંતર દ્રવ્ય સંપાદન કરવાભણીજ રહે છે. લોભી પોતાને પ્રારબ્ધવશાત પ્રાપ્ત થયેલા સુખને પણ ભોગવી શકતો નથી. પ્રાપ્ત થયેલા

લાભને લોભી કેવી રીતે ખુએ છે તે નીચેના દૃષ્ટાંતથી જણાશેઃ—

કોઇ મનુષ્યને કાશીપુરીની યાત્રાએ જવાની ઇચ્છા હતી, પણ પાસે દ્રવ્ય નહિ હોવાથી તે કાશીપુરી જઇ શકતો નહોતો. દ્રવ્યની પ્રાપ્તિમાટે તે પોતાની બુદ્ધિપ્રમાણે નાનાપ્રકારના યત્ન કરતો હતો, પણ તેમાં તે સફળ થતો નહોતો. એવામાં કોઇ સિદ્ધ પુરુષ તે ગામમાં આવી ચઢયા. દ્રવ્ય મેળવવાની લાલસાવાળા તે મનુષ્યે દ્રવ્ય મેળવવાની લાલસાથી તે સિદ્ધ પુરુષની સારી રીતે સેવા કરવા માંડી. કેટલોક સમય એવી રીતે વ્યતીત થયા પછી તે સિદ્ધે તે માણસને પૂછ્યું કેઃ—"ભાઈ! તમે શાની પ્રાપ્તિની ઇચ્છા રાખી મારી સેવા કરવાનો આટલો બધો યત્ન કરો છો?" ત્યારે તેણે ઉત્તર આપ્યું કેઃ—"મહારાજ! મારે કાશીપુરી જવાની ઇચ્છા છે, પણ મારી પાસે દ્રવ્ય ન હોવાથી ત્યાં જઇ શકાતું નથી, માટે આપ દ્રવ્ય-પ્રાપ્તિનો કોઇ સુગમ ઉપાય દયા કરીને બતાવો તો મારી તે ઇચ્છા પૂર્ણ થાય." તેનાં આવાં વચનો સાંભળી તે ઉદારબુદ્ધિવાળા સત્પુરુષે કહ્યુંઃ—"જો તમારે કાશીજી જવું હોય તો આ કાગળની કટકી લ્યો, તેમાં મંત્ર લખેલો છે, તે કટકી નિત્ય ઓશીકે મૂકીને સૂજો, એટલે સવારે તે કટકીપાસેથી તમને નિત્ય એક સોનામહોર મળ્યા કરશે. એમ નિત્યપ્રતિ તમને એક સોનામહોર મળવાથી તમને પ્રવાસમાં વાહન તથા અન્નવસ્ત્રાદિની અડચણ નહિ પડે." તે મહાપુરુષ તેને તે કાગળની કટકી આપી ત્યાંથી વિદાય થયા, ને પેલો માણસ પણ પ્રવાસમાટે કરવાયોગ્ય વ્યવસ્થા કરી કાશીજી જવા નીકળ્યો. માર્ગમાં રાત્રે તે જ્યાં જ્યાં સૂતો ત્યાં ત્યાં તે મંત્રવાળી કાગળની કટકી ઓશીકે મૂકીને સૂતો, ને સવારે તે સ્થાનેથી તેને એક સોનામહોર મળ્યા કરતી. થોડા દિવસ એમ આવ્યા પછી તેના

મનમાં વિચાર આવ્યો કેઃ-જોઉં તો ખરો કે આ કાગળમાં કયો મંત્ર લખેલો છે? પછી તેણે તે કાગળની કટકી ઉઘાડીને જોયું તો તેમાં એક ૐકાર લખેલો તેના જોવામાં આવ્યો. તે જોઇ તેના મનમાં લોભનો આવિર્ભાવ થયો તેણે ધાર્યું કે આમાં એક ૐકાર લખેલો હોવાથી મને નિત્ય એક સોનામહોર મળે છે, માટે જો હું બીજા નવ ૐકાર આની સાથે લખું તો તેથી મને નિત્યપ્રતિ દશ સોનામહોરો મળ્યા કરે, જેથી હું થોડા દિવસમાં ધનવાન થઈ જઉં. એમ વિચારી તેણે લખવાની સામગ્રી મેળવી તે કાગળમાં બીજા નવ ૐકાર લખ્યા. પછી પૂર્વની પેઠે રાત્રે તે ઓશીકે મૂકીને સૂતો. બીજે દિવસે સવારમાં ઊઠી દશ સોનામહોરો મેળવવાની લાલસાએ તે કાગળની કટકીની જગાએ તે જોવા લાગ્યો તો તે કાગળની કટકી પણ નહિ, ને સોનામહોરો પણ નહિ. આમ થવાથી તે ઘણો પસ્તાવા લાગ્યો, પણ પાછળનો પસ્તાવો શું કામ આવે? અતિલોભ એવી રીતે હાનિકર થાય છે.

સ્થૂલશરીરની મલીનતાનો વિચાર કરવાથી કામનો જય કરી શકાય છે.

સ્થૂલશરીરમાં જે પદાર્થો રહેલા છે તે પદાર્થોના સ્વરૂપનું વિસ્મરણ થવાથીજ અવિવેકી પુરુષ સ્ત્રીના સ્થૂલશરીરપર અને અવિવેકી સ્ત્રી પુરુષના સ્થૂલશરીરપર અનુરાગ કરે છે. સ્થૂલશરીરમાં ભરેલા મલિન પદાર્થોને જો દૃષ્ટિઆગળ કલ્પનાવડે પણ સ્થાપવામાં આવે તો તેથી પણ એ રાગ દૂર થઇ જાય છે, તો તે મલિન પદાર્થો પ્રત્યક્ષ જોવાથી રાગ દૂર થાય તેમાં શું કહેવું? પણ મહામોહથી અંધ થઇ ગયેલા મનુષ્યો કલ્પનાવડે એવા પદાર્થોને દૃષ્ટિઆગળ લાવી શકતા

નથી, તેથી તેમને તો જ્યારે તેવા કેટલાક પદાર્થો દૃષ્ટિએ પડે છે ત્યારેજ સમયને માટે તેમનો રાગ શિથિલ થાય છે. એક મોહાંધ રાજપુત્રનો મોહ પણ એમજ દૂર થયો હતો. કોઇ એક રાજપુત્ર પ્રધાનની પુત્રીના શરીરસૌંદર્યની વાતો સાંભળી તેના પર અત્યંત આસક્ત થયો હતો. આસક્તિરૂપી પિશાચીને વશ પડવાથી તેનું શરીર ઉત્તરોત્તર ક્ષીણ થવા લાગ્યું, તેથી તેના પિતાએ તેમ થવાનું કારણ તેને ઘણા દિવસસુધી પૂછ્યું, પણ તેણે લજ્જાથી તેની આગળ તેનું ખરું કારણ જણાવ્યું નહિ. અંતે રાજાએ તેના મિત્રદ્વારા પૃચ્છા કરાવી ત્યારે તેને તેનું ખરું કારણ જાણવામાં આવ્યું. રાજાને આ એકજ પુત્ર હતો, તેથી તેને બહુ ચિંતા થવા લાગી, અને તેણે પ્રધાનને પોતાના પુત્રને તેની પુત્રી આપવામાટે ઘણી રીતે સમજાવવા માંડ્યો. રાજપુત્રસાથે પોતાની પુત્રીનો સંબંધ કરવાથી પ્રધાનને પોતાની જ્ઞાતિમાં હલકા પડવું પડે એમ હોવાથી તેનાથી પુત્રીનો સંબંધ રાજપુત્રસાથે કરી શકાય એમ નહોતું, ને પુત્રી નહિ આપવાથી રાજકુમારનું મૃત્યુ થવાનું તથા પોતાની જગા ખોવાનું તેને ભય હતું. આમ ઉભયપ્રકારે કષ્ટમાં આવી પડવાથી તે પ્રધાન મનમાં ને મનમાં બહુ મુંઝાયા કરતો હતો. પોતાના પિતાને નિરંતર ઉદાસ રહેતા જોઇ એક વેળાએ તેની ચતુર પુત્રીએ પ્રધાનને પૂછ્યું કેઃ—"હે પિતાજી! તમે હમણાં ઉદાસ કેમ રહો છો?" પ્રધાને પ્રથમ કેટલોક સમય તો તે પ્રશ્ન ભાવવાને યત્ન કર્યો, પણ પુત્રીના અત્યાગ્રહથી અંતે તેને જે સત્ય વાત હતી તે પોતાની સ્ત્રીદ્વારા કહેવરાવવી પડી. યથાર્થ વાત જાણ્યા પછી પુત્રીએ પોતાની માતાદ્વારા તેના ઉત્તરમાં કહેવરાવ્યું કેઃ—"એમાં મુંઝાવાનું કોઇ કારણ નથી, હું એવો ઉપાય કરીશ કે જેથી રાજપુત્ર પોતેજ પ્રસન્નતાથી એ વિચાર માંડી વાળશે. ને પછી રાજપુત્રની

પ્રકૃતિ સુધરી જવાથી રાજા પણ તમને એ વિષયમાં આગ્રહ કરશે નહિ. રાજપુત્ર કાલે સાયંકાળે મારી બેઠકના ઓરડામાં મને મળવા આવે એમ આપ રાજાદ્વારા વ્યવસ્થા કરાવશો, અને એમનો મોહ મારા પરથી સર્વ પ્રકારે ઊતરી જાય એવી સર્વ વ્યવસ્થા હું કાલે કરી રાખીશ." પ્રધાનને પોતાની પુત્રીનું ચાતુર્ય જ્ઞાત હતું. એટલે તે વાતથી સંતોષ પામી તેણે તેમ કરવાનું સ્વીકાર્યું, ને તેજ દિવસે રાજાને એ વિષયની વાત કહી. રાજાએ રાજપુત્રના મિત્રદ્વારા રાજપુત્રને તે વાર્તા જણાવી, તેથી રાજપુત્ર ઘણો સંતોષ પામ્યો. બીજે દિવસે સવારે પ્રધાનપુત્રીએ પોતાની બેઠકના ઓરડામાંથી સર્વ ઉત્તમ સરસામાન કાઢી નંખાવી તે જગાએ એક સાદો ખાટલો ઢળાવી તે પર સાધારણ ગોદડું પથરાવ્યું, ને પોતે સાધારણ કપડાં પહેરી, અગત્યવિનાના મોહક ભૂષણનો ત્યાગ કરી, નેપાળાના રેચ લીધા. તેણે વમન કરવાનું તથા મલત્યાગ કરવાનું પણ તે ઓરડામાંજ રાખ્યું. સાંજ થઈ ત્યાં તો તે ઓરડામાં ઠેકાણે ઠેકાણે વમન કરવાથી તથા મલત્યાગ કરવાથી ઘણો ગંદવાડ થઈ રહ્યો. પછી પોતાના માથાના વાળમાંથી ઉપરનો થોડો ભાગ કાપી તેનો પણ એક જગાએ ઢગલો કરાવ્યો. રાજપુત્ર સારાં વસ્ત્રાલંકાર ધારણ કરી નિયમિત સમયે ત્યાં આવ્યો, તો ત્યાં ઊભું ન રહેવાય એવો દુર્ગંધ તથા જોતાં ચિતરી ચઢે એવી સર્વ સ્થિતિ જોઈ પાછો ફરવા લાગ્યો. પ્રધાનપુત્રીએ તેને કહ્યું કેઃ—"અંદર પધારો. તમે જેના પર મોહ પામો છો, તેજ સર્વ આ પદાર્થો છે, એમાં ગભરાઓ છો શામાટે?" રેચના ઘણા કષ્ટથી પ્રધાનપુત્રીનું થઈ ગયેલું ભયંકર સ્વરૂપ તથા તેની આસપાસ પડેલા અપવિત્ર પદાર્થોનો સમૂહ જોઈ તેને ઘણો કંટાળો આવ્યો. ને પોતે આવા અપવિત્ર પદાર્થોથી ભરેલા સ્થૂલશરીરમાં મોહાંધ થયો હતો

એમ જાણી ઘણો પશ્ચાત્તાપ કરી તેને પોતાની બેન માની ત્યાંથી તે પાછો ફર્યો.

તુચ્છ વિષયોમાં અનુરાગ રાખનારી ક્ષુદ્રબુદ્ધિનું સ્વરૂપ.

શુદ્ધ, સ્થિર ને આવરણરહિત બુદ્ધિવડે અનુભવાતો આત્માનંદ અપાર છે. તે આનંદ અત્યંત સમીપ છતાં પણ ક્ષુદ્રબુદ્ધિ ઇંદ્રિયોનો વિષયોસાથે સંયોગ થવાથી ઉપજતા તુચ્છ ને સદોષ આનંદને ઇચ્છે છે ક્ષુદ્રબુદ્ધિની અપરિચ્છિન્ન આનંદ અનુભવવાની અયોગ્યતાને લીધે-જ તે ક્ષુદ્ર ને સદોષ સુખને શોધે છે. એ ક્ષુદ્રબુદ્ધિની પ્રવૃત્તિ કોઈ રાજાએ એક રૂપવતી વાઘરણને પોતાની રાણી કરીને રાખી હતી તેના જેવી છે. કોઇ એક રાજાએ "રાજાને ગમી તે રાણી ને છાણાં વીણતી આણી" એ કહેવતપ્રમાણે કોઇ એક રૂપયૌવનસંપન્ન વાઘરણને પોતાની રાણી બનાવી. તે વાઘરણ જ્યાં થોડા દિવસ રાજમહેલમાં રહી ત્યાં પોતાના ભિન્ન ભિન્ન સ્થળેથી લુખાસૂકા ટુકડા માગીને ખાવાના સ્વભાવથી વિપરીત એકજ સુવર્ણના થાળમાં સર્વ ઉત્તમોત્તમ પદાર્થો ખાવા નહિ ગમવાથી શરીરે ક્ષીણ થવા લાગી. એના શરીરની ઉત્તરોત્તર ક્ષીણતા થતી જોઈ મોહના પાશમાં સપડાયેલા રાજાએ તેના શરીરને સારી સ્થિતિપર લાવવા સારા સારા વૈદ્યદ્વારા ઘણા ઉપચારો કરાવ્યા, પણ તેમાં તે સફળ થયો નહિ. અંતે એક વૃદ્ધ ને અનુભવી વૈદ્યે તેની પ્રકૃતિ સુધારવાનું કામ પોતાને માથે લીધું. તેણે રણવાસના એકાંતભાગના એક નિર્જન મહેલમાં સાંજસવાર એકેક કલાક એકલી ફરવાહરવા જવાની રાજાપાસે અનુમતિ અપાવી, તથા રાણીને નિત્ય તેમ કરવા કહ્યું. પછી એક વૃદ્ધ ને વિશ્વાસુ દાસીને પોતાના કહ્યા પ્રમાણે ત્યાં સર્વ પ્રકારની વા-

વસ્થા કરવામાટે રાજાપાસેથી તે રાણી સાજી થતાંસુધી માગી લીધી. પશ્ચાત્ તે વૈદ્યે તે દાસીને સમજાવ્યું કે રાણી ત્યાં ફરવા આવવાનાં હોય ત્યારપહેલાં થોડે સમયે સાંજસવાર તે મહેલની બારીઓમાં ઠીકરાંઓમાં કોઇમાં લૂખા રોટલાનો કડકો, કોઇમાં લૂખી રોટલીનો કડકો, કોઈમાં થોડી ખીચડી, ને કોઇમાં થોડું શાક એમ ખાવાના જુદા જુદા પદાર્થો રાખી દેવા, ને પછી તારે ત્યાં ન રહેતાં તારા બીજા કામપર ચાલ્યા જવું. આમ વ્યવસ્થા કર્યા પછી રાણી જ્યારે એકલીજ એ મહેલમાં ફરવાહરવામાટે આવી, ત્યારે સ્વાભાવિક રીતે તે ફરતી ફરતી બારીઓમાં જોવા લાગી, ને ત્યાં તેને પોતાના જાતિસ્વભાવને રુચે એવું ખાવાનું જોવામાં આવ્યું, એટલે તેણે તે ફરતાં ફરતાં ખાવા માંડયું. આમ સાંજસવાર તેને ગમતું હતું તેવું ખાવાનું મળવા લાગ્યું, એટલે તેની પ્રકૃતિ ધીરે ધીરે સુધરવા લાગી, ને થોડા દિવસમાં તે પૂર્વના જેવી નિરોગ પ્રતીત થવા લાગી. પછી રાજાએ વૈદ્યનો યથાયોગ્ય સત્કાર કર્યો, ને તેમણે આને કયું ઔષધ કર્યું તે પૂછ્યું. તેના ઉત્તરમાં વૈદ્યે પોતે જે ઉપાય કર્યો હતો તે તેને કહી સંભળાવ્યો, ને કહ્યું કે જો તમારે તેમને જીવતાં રાખવાં હોય તો નિત્ય આ પ્રમાણે વ્યવસ્થા કરાવશો તોજ તે જીવી શકશે, અન્યથા તેમનું જીવન નભશે નહિ. આ વાર્તા સાંભળી રાજાને નીચ જાતિની સ્ત્રીને પોતાની રાણી કરવાના કૃત્યનો ખેદ થયો, ને તેની આજીવિકા ચાલે એવી વ્યવસ્થા કરી તેને રાજમહેલથી દૂરના એક પૃથક્ બાગમાં રાખી.

સત્સંગનો મહત્તા.

સત્સંગથી માણસ સારી સ્થિતિએ પહોંચે છે એ પ્રસિદ્ધ વાર્તા

છે. સત્સંગથી મૂર્ખ વિદ્વાન થાય છે, ને દુરાચરણી સદાચરણી થાય છે, તેથી પ્રત્યેક મનુષ્યે વિદ્યા ને સદાચરણ આદિમાં જે પોતાનાથી શ્રેષ્ઠ હોય તેનો સંગ પ્રીતિ ને વિવેકપૂર્વક અવશ્ય કરવો જોઇએ. એક બહુ દુરાચરણી માણસમાં પણ સત્સંગથી કેવો સુધારો થાય છે તે નીચેનું દૃષ્ટાંત સારી રીતે દેખાડી આપે છેઃ—

કોઈ એક નગરમાં **ધીરસિંહ**નામનો એક વૃદ્ધ રજપૂત રહેતો હતો, તે ભલી ચાલનો ને સત્સંગમાં પ્રીતિવાળો હતો. તેને **વીરસિંહ**-નામનો એક પુત્ર હતો. તે **વીરસિંહ** નાની વયમાંથીજ કુસંગતિને લીધે દુરાચરણી થયો હતો. તેનો ભલો પિતા **ધીરસિંહ** વારેવારે તેની ચાલ સુધારવા **વીરસિંહ**ને શીખામણ આપતો હતો, છતાં તે દુષ્ટ મનવાળા **વીરસિંહ**પર તેની કાંઇ અસર થતી નહોતી. કાળે કરીને તે **ધીરસિંહ** મરવા પડ્યો. તેને તે કાળે પણ પોતાના દુષ્ટ પુત્રના સંબંધના વિચારો આવવા લાગ્યા, તેથી તેનો જીવ બહુજ મુંઝાવા લાગ્યો. સંબંધી જનો તેને કહેવા લાગ્યા કેઃ—" **ધીરસિંહ**! તમે તમારા જીવને શાંતિમાં રાખો, પ્રભુનું સ્મરણધ્યાન કરો, ને અહિંના કોઈ-પણ વિચારમાં હવે તેને ન રાખો." તે સાંભળી તે **ધીરસિંહે** પોતાના પુત્ર **વીરસિંહ**ભણી જોઈ તેને કહ્યું કેઃ-" તને આજસુધી શીખામણ દઇ દઇને હું થાક્યો, પણ તું સુધર્યો નહિ, તેથી મારા જીવને બહુ ક્લેશ થાય છે, તેથી આ છેલ્લી વેળાએ જો તું કાંઇક સુધરવામાટે યત્ન કરવાનું મને વચન આપ તો મારા જીવને શાંતિ ને સદ્‌ગતિ થાય." તેના પુત્ર **વીરસિંહે** " મારાથી કોઈ પણ પ્રકારે સુધરી શકાય એમ નથી," એવું ઉત્તર આપ્યું. ત્યારે સંબંધી જનોએ તેને કહ્યું કેઃ— " આ વેળાએ તારે તારા બાપનું મન રાખવું યોગ્ય છે, ને તે કાંઇક સહેલી આજ્ઞા કરે તે તારે પાળવાનો અવશ્ય અંગિકાર કરવો જોઇએ."

વળી તેમણે ધીરસિંહને કહ્યું કે:- "વીરસિંહથી પળી શકે એવી કાંઈ સહેલી આજ્ઞા તમે તેને કરો, એટલે તે તમારી આજ્ઞા સ્વીકારશે, ને તેથી તમારા ચિત્તને શાંતિ થશે, અને એનું પ્રારબ્ધ સારું હશે તો તેથી પરિણામે તેનું પણ ભલું થશે." સંબંધી જનોના આગ્રહથી વીરસિંહ પોતાના પિતાની કોઇ સહેલી આજ્ઞા થાય તો તે પ્રસન્નતાથી પાળવાનો સ્વીકાર કર્યો, એટલે ધીરસિંહે તેને કહ્યું કે:-"દીકરા! આપણા નગરની બહાર ઉત્તરદિશામાં ચિદાશ્રમનામના આશ્રમમાં શ્રીઆત્મારામનામના એક સંત રહે છે તેમની સમીપ તારે મારી ઉત્તરક્રીયા કર્યા પછી, અસાધારણ પ્રતિકૂલતા હોય તે વિના, નિત્ય-પ્રતિ જવું, ને ત્યાં એક ઘડી બેસવું." વીરસિંહને તે આજ્ઞા સ્વીકારવામાં કંઇ વિરોધ પ્રતીત ન થવાથી તે આજ્ઞા તેણે સ્વીકારી. પોતાના પુત્રે આ સમયમાં પોતાની આજ્ઞાનું માન રાખ્યું, તેથી તે વૃદ્ધ વીરસિંહ પ્રસન્ન થયો, ને થોડા સમયમાં તેના જીવે તે શરીરનો ત્યાગ કર્યો તેની ઉત્તરક્રિયા થઇ રહ્યા પછી વીરસિંહ નિત્ય ચિદાશ્રમમાં આત્મારામજી મહારાજપાસે જવા લાગ્યો. કેટલાક દિવસ વ્યતીત થયા પછી એક દિવસ આત્મારામ મહારાજે વીરસિંહને પૂછ્યું કે:—"ભાઇ! તમે કોણ છો? ને નિત્ય અહિં શામાટે આવો છો?" વીરસિંહે ઉત્તર આપ્યો કે:—"મહારાજ! હું રજપૂત છું, મારું નામ વીરસિંહ છે, ને મેં મારા પિતા ધીરસિંહને મરતી વેળાએ એક એક ઘડી નિત્યપ્રતિ આપની પાસે આવીને બેસવાનું વચન આપ્યું છે તેથી હું નિત્ય અહિં આપની પાસે આવું છું." આત્મારામજીએ જાણ્યું કે આ કોઈ અત્યંત દુરાચરણી માણસ જણાય છે, ને તેના પિતાએ તેને સુધરવાની આશાએ અહિં મારા પાસે મોકલવાની ધારણા કરી હશે, તેથી તેના ભલા બાપની ઇચ્છાપ્રમાણે આ કાંઇક

સુધરે તો ઠીક એમ જાણી તેમણે વીરસિંહને કહ્યું કેઃ—"ભાઇ! તમે કાંઈ શુભ નિયમ લઇને પાળો છો કે નહિ?" તેણે કહ્યું કેઃ–"મહારાજ! મેં કોઇ નિયમ લીધો નથી, ને હું કોઇ પણ નિયમ પાળતો નથી, અને મારાથી કોઈ પણ નિયમ પાળવાનું બની શકે એમ પણ નથી." તે સાંભળી તે મહાપુરુષે કહ્યું કેઃ–"ભાઇ! નિયમ-વિનાનું માણસ તે માણસ નથી, માટે તમારે તમને જે સહેલામાં સહેલા નિયમ જણાય તે ગ્રહણ કરી પાળવા જોઇએ." વીરસિંહે કહ્યું કેઃ–"કયા નિયમો સહેલા છે તે હું જાણતો નથી, માટે આપ કોઇ સહેલા નિયમો કહો, ને જો તે મારાથી પાલન થઇ શકે એમ હશે તો હું તેનું પાલન કરીશ." અકારણ દયા કરનાર તે સંતે કહ્યું કેઃ—"રાજાની રાણીસાથે વ્યભિચાર ન કરવો, કાગડાનું માંસ ન ખાવું, ને દ્રાક્ષનું મદ્ય ન પીવું એ ત્રણે નિયમ બહુ સહેલા છે, ને તે તમારાથી સુખપૂર્વક પળી શકે એમ છે, માટે તમારે તે ત્રણે નિયમોનું આગ્રહપૂર્વક પાલન કરવું." કોઇ સારા સંસ્કારનો ઉદય થવાથી વીરસિંહે કહ્યું કેઃ–મહારાજ! આ નિયમોનું પાલન કરવું લેશ પણ કઠિન નથી, માટે હું તેનું આજથી પ્રાણાંતનિશ્ચયથી આગ્રહપૂર્વક પાલન કરીશ." આમ નિયમ ગ્રહણ કરી તે પોતાને ઘેર ગયો. કેટલોક સમય વ્યતીત થયા પછી વીરસિંહની પાસે જે દ્રવ્ય હતું તે ખુટવા આવ્યું, એટલે દ્રવ્ય મેળવવા તેને ચોરી કરવાની ઇચ્છા થઇ. એક મધ્યરાત્રે તે ચોરી કરવા નીકળ્યો. અન્ય સ્થલે ચોરી કરવાથી જોઇએ તેટલું દ્રવ્ય મળી શકશે નહિ, ને રાજાને ત્યાં ચોરી કરવાથી જોઇએ તેટલું દ્રવ્ય મળી શકશે, તેથી વારે વારે ચોરી કરવાની કડાકૂટ મટી જશે, એમ વિચારી તેણે રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો. તે નગરના રાજાની રાણી વ્યભિચારિણી હતી, ને એ

વાતની રાજાને જાણ થઇ હતી. તેથી આજ રાત્રે રાણીને તથા તેના જારને મારી નાંખવાનો રાજાએ નિશ્ચય કર્યો હતો. ઉપરના કારણથી તેણે મૃગયામાટે વનમાં જવાને બ્હાને નગરબહાર પડાવ નાંખ્યો હતો. ત્યાંથી રાત્રિએ વેષ બદલી ગુપચુપ આવીને અંતઃપુરના એક ભાગમાં તે ભરાઈ રહ્યો હતો. રાજા મૃગયામાટે વનમાં જવાસારુ નગરબહાર પડાવ નાંખી પડ્યા છે એમ જાણી રાણીએ પોતાના જારને મધ્ય રાત્રે આવવા કહેવરાવી મોકલ્યું, પણ તે જારના કોઇ નિકટના સંબંધીનું મરણ થવાથી તે મધ્યરાત્રે આવી શક્યો નહિ, ને રાણીએ તેને આવવામાટે જે દ્વાર ઉઘાડું રાખ્યું હતું ત્યાંથી પેલા વીરસિંહે પ્રવેશ કર્યો. કામાંધ મનુષ્યો વ્યાકુળ બુદ્ધિને લીધે બરાબર જોઇ શકતા નથી, તેથી રાણી તે આવનાર વીરસિંહને પોતાનો જાર જાણી તેના પર પ્રેમ કરવા લાગી. વીરસિંહે આશ્ચર્ય પામી રાણીને કહ્યું કેઃ—માજી ! હું તમારા પ્રેમને યોગ્ય નથી, હું તો ચોર છું, ને અહિં માત્ર ચોરી કરવાજ આવ્યો છું." વીરસિંહના તે કથનની રાણીના મનપર કાંઇ અસર થઇ નહિ. રાણીને પોતાના કહેવાની કાંઇ અસર થતી નથી એમ જાણી ચોરે પુનઃ રાણીપ્રતિ કહ્યુંઃ—માતાજી હું તમારો પ્રિયતમ નથી, હું તો આ નગરના કારડીઆપામાં રહું છું, ને મારું નામ વીરસિંહ છે, તથા મારા પિતાનું નામ ધીરસિંહ છે." એમ કહ્યા છતાં પણ પેલી મદનાંધ રાણીને તેના બોલવાની કાંઇ અસર થઇ નહિ, તે તો તેના ભણી પ્રેમ દર્શાવતીજ રહી. અંતે જ્યારે વીરસિંહને તેના હાવભાવની ને પ્રેમવચનોની કાંઇ અસર ન થઈ, ત્યારે તેણે તેને ભય દેખાડવા માંડ્યો. તે બોલી કેઃ—" જો તું આ વેળા મારી પ્રીતિનો સ્વીકાર નહિ કરે તો હું રાજાજીને તારું નામ આપીને કહીશ કે તેણે અહિં આવી મારી લાજ લેવાનો યત્ન

કર્યાં છે, તેથી તેને તુરત શૂળીએ ચઢાવો, તો રાજાજી મારા કહેવાને સાચું માની તને અવસ્ય શૂળીએ ચઢાવશે, માટે મારું કહ્યું માન. મારા કહ્યા પ્રમાણે વર્તીશ તો તું જીવતો રહીશ, ને હું તને સારી પેઠે દ્રવ્ય પણ આપીશ.” પોતાના નિયમનું સ્મરણ કરી વીરસિંહ તેનું બોલવું નહિ ગણકારતાં ત્યાંથી ઝટ નીકળી ગયો, ને આજની રાત્રિ અફલ ગઈ, તેથી પોતાના પ્રારબ્ધને દોષ આપતો તથા શોક કરતો કરતો તે પોતાને ઘેર ગયો. રાજાએ આ બધું પોતાની દૃષ્ટીએ જોયું. તેણે વીરસિંહનું નામ ઠામ નોંધી લેઇ મનમાં વિચાર કર્યો કે આ માણસ ચોરીનો ધંધો કરનાર છતાં પણ બહુ પ્રામાણિક તથા નિઃસ્પૃહ હોય એમ જણાય છે. એકાંત સ્થળમાં રાત્રિએ અનાયાસે પ્રાપ્ત થએલી સુંદર સ્ત્રી, જીવનાશા ને દ્રવ્યતૃષ્ણાનો ત્યાગ કરી તે ચાલ્યો ગયો! ધન્ય છે તેની નિઃસ્પૃહતાને!! આવા માણસને જો રાજસેવામાં રાખ્યો હોય તો તે બહુ ઉપયોગી થઈ પડે, માટે અવસ્ય આવતી કાલે તેને મારા ખાનગી કારભારીની જગા આપવી, એમ વિચાર કરી તે ત્યાંથી નગરબહાર જ્યાં પોતાનો પડાવ હતો ત્યાં ચાલ્યો ગયો. પ્રાતઃકાલમાં પોતાના નિત્યકર્મથી પરવારી, મૃગયા કરવા જવાનું બંધ રાખ્યાનું પ્રસિદ્ધ કરી, તેણે નગરમાં પ્રવેશ કરી, તુરતજ સભા ભરીને પોતાના મંત્રીને વીરસિંહનું નામ ઠામ જણાવી તેને રાજસભામાં તેડી લાવવા એક મ્યાનો, થોડા સિપાઇ ને એક અધિકારીને મોકલવા આજ્ઞા કરી. મંત્રીએ તે પ્રમાણે તુરતજ વ્યવસ્થા કરી. તેડવા જનાર અધિકારીએ વીરસિંહને મળી મંત્રીનો સંદેશો કહ્યો. મંત્રીના રાજસભામાં આવવાનો સંદેશો સાંભળી વીરસિંહ પોતાના મનમાં ભય પામ્યો ખરો, પણ વિચાર કર્યો કે જો રાણીના કહેવા ઉપરથી રાજાએ મને શિક્ષા કરવામાટેજ

બોલાવ્યો હોય તો તેડવા સારુ મ્યાનો તથા અધિકારી મોકલે નહિ, તેથી રાણીના કહેવાથી આમ થયું હોય એમ જણાતું નથી. હશે, જે થવાનું હશે તે થશે, એમ વિચારી ધૈર્ય ધરી પોતાને ત્યાં જે સારાં વસ્ત્રો હતાં તે ધારણ કરી મ્યાનામાં બેસી, તે રાજસભામાં જવા નીકળ્યો. રાજસભાનું સ્થાન સમીપ આવ્યું ત્યારે તે મ્યાનામાંથી ઊતરી સભામાં ગયો, ને રાજાને બહુમાનપૂર્વક નમન કર્યું. રાજાએ તેને આવકાર આપ્યો, ને પોતાના સિંહાસનની સમીપમાં નંખાવી રાખેલી ગાદીએ બેસવા તેને કહ્યું. તે ગાદીએ બેઠો ત્યારપછી તે રાજાએ સભાસદો સાંભળતાં વીરસિંહને સંબોધીને કહ્યું:— "ભાઇ! મને જણાય છે કે મારા નગરમાં તમે ગુણવાન્ પુરુષ છો, છતાં આજસુધી તમારો રાજ્યભણીથી કાંઈ પણ આદરસત્કાર થયો નથી. તેથી મને ગ્લાનિ થાય છે. તે ગ્લાનિ દૂર કરવા આજથી હું તમને બસો રૂપીઆના માસિક પગારથી મારા ખાનગી કારભારી તથા અંતઃપુરના ઉપરી નીમું છું, અને આશા રાખું છું કે તે જગાનું કામ તમે બહુજ યોગ્યતાથી કરશો. તમારે રહેવામાટે આ સભાની સમીપમાં મહેલ છે તે તમને બક્ષીશ આપવામાં આવે છે. તમારી પાસે તમને જેટલાં માણસો રાખવાની અગત્ય જણાય તેટલાં તમારાં વિશ્વાસુ માણસો રાખી લેવાં. તેમનો પગાર રાજ્યતરફથી મળશે." રાજાની તે આજ્ઞા સાંભળી વીરસિંહે ઊભા થઇ, રાજાને વિનયપૂર્વક નમન કરી, પોતાના પર કરેલી આવી અસાધારણ કૃપા માટે રાજાનો ઉપકાર માન્યો. રાજાની આજ્ઞાપ્રમાણે મંત્રીએ તેની નીમનોક આદિનો લેખ લખી, રાજાની સહી તથા સિક્કો કરાવી તે લેખ વીરસિંહને આપ્યો. પછી તેણે જોઈતાં માણસો પોતાની પાસે રાખી લીધાં, તથા પોતાની નવી જગાનું કામ તે સાવધાનતાથી

કરવા લાગ્યો. સારે સ્થળે, સારા કામમાં, ને સારા સંગમાં રહેવાથી કેટલાંક દુરાચરણો મનુષ્યમાંથી અનાયાસે ઓછાં થતાં જાય છે, તેમજ આ વીરસિંહના સંબંધમાં પણ થયું. તે પૂર્વની પેઠે નિત્ય પેલા આત્મારામજી મહારાજની પાસે જતો હતો, ને પોતાની આવી અસાધારણ ચઢતી સ્થિતિ તેમની કૃપાથી થઇ છે એમ સમજી હવે તો તે એક ઘડીને બદલે ચાર પાંચ ઘડી ત્યાં બેસતો હતો, ને પ્રેમ-પૂર્વક તેમનો ઉપદેશ સાંભળતો હતો. તે સંતે હવે કાગડાના માંસ-ના ને દ્રાક્ષના મદ્યના ત્યાગની તેની પરીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. તેમણે તેને પોતાના યોગબળથી માંદો પાડ્યો. મંદવાડ દિવસે દિવસે વધવા લાગ્યો. રાજાએ પ્રવીણ વૈદ્યોને બોલાવી તે રોગના ઉપાય કરા-વવા માંડ્યા, પણ કોઇ વૈદ્યથી તે રોગનું કારણ તથા સ્વરૂપ સમ-જાયાં નહિ. વૈદ્યો ઔષધ કરે તેમ તેમ તે રોગ બળવાન્ થયેલો પ્રતીત થાય, એટલે ઔષધ કરતાં પણ રાજાને તથા વૈદ્યોને ભય પ્રતીત થવા લાગ્યું. પછી પેલા દયાળુ સંત વૈદ્યનો વેષ લઈ ફરતા ફરતા તે રજપૂતના મહેલની પાસેથી નીકળ્યા. તેમને વૈદ્ય જાણી વીરસિંહના માણસોએ તેમને અંદર બોલાવ્યા. તેમના બોલાવવાથી તેઓ વીરસિંહના મહેલમાં આવ્યા. ત્યાં બેઠેલા રાજાએ તેમનો સત્કાર કર્યો, ને વાતચીત થતાં તેમણે પોતાના આ ખાનગી મંત્રીનો રોગ દૂર થાય એવું કાંઇ ઓષડ આપવાનું તેમને કહ્યું. તે વૈદ્યના વેષધારી સંતે વીરસિંહની નાડી આદિ જોઇ પોતાની ઝોળીમાંથી એક વનસ્પતિના મૂળની ભૂકી કાઢીને રાજાને કહ્યું કેઃ—આ ઓષડ કાગડાના માંસ ને દ્રાક્ષના મદ્યની સાથે મેળવીને ખાવાનું છે. એ પ્રમાણે ખાવાથી આ ગૃહસ્થ તુરત સાજા થશે." એ વચનો સાંભળી વીરસિંહે વિનયપૂર્વક કહ્યું કેઃ—"વૈદ્યરાજ! કાગડાનું માંસ ને દ્રાક્ષનું

મદ્ય હું ઉપયોગમાં લેતો નથી, તેનો મેં સર્વદા ત્યાગ કર્યો છે.” પેલા વૈદે, રાજાએ તથા સમીપમાં બેઠેલા બીજા મનુષ્યોએ તેને બહુ બહુ સમજાવવા માંડયો, પાછળથી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત તથા ધર્મદાન કરવાનું કહ્યું, તોપણ તેણે તે વસ્તુઓ ખાવાનો સ્વીકાર ન કર્યો, ને અંતમાં રાજાને બહુજ આગ્રહથી તેણે કહ્યું કેઃ—“જો આપ મારું ભલું ચહાતા હો, તથા મારાપર પ્રીતિ રાખતા હો, તો કદાચ હું બેશુદ્ધ થઉં તે સમયમાં પણ મને જીવાડવાના લોભથી આપ એ નિંદ્ય વસ્તુઓ ઔષધના અનુપાનરૂપે અપાવશો નહિ.” વૈદે જાણ્યું કે આ મૃત્યુનો સ્વીકાર કરે છે, પણ પોતાના નિયમનો ત્યાગ કરવાનો સ્વીકાર કરતો નથી, તેથી હવે આને વધારે પીડા આપવી ઉચીત નથી. પછી પોતાની ઝોળીમાંથી બીજું ઔષધ કાઢીને તે પાણીમાં નાંખી તેને પાયું. એ ઔષધ આપ્યું, ને તે સાથે રોગ દૂર થવાની ભાવના કરી, એટલે થોડા સમયમાં તે રોગીને શાંતિ પ્રતીત થવા લાગી વૈદ ત્યાંથી ચાલી નીકળ્યા. રાજાએ તેમને પુષ્કળ દ્રવ્ય આપવા માંડયું, પણ તેનો તેમણે વિવેકસહિત અસ્વીકાર કર્યો, ને પોતાના સ્થાનપર આવ્યા. વીરસિંહ અલ્પ સમયમાંજ પૂર્વની પેઠે નીરોગ થયો, ને આગળની રીતે તે સંતનો ખરી પ્રીતિથી નિત્યપ્રતિ સંગ કરી, તેમની આજ્ઞાઓનું આગ્રહપૂર્વક પાલન કરી, વિવેકાદિ સાધન સંપન્ન થઇ, આત્મસ્વરૂપનું જ્ઞાન મેળવી, કાળે કરીને સદ્ગતિને પામ્યો.

શાસ્ત્રકથનને યથાર્થ સમજવાની આવશ્યકતા.

યુક્તિ અને અનુભવવડે શાસ્ત્રોના કથનોનો વાસ્તવિક અર્થ સમજી તે પ્રમાણે વર્તનારને લાભ થાય છે, અને એમ નહિ વર્તનારને હાનિ થાય છે, તથા તે મૂર્ખમાં ગણાય છે. લોકમાં ઘણ-

વાની સાથે ગણવાની પણ બહુજ અગત્ય મનાય છે. જેઓ માત્ર ભણેલા હોય છે, પણ ગણેલા હોતા નથી, તેમની કેવી અવસ્થા થાય છે તે નીચેના વિષ્ણુશર્માએ પંચતંત્રમાં આપેલા દૃષ્ટાંતથી જણાશેઃ—

કોઈ દેશમાં ચાર બ્રાહ્મણપુત્રો પરસ્પર મિત્રભાવે વસતા હતા. એક વેલા હસતાં હસતાં તેઓએ પરસ્પર વિચાર કર્યો કેઃ— "આપણે દેશાંતરમાં જઇને વિદ્યાનું ઉપાર્જન કરીએ, કેમકે વિદ્યાવિના મહત્ત્વપણું પ્રાપ્ત થતું નથી." એવો વિચાર કરીને તેઓ સ્વદેશ ત્યજી વિદ્યા સંપાદન કરવામાટે કાન્યકુબ્જદેશવિષે ગયા. તે દેશમાંના કોઇ નગરની શાળામાં જઇને તેમણે ભણવાનો પ્રારંભ કર્યો. બાર વર્ષસુધી એક ચિત્તથી વિદ્યાભ્યાસ કરીને તે સર્વ માત્ર વિદ્યામાંજ કુશલ થયા, પણ વ્યવહારમાં કુશલ ન થયા, વિદ્યા સંપાદન કરી રહ્યા પછી તેઓએ વિચાર કર્યો કેઃ—"હવે આપણે સર્વે વિદ્યાનો પાર પામ્યા છીએ, તેથી ગુરુને સ્વસામર્થ્યાનુસાર દક્ષિણા આપી, તેમની અનુજ્ઞા મેળવી, પોતપોતાનાં પુસ્તકો સાથે લઈ, સ્વદેશમાં જઇએ." પછી તેઓ પોતાના ગુરુને યથાશક્તિ દક્ષિણા આપી, ગુરુની અનુજ્ઞા માગી, પોતાનાં પુસ્તકો બાંધી, ત્યાંથી ચાલી નીકળ્યા. થોડેક દૂર ચાલ્યા તેવામાં બે માર્ગો આવ્યા, એટલે એ બેમાંનો કયો માર્ગ સાચો છે તે જ્ઞાત નહિ હોવાથી તેઓ ત્યાં ઊભા રહ્યા. તે બ્રાહ્મણોમાંથી એક બોલ્યો કેઃ—હવે આ બે માર્ગમાંથી આપણે કયે માર્ગે જવું?" તે સાંભળી તેમાંથી એકે ઉત્તર આપ્યું કેઃ—"એની ચિંતા કરવી પડે એમ નથી, કેમકે જે શાસ્ત્રો આપણી પાસે છે તેમાં સર્વ વાતોનો નિર્ણય છે, તેથી તેમાં જોવાથી જે યથાર્થ માર્ગ હશે તે આપણને જણાશે." આ સમયે તે નગરને

વિષે કોઇ વણિક પુત્ર મરી ગયો હતો, તેને બાળવામાટે તે નગરના વણિકો (મહાજન) સ્મશાનભણી જતા હતા. તે વેલાએ તે ચારમાંથી એક જણે પુસ્તક કાઢીને માર્ગનો નિશ્ચય કરવા પુસ્તકમાં જોયું તો તેમાં "**महाजनो येन गतः स पन्थाः॥**" (મહાપુરુષો જે માર્ગે ગયા હોય તે માર્ગ છે,) એવું વાક્ય નીકળ્યું. તે વાક્ય વાંચીને તેઓએ નિશ્ચય કર્યો કે:—જે માર્ગે મહાજન એટલે વણિકો જતા હોય તે માર્ગ છે એમ આમાં કહ્યું છે, એટલે આ મહાજન જે માર્ગે જાય છે તેજ માર્ગ છે, એમ ધારી તેઓ તે મહાજન જે માર્ગે જતા હતા તે માર્ગે સ્મશાનસુધી મહાજનની પછવાડે ગયા. વણિકસમૂહ ત્યાં ઊભો રહ્યો, એટલે હવે શું કરવું તેના વિચારમાં તેઓ પડયા. એવામાં ત્યાં એક ગર્દભ જોવામાં આવ્યો, ત્યારે બીજા પંડિતે આ શું છે એમ જાણવામાટે પુસ્તક ઊઘાડીને જોયું, તો તેમાં નીચેનો શ્લોક તેના જોવામાં આવ્યો:—

" आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रुसंकटे ।
राजद्वारे स्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥ "

અર્થ:—વ્યાધિના સમયમાં, આપત્તિકાલમાં, દુષ્કાલમાં, શત્રુથી ઉપજેલા સંકટમાં, રાજદ્વારમાં અને સ્મશાનમાં જે સાથે ઊભો રહે છે તે બાંધવ છે.

એ શ્લોક વાંચી તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે:—"અહો! આ પુસ્તકમાં કહ્યા પ્રમાણે તો આ આપણો બાંધવ છે!" એમ કહી તેઓ તેની ડોકે તથા શરીરે વળગવા લાગ્યા, તથા તે પર પ્યાર કરવા લાગ્યા, એવામાં તેઓને ઉતાવળો દોડી જતો એક ઊંટ જોવામાં આવ્યો, ત્યારે તેમાંના એકે પૂછ્યું કે:—"આ શું છે?" તેટલામાં

ત્રીજા બ્રાહ્મણપુત્રે પુસ્તક ઊઘાડીને નીચેનાં પદો વાંચીને કહ્યું કેઃ—"**ધર્મસ્ય त्वरिता गतिः**"॥ (ધર્મની ગતિ ઊતાવળી હોયછે,) એમ આ પુસ્તકમાં કહ્યું છે, અને આ ઊતાવળી ગતિએ જાય છે, માટે આ ધર્મજ છે. હવે આપણે શું કરવું જોઇએ એમ વિચાર કરતા હતા ત્યાં ચોથા બ્રાહ્મણપુત્રે પુસ્તકમાં જોઇને કહ્યું કેઃ—"**इष्टं धर्मेण योजयेत्** ॥" (ઇષ્ટને ધર્મ સાથે જોડવું,) એમ આ ગ્રંથમાં કહ્યું છે, માટે આપણે આપણા બંધુને આ ધર્મની સાથે જોડી દેવો જોઇએ, એમ વિચારી તેઓ તે ગધેડાને ઊંટની ડોકે બાંધવાનો યત્ન કરવા લાગ્યા. એવામાં કોઇ મનુષ્યે ગામમાં આવી ગધેડાના ધણી ધોબીને કહ્યું કેઃ—"તારા ગધેડાને કોઇ મૂર્ખ બ્રાહ્મણો ઊંટની ડોકે બાંધવાનો યત્ન કરે છે. તેઓ જો તેમ કરશે તો તારો ગધેડો મરી જશે." આ સાંભળી તે ધોબી મૂર્ખ પંડિતોને પ્રહાર કરવા-માટે લાકડી લઇ સ્મશાનમાં આવ્યો. તેને મારવા આવતો જોઇ ગધે-ડાને મૂકી દઇ તેઓએ નાસવા માંડયું. ધોબી પાછો વળ્યો, એટલે તેઓ ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યા. આગળ ચાલતાં ચાલતાં એક નદી આવી. તે નદીમાં પૂર આવ્યું હતું. તેના જલમાં એક પલાશનું (ખાખરાનું) પાનડું તરતું આવતું જોઇને તેમાંના એક પંડિતે કહ્યું કેઃ—"જે આ પાનડું તણાતું આવે છે તે આપણને સામે પાર લઇ જશે, માટે ચાલો આપણે તે પર બેસીએ." પછી પુસ્તકોઆદિ માથાપર રાખી ચારે જણાએ તે પાનડાઉપર બેસી સામે પાર જવાસારુ તે પાનડાઉપર ઠેકડા માર્યા. પાનડું તો કયાંઇ રહ્યું, ને એ ચારે અજ્ઞ પંડિતો નદીમાં તણાવા લાગ્યા. યત્ન કરતાં ત્રણ જણ તો છીછરા પાણીમાં પહોંચ્યા, ને એક ઉંડા પાણીમાં રહેવાથી ડુબી જવા લાગ્યો, ત્યારે બાકીના ત્રણેને નીચેનો શ્લોક

સ્મરણમાં આવ્યો:—

" सर्वनाशे समुत्पन्ने ह्यर्धं त्यजति पण्डितः।

अर्धेन कुरुते कार्यं सर्वनाशो हि दुःसहः ॥"

અર્થ:—જ્યારે સર્વનો નાશ થતો હોય ત્યારે પંડિત અર્ધાનો ત્યાગ કરે છે, અને અર્ધાવડે કાર્ય કરે છે, કેમકે સર્વનો નાશ દુઃસહ છે.

આ શ્લોકનો વિચાર કરતાં તેમને જણાયું કે:—" આ આખો તણાઈ જાય છે તે ઠીક થતું નથી, માટે આપણે યત્ન કરીને આમાંથી અર્ધ તો અવશ્ય બચાવવો જોઇએ, " એમ કહી લાકડીને છેડે એક સારું દાતરડું બાંધી તે જોરથી તેની ડોકપર મારી તેનું માથું કાપી લીધું. ત્યારપછી તેઓ નદીમાંથી બહાર નીકળ્યા, અને સમીપમાં એક ગામ હતું ત્યાં ગયા. તે ગામમાં પૃથક્ પૃથક્ ગૃહસ્થને ત્યાં નિમંત્રિત થઇને તેઓ જમવા ગયા. ત્યાં એક ગૃહસ્થને ઘેર ઘીખાંડ-સહિત સૂત્રિકાનું (સેવનું) ભોજન હતું. તે જોઇ વિચાર કરીને તે પંડિતે પોતાના મનમાં કહ્યું કે:—" **दीर्घसूत्री विनश्यति** ॥" (દીર્ઘસૂત્રી નાશ પામે છે,) એ વાક્યમાં લાંબા સૂત્રજેવા પદાર્થનું ભોજન કરનારો નાશ પામે છે એમ કહ્યું છે, માટે જો હું આ ખાઇશ તો મરી જઇશ, એમ ધારી ભોજનનો ત્યાગ કરી તે ચાલતો થયો. બીજા ગૃહસ્થને ઘેર એક પંડિતને ફાફડા પિરસવામાં આવ્યા હતા. તે જોઇને તે પંડિતે વિચાર્યું કે:—" **अतिविस्तारविस्तीर्णं न तद्भवे-च्चिरायुषम्** ॥ " (અતિ વિસ્તારથી જે વિસ્તીર્ણ છે તે લાંબા આયુષ્યવાળું થાય નહિ,) એ શ્લોકમાં વિસ્તારવાળા પદાર્થનું ભોજન કરવાથી નાશ થવાનું કહ્યું છે, માટે જો હું આનું ભક્ષણ કરીશ તો અલ્પસમયમાંજ મૃત્યુ પામીશ, એમ વિચાર કરી તે પણ ભોજન ત્યજીને ચાલતો થયો. ત્રીજા ગૃહસ્થને ઘેર વડાંનું ભોજન કર્યું હતું.

ત્યાં ત્રીજા પંડિતને " **छिद्रेष्वनर्था बहुलीभवन्ति ॥** " (છિદ્રોમાં બહુ અનર્થ થાય છે, એ વચન સ્મરણમાં આવ્યું, તેથી તેણે વિચાર્યું કે:—જો આ છિદ્રવાળો પદાર્થ હું ખાઇશ તો તેમાંથી અનર્થ થશે, એમ વિચારી તે પણ ત્યાંથી ભૂખ્યો ઊઠ્યો. એ પ્રકારે તે ત્રણે પંડિતો તે ગૃહસ્થોને ત્યાંથી ભૂખ્યા ઊઠયા. અને લોકોના ઉપહાસને પાત્ર થઇ ભ્રમણ કરતા કરતા સ્વદેશમાં આવ્યા, માટેજ નીચે પ્રમાણે કહેવાય છે:—

" अपि शास्त्रेषु कुशला लोकाचारविवर्जिताः ।
सर्वे ते हास्यतां यान्ति यथा ते मूर्खपंडिताः ॥ "

અર્થ:—ભલે શાસ્ત્રોવિષે કુશલ હોય, તોપણ જેઓ લોકાચારને નહિ જાણનારા હોય, તેઓ જેમ આ મૂર્ખપંડિતો ઉપહાસને પામ્યા તેમ ઉપહાસને પામે છે.

પ્રભુની ભક્તવત્સલતા.

પરમાત્મા ભક્તવત્સલ છે. પોતાના અનન્યભક્તના યોગક્ષેમનો નિર્વાહ તેઓશ્રીજ કરે છે. પ્રભુ આપત્કાલે ભક્તનું રક્ષણ કરી તેની લજ્જા રાખે છે એ વાર્તા પ્રહ્લાદાદિનું તેમના ક્રૂર પિતાદિથી રક્ષણ કરવાથી ભક્તજનોને ને અન્યજનોને સુવિદિત છે. શરણાગતવત્સલ પ્રભુએ એક રજપૂતની લજ્જા રાખી તેનું રક્ષણ કર્યાની વાત પણ લોકમાં આ પ્રમાણે સંભળાય છે:—

રજપૂતસ્થાનમાંના કોઇ એક નગરનો રહીશ એક સજ્જનસિંહ રજપૂત દુર્બલ અવસ્થામાં આવી પડવાથી પોતાની આજીવિકા ચલાવવામાટે પોતાના કુટુંબસહિત દિલ્હી ગયો. ત્યાં યત્ન કરતાં કેટલેક દિવસે તેને બાદશાહની મુલાકાત થઇ. સજ્જનસિંહે પોતાને

યોગ્ય નોકરી આપવામાટે બાદશાહને વિનતિ કરી, તેથી બાદશાહે તેની યોગ્યતા જોઇ તેને સારો પગાર ઠરાવી પોતાની હજુરમાં નોકરી આપી. પ્રામાણિકપણે નોકરી કરવાથી સમય જતાં સજ્જનસિંહ બાદશાહને પ્રિય થયો, ને તેમના દરબારમાં તે અમીરની પદવિએ પહોંચ્યો. એક વેળા તે બાદશાહની સાથે મૃગયા કરવા વનમાં ગયો. મૃગયા કરતાં સજ્જનસિંહનું બાણ એક સગર્ભા મૃગલીને વાગ્યું, તેથી તે મૃગલી બચ્ચાં જણી મરણ પામી, ને તેનાં બચ્ચાં પણ તેની પછવાડે તરફડીને તુરત મરણ પામ્યાં. આ બનાવ જોઇ સજ્જનસિંહના મનમાં બહુ દયા ઉપજી, ને તેણે દયાના આવેશમાં એવો નિયમ ગ્રહણ કર્યો કેઃ—ઘેર ગયા પછી આજથી મારે લોઢાનું કોઇ પણ અસ્ત્રશસ્ત્ર પાસે રાખવું નહિ. રાત્રે જ્યારે ઘેર આવ્યો ત્યારે વનમાં બનેલી સર્વ વાત તેણે પોતાની સ્ત્રીને કહી સંભળાવી. તે સાંભળી રજપૂતાણીએ કહ્યું કેઃ—"તમારે નિત્ય બાદશાહની સમીપમાં રહેવું પડે છે, તેથી રાજ્યના નિયમપ્રમાણે તમારે તરવાર પાસે રાખ્યા વિના ચાલે એમ નથી, માટે તમે જે નિયમ ગ્રહણ કર્યો છે તે પળી શકવો કઠિન છે." તેના ઉત્તરમાં સજ્જનસિંહે કહ્યું કેઃ—"ગ્રહણ કરેલા નિયમનો લોભભયાદિકથી ત્યાગ કરવો એ રજપૂતનો ધર્મ નથી, ને નિયમ તો ગ્રહણ થઇ ચૂક્યો છે, માટે હવે લાકડાની તરવાર કરાવી તેને સારા મ્યાનમાં રાખી તેને પાસે રાખીશ, કે જેથી ગ્રહણ કરેલા નિયમનું પાલન થાય, અને રાજ્યના નિયમને અનુસરવાથી બાદશાહને માઠું પણ ન લાગે." એ પ્રમાણે વાતચીત થયા પછી તુરતજ સજ્જનસિંહે પોતાના એક વિશ્વાસુ મનુષ્યદ્વારા એક વિશ્વાસપાત્ર સુતારને બોલાવી, તેની પાસે લાકડાની તરવાર તૈયાર કરાવી, તેને સારી મુંઠમાં નંખાવી, ઉત્તમ પ્રકારના મ્યાનમાં રાખી. આ વાતની કોઇને જાણ ન થાય તે

માટે સજ્જનસિંહ એ તરવારને સારી રીતે સાચવતો હતો, અને જ્યારે જ્યારે તે દરબારમાં જતો ત્યારે ત્યારે તે તરવાર સાથે લઈ જતો હતો. એક વેળા બાદશાહનો હજામ બાદશાહની હજામત કરવા તેમની પાસે ગયો, પણ બાદશાહને કાંઇ અગત્યનું કામ હતું, તેથી તેને થોડા સમયપછી આવવાનું કહ્યું. તે દિવસે સજ્જનસિંહની હજામતનો પણ વારો હતો, તેથી તે હજામ તેની હજામત કરવા તેની હવેલીએ આવ્યો. સજ્જનસિંહ હજામને તેના સામાનની તૈયારી કરવાનું સુચવી દિશાએ ગયો. હજામ અસ્ત્રા વગેરે તૈયાર કરતો હતો, ત્યાં તેની નજર ખીંટીએ ટીંગાડેલી એક સુંદર તરવારભણી ગઈ. મ્યાન તથા મુંઠની સુંદરતાથી મોહ પામેલા તે વાળંદે તરવારની સુંદરતા જોતા તુરતજ ઊઠીને તે તરવાર હાથમાં લીધી, ને બંધ (વાધરી) ખોલી તરવારને બહાર કાઢી તો લોઢાની તરવારની જગાએ લાકડાની તરવાર જોઇ તે અત્યંત આશ્ચર્ય પામ્યો, ને આ વાત બાદશાહને જણાવવાથી અવસ્ય મને કાંઇક લાભ થશે એમ વિચારી અહિંથી ઝટ પરવારી આ વાત બાદશાહને જણાવી દેવાનો તેણે નિશ્ચય કર્યો. સજ્જનસિંહ આવ્યા પછી તેણે વ્યગ્રચિત્તે તેની હજામત કરી, પછી તેની આજ્ઞા માગી, તે શીઘ્ર બાદશાહપાસે ગયો. બાદશાહ પોતાના કામમાંથી નિવૃત્ત થયા હતા એટલે હજામે તેમની હજામત કરવાનું કામ આરંભ્યું. હજામત કરતાં કરતાં તે હજામ વચ્ચે વચ્ચે નિશાસા મુકવાજેવો ડોળ કરતો હતો, તેથી બાદશાહે તેને પૂછ્યું કેઃ—“તું આમ નિશાસા શામાટે મૂકે છે?” ત્યારે તેણે કહ્યું કેઃ—“જહાંપનાહ! મેં એક ઘણોજ ખરાબ બનાવ જોયો છે, તેથી મારા મનમાં દુઃખ લાગ્યા કરે છે.” બાદશાહે કહ્યું કેઃ—“કયો ખરાબ બનાવ જોયો કે જેથી તું બહુ શોક પામે છે?” હજામે કહ્યુંઃ—“ગરીબપરવર!

એ બનાવનું કથન કરી શકાય એમ નથી, કેમકે તેનું કથન કરતાં કોઇનો રોટલો ત્રુટી જાય.'" બાદશાહે તેનાં તેવાં વચન સાંભળી એ વાત જાણવાની પોતાને બહુ ઇચ્છા થવાથી આગ્રહથી કહ્યું:—"ગમે તેમ હોય તોપણ તારે તે વાત મને કહેવીજ પડશે." હજામ જાણે નિરુપાયે કહેતો હોય તથા તે વાત કહેતાં જાણે પોતાને બહુ દુઃખ લાગતું હોય તેવો ડોળ કરીને બોલ્યો:—"હજુર ! આપના નવા રજપૂત અમીર સજ્જનસિંહજી લાકડાની તરવાર બાંધી આપની સભામાં આવે છે, ને એવી રીતે આપની સમીપ આવી આપનું અપમાન કરે છે, તેથીજ મને બહુ ખેદ થાય છે." બાદશાહે કહ્યું:—"તું સાચે સાચું કહે છે કે તે અમીર પોતાની પાસે લાકડાની તરવાર રાખે છે?" હજામે કહ્યું:—"સાહેબ! તેમની તરવાર લાકડાનીજ છે એમ મેં જાતે તે તરવાર જોઇને મારી પૂરી ખાત્રી કરેલી છે." બાદશાહને આ વાત સાંભળી ક્રોધ ચઢયો, ને હજામત થઈ રહ્યા પછી તુરતજ દીવાનને બોલાવી તેમની સાથે સજ્જનસિંહની આવી વર્તણુકમાટે તેને શી શીક્ષા કરવી તેનો વિચાર કરવા લાગ્યા. બન્નેએ પૂરતો વિચાર કરી એમ ઠરાવ્યું કે:—આજ સાંજે રાજબાગમાં સભા ભરવી, ને ત્યાં આગળથી એક કેળના થંભમાં લોઢાની સાંગ નંખાવી રાખવી. પછી તે કેળને પોતપોતાની તરવારથી કાપવા સર્વ અમીરોને આજ્ઞા આપવી. એમ કરવાથી આ અમીરનો વારો આવે તેને પોતાની તરવાર બહાર કાઢવી પડશે, એટલે તેનું કપટ ઊઘાડું થશે. પછી તે સંબંધમાં તેનો ખુલાસો સાંભળી તેને જે શિક્ષા કરવી યોગ્ય જણાશે તે શિક્ષા કરશું. કરેલા નિર્ણયપ્રમાણે રાજબાગમાં સાંજે અમીરોની સભા ભરવાનો ઠરાવ અમીરોને જણાવવામાં આવ્યો, અને સર્વ અમીરો ઠરાવેલે સમયે ત્યાં હાજર થયા. બાદશાહ તથા દીવાન પણ ત્યાં આવી પહોંચ્યા. પેલો

રજપૂત અમીર સજ્જનસિંહ પણ ત્યાં આવ્યો હતો. સર્વે પોતપોતાના આસનપર બેસી ગયા પછી દીવાને ઊભા થઈ સર્વ અમીરોને જણાવ્યું કે:—"નામદાર બાદશાહની એવી ઈચ્છા છે કે સર્વે અમીરોએ ક્રમપૂર્વક આ કેળના થંભને પોતાની તરવારના એક ઘાથી કાપી નાંખવા યત્ન કરવો. જેનો યત્ન સફળ થશે તેના પર તે મહેરબાન પ્રસન્ન થશે." દીવાનનું આવું વિલક્ષણ કથન સાંભળી ખરા મર્મથી અજ્ઞાત સર્વ અમીરો આશ્ચર્ય પામ્યા. પછી ક્રમપૂર્વક તેઓ પોતપોતાની તરવારનો કેળના થંભપર ઘા કરવા લાગ્યા, પણ સજ્જનસિંહનો વારો આવ્યો ત્યાંસુધી કોઈ પણ અમીરની તરવારથી તે કેળનો થંભ કપાયો નહિ, પરંતુ ઊલટું તેમની તરવારોને નુકશાન પહોચ્યું. હવે સજ્જનસિંહનો વારો આવતાં તે મનમાં ચિંતા કરતો કરતો ઊઠયો, અને બાદશાહને વિનતી કરી કે:—"હજુર! આપની આજ્ઞા મળે તો હું થોડો સમય પરમેશ્વરની સ્તુતિ કરી પછી મારી તરવારનો કેળના સ્થંભપર ઘા કરું." બાદશાહે તેમ કરવાની અનુમતિ આપવાથી તરવારને સંમુખ મૂકી તેણે આ સંકટના સમયમાં સાહાય્ય કરવા પરમેશ્વરની ખરા મનથી પ્રાર્થના કરવા માંડી. એમ કરતાં થોડો સમય થયો ત્યાં ઈશકૃપાથી તે તરવાર થોડી મ્યાનમાંથી બહાર નીકળી, ને જાણે ઊત્તમ પ્રકારની ધારવાળી તે હોય એમ તે રજપૂતને પ્રતીતિ થઇ. પછી ઇશ્વરનો આભાર માની તરવાર લઈ તે કેળના થંભપાસે ગયો, અને મનમાં પરમાત્માનું સ્મરણ ધ્યાન કરી મ્યાનમાંથી તરવાર કાઢી ત્રણ ઘાથી અંદરની સાંગસહિત કેળના થંભના ત્રણ કટકા કરી નાંખ્યા. સજ્જનસિંહની તરવારના વિલક્ષણ તેજથી તથા તે તરવારની ઉગ્ર ધારથી બાદશાહસહિત સૌ સભાજનો આશ્ચર્ય પામ્યા. બાદશાહે તથા દીવાને સજ્જનસિંહના પર-

ક્રમનાં તથા તેની તરવારનાં વખાણ કર્યાં, ને તેને સારું ઈનામ આપ્યું. હવે બાદશાહનો કોપ પેલા હજામપર ઊતર્યો. તેણે એકદમ દીવાનને હુકમ કર્યો કે:—"અમુક હજામને એકદમ પકડાવી મગાવી તેને ગરદન મારવાનો ને તેનાં ઘરબાર લૂટી લેવાનો બંદોબસ્ત કરો." બાદશાહનો આ હુકમ સાંભળી રજપુતના મનમાં આવ્યું કે:-તે હજામે મારી તરવારના સંબંધમાં બાદશાહને કાંઇ કહ્યું હશે, ને તેથીજ બાદશાહે મારી તરવાર જોવા આ રચના કરી હશે, પણ આ વેળા તરવારની વિલક્ષણતા જોઇ બાદશાહને તે હજામપર ક્રોધ ચડ્યો હશે, તેથી તેમણે આવો હુકમ કર્યો હશે. એમ વિચારી તેણે વિનયપૂર્વક બાદશાહને અરજ કરી કે:—"જહાંપનાહ? જો મારી તરવારના સંબંધમાં કાંઈ વાત આપ નામદારને એ હજામે કહી હોય, ને તેથી આપ નામવર તેના પર ગુસ્સે થઇ આવો હુકમ ફરમાવતા હો તો હું આજીજીપૂર્વક કહું છું કે તેના પર રહેમ લાવી તેને તે સજામાંથી મોકળો કરવા કૃપા કરશો." સજ્જનસિંહનાં એવાં વચનો સાંભળી બાદશાહે કહ્યું કે:—"જેણે તમારી આવી ઉત્તમ પ્રકારની તરવારને લાકડાની તરવાર કહી તમારી આબરૂ પડાવવાનો યત્ન કર્યો એવા જુઠાબોલા નીચ હજામને એવી સજા અવશ્ય થવી જોઇએ." રજપૂતે અરજ કરી કે:—"ગરીબપરવર! એમાં એ હજામનો દોષ નથી. મારી તરવાર લાકડાનીજ છે." એમ કહી તેણે પોતાની તરવાર મ્યાનમાંથી બહાર કાઢી બાદશાહને બતાવી, ને એવી તરવાર પાસે રાખવાનું જે કારણ હતું તે પણ દર્શાવ્યું. બાદશાહ તે તરવાર તથા રજપૂતની ટેક જોઇને આશ્ચર્ય પામ્યો, ને ત્યારપછી તેને તેવી તરવારસહિતજ પોતાના દરબારમાં આવવાની તેમણે પરવાનગી આપી, ને હજામને દિલ્હીની હદબાર કરી તેની માલમિલકત લઈ લેવા યથાયોગ્ય બંદો-

બસ્ત કરવા પોતાના દીવાનને હુકમ કર્યો.

ઈશ્વરમાં સુદૃઢ શ્રદ્ધા રાખવી જોઇએ.

જેઓને પરમાત્મામાં માહાત્મ્યજ્ઞાનસહિત પૂર્ણ વિશ્વાસ છે તેઓનાં સર્વ કામ સફળ થાય છે, એટલુંજ નહિ, પણ તેઓ બીજાનાં અશક્યજેવાં પ્રતીત થતાં કામ પણ સફળ કરી શકે છે, પણ જેઓના ચિત્તમાં માહાત્મ્યજ્ઞાનસહિત દૃઢતમ વિશ્વાસ નથી, તેઓ પોતાનાં કે અન્યનાં વિકટ કાર્ય સફળ કરી શકતા નથી. નીચેની દંતકથા પણ એજ ભાવ સૂચવે છે.

શ્રીગંગાજીના તટપર કોઈ એક માણસનું પ્રાતઃકાળમાં આવવું થયું. તેની ઈચ્છા તુરત ગંગાજીને સામે પાર જવાની હતી, પણ તે વેળા મછવા આદિનો યોગ નહોતો, તેથી તે મુંઝાયો. કામ અગત્યનું હતું તેથી તુરત ગયા વિના ચાલે એમ નહોતું, ને કેટલીક પ્રતિકૂળતાથી મછવો શીઘ્ર મળી શકે એમ નહોતું. તેને શોકયુક્ત સ્થિતિવાળો જોઈ યદૃચ્છાથી ત્યાં નીકળી આવેલા શ્રીકબીરજીએ સહજ સ્વભાવે તેને તેની ચિંતાનું કારણ પૂછ્યું. તેના ઉત્તરમાં તેણે અગત્યના કામમાટે ગંગાપર જવાની પોતાની ઈચ્છા સફળ થતી નથી તેથી ક્લેશ થાય છે એમ જણાવ્યું. કબીરજીએ તેનાપર દયા કરી જેમાં રામનામ લખેલું હતું એવી એક કાગળની કટકી પોતાની પાસે હતી તે વીંટાળીને તેને આપી, ને કહ્યું કે:—"આ મંત્ર લખેલો કાગળ હાથમાં રાખી તમે પાણીપર સુખપૂર્વક ચાલ્યા જાઓ, એ મંત્રના પ્રતાપથી તમે ડુબશો નહિ." પેલો માણસ તે કાગળની કટકી હાથમાં લેઈ ભૂમીની પેઠે જળપર ચાલવા લાગ્યો. તે જ્યારે ગંગાજીના મધ્યભાગમાં ગયો ત્યારે તેના હર્ષનો પાર રહ્યો નહિ, એટલે આ કાગળના કટકામાં કયો ચમત્કારી મંત્ર છે તે જોવાની તીવ્ર ઈચ્છા

થઈ, તેથી તેણે તે કાગળની કટકી ઉઘાડી તેમાં જોયું તો તેમાં **રામ** એવા બે અક્ષર લખેલા જોયા. તે જોતાંજ **રામ**નામના માહાત્મ્યને નહિ જાણનાર તે શ્રદ્ધાહીન બોલી ઊઠયો:—"અરે ! આ **રામ**-નામ સૌ જાણે છે, એ તે કયો મોટો ચમત્કારી મંત્ર છે ?" એમ બોલતાંજ તે ડુબવા લાગ્યો, ત્યારે તેને પોતાના બોલવામાં થએલી ભૂલનું કિંચિત્ ભાન થયું, ને તુરત તે પોકારવા લાગ્યો કે:— "આ મારા **રામ** નહિ, પણ કબીરજીના **રામ** છે ! ને તે મહા-સમર્થ છે." એમ સમયને માટે તેને તે મંત્રમાં કાંઈક શ્રદ્ધા થવાથી તે પાછો જાણે ઢીંચણસામા પાણીમાં ચાલતો હોય તેમ ચાલવા લાગ્યો, ને સુખપૂર્વક ગંગાજીને સામે પાર પહોંચ્યો.

અનન્યભક્તિ ને અનન્યભક્તનાં લક્ષણો.

દુષ્ટોના દલનવડે ભૂમિનો ભાર ઊતારવા, સજ્જનોને તેમના અસાધારણ શુભકર્મ ને શુભચિંતનનું શ્રેષ્ઠ ફળ આપવા, તથા સદ્ધર્મનું સ્થાપન કરવા પોતાની યોગમાયાવડે આવિર્ભાવ પામેલા **શ્રીકૃષ્ણ** (સદાનંદરૂપ પરમાત્મા) જ્યારે **શ્રીદ્વારિકા**માં વિરાજતા હતા ત્યારે કોઈ વર્ષની શરદપૂનમની મધ્યરાત્રિએ તેઓશ્રી પોતાનાં પ્રિય પત્ની **વિનોદસુંદરી**ને (સુખરૂપ ગુણવાળી સાત્ત્વિકી વૃત્તિને) મંદિરે જવા કૃપા કરીને નીકળ્યા હતા. તે વેળા આકાશ જ્ઞાનીના વા અનન્યભક્તના હૃદયજેવું સુનિર્મળ હતું, અનન્યભક્તના નિર્મળ હૃદયમાં માયાપતિ **શ્રીપરમાત્મા** શોભતા હોય તેમ સ્વચ્છ આકાશના મધ્યભાગમાં રજનિકાંત શશી શોભતો હતો, જ્ઞાનીનું વા અનન્યભક્તનું હૃદય વિક્ષેપને અભાવે જેમ શાંત હોય છે, તેમ મનુષ્યોના વાગ્વ્યાપારાદિને અભાવે રાત્રિ શાંત પ્રતીત થતી હતી, ને જ્ઞાનીના વા અનન્યભક્તના

હૃદયમાં જેમ આનંદ પ્રસરી રહે છે, તેમ પૃથ્વીપર રમણીય ચાંદની પ્રસરી રહી હતી. જેમને પોતાના ભક્તો પોતાના પ્રાણસમાન પ્રિય છે એવા ભક્તવત્સલ ને કરુણાનિધાન પ્રભુશ્રીના સુખદ આગમનના શુભ સમાચાર કોઈ પરિચારિકાદ્વારા જાણી, તે આહ્લાદક સમાચારની વધામણી આપનારી તે પરિચારિકાને મૂલ્યવાન વસ્ત્રાભૂષણ પારિતોષિકરૂપે આપી, જેમનાં નેત્રો પ્રેમાશ્રુથી ભરાયેલાં છે, તથા પરમહર્ષવડે જેમનાં રોમો ઊભાં થયાં છે એવાં તે ચતુર રાણી બહુ આદરપૂર્વક પોતાના કરકમળમાં રત્નજડિત સુવર્ણના થાળમાં ઉત્તમ મુક્તાફળો ભરી પોતાના હૃદયેશ્વરને માન આપવા તે જગન્નિયામકની સામાં આવ્યાં. પ્રેમને વશ વર્તનારા પ્રભુશ્રીની સમીપ જઈ તેઓશ્રીને મુક્તાફળોથી બહુ ભાવપૂર્વક વધાવી પોતાના મંદિરમાં ઉત્તમ સિંહાસનપર પધરાવ્યા. પછી તેઓશ્રીનું પ્રીતિ ને આદરસહિત વિધિવત્ પૂજન તથા સ્તુતિ કરી પરિચારિકાઓને જવાની અનુમતિ આપી. ભક્તજનોના હૃદયના અજ્ઞાન તથા દુઃખનો અત્યંત નાશ કરવો એજ જેનું મુખ્ય કર્મ છે એવાં તેઓશ્રીનાં ચરણકમળને પોતાના અંકમાં (ખોળામાં) બહુ માન તથા પ્રીતિથી સ્થાપન કરી તે ચરણકમળની પોતાને ધન્યભાગી માની તેઓ ચાતુર્યપૂર્વક પ્રેમસહિત સેવા કરવા લાગ્યાં. મંગળમૂર્ત્તિ શ્રીપ્રભુએ શ્રીમુખે વારંવાર તેમને ચરણસેવાથી ઉપરામ થવાનું કહ્યું ત્યારે જેમ મહાલોભીનું મન માંડમાંડ ધનના વિચારથી ઉપરામ પામે તેમ તેમનું મન માંડમાંડ શ્રીજગદીશ્વરના ચરણકમળની સેવાથી ઉપરામ પામ્યું. પશ્ચાત્ બ્રહ્માંજલિ કરી (બંને હાથ જોડી) ચકોર જેમ પરમપ્રીતિપૂર્વક ચંદ્રનાં દર્શન કરે તેમ જેમનાં નેત્રરૂપ ચકોર, પરમાત્માના મુખરૂપ ચંદ્રનું પરમપ્રીતિપૂર્વક દર્શન કરતાં હતાં એવાં તે પ્રભુશ્રીની સમીપમાં બેઠાં કેટલીક ક્ષણો

મૌનસ્થિતિમાં વ્યતીત થયા પછી અનુકૂળ સમય જોઇ તેમણે મંદમંદ હાસ્યપૂર્વક વિનયસહિત નમન કરી પોતાના પ્રાણનાથ પ્રભુશ્રીને આ પ્રમાણે કહ્યું:—

"હે પ્રાણથી અધિક પ્રિય પ્રભો ! આજ આપશ્રીની આ દીન દાસીના હૃદયમાં શ્રીમુખેથી આપશ્રીની અનન્યભક્તિનું તથા આપશ્રીના અનન્યભક્તોનાં મુખ્ય મુખ્ય લક્ષણોનું વ્યાખ્યાન સાંભળવાની ઉગ્ર ઇચ્છા પ્રકટ થઇ છે. આપ કે જે પ્રાર્થના કર્યા વિનાજ પોતાના ભક્તોનું હિત કરવામાં સર્વદા તત્પર છો તેઓની આગળ આવી પ્રાર્થના કરવી તે યોગ્ય ન ગણાય, છતાં મારાથી મારા અંતઃકરણનો વેગ રોકી નહિ શકાવાથી આ પ્રાર્થના આપશ્રીને નિવેદન કરાઈ ગઈ છે."

બોલવામાં ચતુર વિનોદસુંદરીની ઉપર પ્રમાણેની પ્રાર્થના સાંભળી જેમના શ્રીઅંગની આસપાસ ભક્તોના હૃદયના અજ્ઞાનરૂપ અંધકારને હરનાર આનંદમય દિવ્યપ્રકાશ પ્રસરી રહ્યો છે, જેઓશ્રીની આસપાસના વાતાવરણમાં અલૌકિક સુગંધ ને ભક્તના મનને આકર્ષણ કરનારું સામર્થ્ય ફેલાઈ રહ્યાં છે, જેમનાં નેત્રો નિરવધિ દયા ને ક્ષમાથી ભરેલાં તથા અવર્ણનીય આનંદથી પ્રફુલ્લ છે, અને જેમના અત્યંત મનોહર મુખારવિંદપર ભક્તોની વિપત્તિનું હરણ કરનાર મંદમંદ હાસ્ય છવાઇ રહ્યું છે, એવા કૃપાસાગર પ્રભુ પોતાનામાં પરમપ્રીતિ રાખનાર વિનોદસુંદરીપ્રતિ બુધજનોના મનને આનંદ ઉપજાવનારાં નીચે દર્શાવેલાં અદ્ભુત વચનો બોલ્યાઃ—

"હે પ્રિયે ! મારા અનન્યભક્તદ્વારા અને સત્શાસ્ત્રદ્વારા મારું યથાર્થ માહાત્મ્ય સમજી, આ વિશ્વમાંના અન્ય સર્વ પ્રાણિપદાર્થમાં સાધારણ પ્રીતિ રાખી, મારે વિષે તે સર્વથી અધિક પ્રીતિ દીનતા

ને નિષ્કપટતાપુર્વક રાખવી, તે મારી અનન્યભક્તિ કહેવાય છે. આને પરાભક્તિ, પરમપ્રેમલક્ષણાભક્તિ અથવા ઐકાંતિકભક્તિ પણ કહેવામાં આવે છે. શ્રવણાદિ નવધા ભક્તિ તેના સાધનરૂપ છે. મારો અનન્યભક્ત દેહભાવે પોતાને મારો ગર્ભદાસ (ગુલામ) માને છે, અને જીવભાવે મને અંશી ને પોતાને મારો અંશ માને છે. તેને સમજાય છે કે પ્રભુ સૂર્યસમાન છે, ને હું ખદ્યોતસમાન છું; પ્રભુ સાગરસમાન છે, ને હું બિંદુસમાન છું; અને પ્રભુ અસંખ્ય બ્રહ્માંડોના મહારાજા છે, ને હું તેમના દાસના દાસનો દાસ કહેવરાવવાને પણ યોગ્ય નથી.

હે પ્રસન્નવદને ! મારા અનન્યભક્તને જીવતાં મારુંજ તેને પરમ આશ્વાસન છે એમ સમજાય છે, મરણકાળે પણ મારા તરફથીજ તેને પરમ આશ્વાસન મળશે એવો સુદૃઢ વિશ્વાસ છે, અને મરણ પછી પણ તેને મારુંજ પરમ આશ્વાસન મળશે, અર્થાત્ હુંજ તેને આનંદમય અનંત જીવન આપીશ, એવી તેને પરિપૂર્ણ શ્રદ્ધા હોય છે.

હે મનોરમે ! મારો અનન્યભક્ત જે વિચારવાયોગ્ય નથી તે વિષયનો વિચાર કરી મારા નિવાસસ્થાનરૂપ પોતાના હૃદયને અપવિત્ર કરતો નથી, જે બોલવાયોગ્ય નથી તે બોલી પોતાની વાણી જે મારા સ્મરણમાં ઉપયોગી છે તેને અપવિત્ર કરતો નથી, ને જે જોવાયોગ્ય નથી તે જોઇ પોતાનાં નેત્ર જે મારા દર્શનમાં ઉપયોગી છે તેને અપવિત્ર કરતો નથી.

હે વરાનને ! બુદ્ધિની સૂક્ષ્મતા ને પવિત્રતા મને બહુ પ્રિય છે, એમ સમજી તે અનન્યભક્ત પોતાની બુદ્ધિની સૂક્ષ્મતા ને પવિત્રતા કરવા નિરંતર સદાગ્રહપૂર્વક પ્રયત્ન કર્યા કરે છે, મારી અધિક અધિક કૃપા પોતાના ઉપર કેવી રીતે ઊતરે તેનોજ તે સર્વદા વિચાર કર્યા

કરે છે, ને પોતાના અંતઃકરણમાં મારી કૃપા મેળવવાનાં જે જે સાધનો તેને સમજાય તે તે સાધનોનું તે પરમપ્રીતિથી સાવધાનતાપૂર્વક અનુષ્ઠાન કર્યા કરે છે. જેમ મોટો દુકાળ પડ્યો હોય તે સમયનાં રાંકાં સારું અન્ન મેળવવા બહુ આતુર રહે તેમ મારો અનન્યભક્ત મારી અલૌકિક કૃપા સંપાદન કરવા સર્વદા આતુર રહે છે.

હે ચતુરે ! જેમ પતિપરાયણા સુઘડ સ્ત્રી પોતાના રસિક ને સુઘડ પતિની કૃપા મેળવવા પોતાના ઘરને તેમાંનો કચરો દૂર કરી સર્વદા સ્વચ્છ રાખી તેને યોગ્ય પદાર્થોવડે શણગારે છે, તેમ મારો અનન્યભક્ત મારી વિશેષ કૃપા મેળવવા પોતાના અંતઃકરણ આદિના દોષો દૂર કરી પોતાના અંતઃકરણ આદિને સર્વદા સ્વચ્છ રાખે છે, તથા તેને શુભગુણોવડે નિરંતર વિભૂષિત કર્યા કરે છે.

હે સુલોચને ! મારા અનન્યભક્તના હિતમાટે મેં સાક્ષાત્ કે પરંપરાવડે જે જે આજ્ઞાઓ કરી હોય છે તે સર્વ આજ્ઞાઓનું તે રહસ્ય સમજી બહુમાનપૂર્વક સદાગ્રહ રાખી સર્વદા વિવેકપૂર્વક પરિપાલન કરે છે, પ્રમાદથી તે આજ્ઞાઓનું તે કદીપણ ઉલ્લંઘન કરતો નથી, અને પોતાના મનને ગમે તેમ તે વર્તતો નથી. 'મારાં ધન્યભાગ્ય કે પ્રભુએ મને આ આજ્ઞા કરી' એમ માની મેં કરેલી આજ્ઞાનું તે બહુજ ઉત્સાહથી યથાવિધિ પરિપાલન કરે છે. હે પ્રિયવાદિનિ ! મારી કોઈ પણ પ્રકારની સેવા કરવાનું કામ તેને પ્રાપ્ત થયું હોય તો તે કામ પણ તે પોતાને ધન્ય માનીને બહુ ઉછરંગથી વિવેકપુર્વક કરે છે, વેઠ કાઢવાની પેઠે નિરાદરપણે કરતો નથી. મારી કૃપાનો તે કદીપણ દુરુપયોગ કરતો નથી, પણ મારા સામર્થ્યનો વિચાર કરી, મારું ભય ધારી, મારી કૃપાનો તે સર્વદા સદુ-

પયોગજ કરે છે. મારા અનન્યભક્તનું હૃદય મહાસાગરજેવું ગંભીર હોવાથી કોઇ પણ મનુષ્ય તેના હૃદયની અગત્યની ગુપ્ત વાત જાણી શકવા સમર્થ થતો નથી.

હે પાપરહિતબુદ્ધિવાળી! મારા અનન્યભક્તને મારા પ્રભુપણામાં લેશ પણ સંશય કે વિપર્યય નથી–સંશયવિપર્યયરહિત સંપૂર્ણ વિશ્વાસ છે. જેમ વ્યવહાર કુશળ મનુષ્યને રૂપીઆના રૂપીઆપણામાં, સોના-મહોરના સોનામહોરપણામાં, કે હુંડીના હુંડીપણામાં લેશ પણ સંશય કે વિપર્યય નથી, તેમ મારા અનંત ઐશ્વર્યયુક્ત જગન્નિયંતાપણામાં મારા અનન્યભક્તને લેશ પણ સંશય કે વિપર્યય નથી. વળી તેને મારા કોઇ પણ ચરિત્રમાં લેશ પણ ભ્રાંતિ ઉત્પન્ન થતી નથી, કેમકે તે મને સર્વ પ્રાણીઓનો અંતરાત્મા તથા અત્યંત નિર્લેપ સમજે છે. મારા સ્વરૂપમાં તેને ક્ષણે ક્ષણે નવા નવા સૌંદર્યનું ભાન થાય છે, મારાં વચનોમાં ક્ષણે ક્ષણે તેને નવા નવા માધુર્યની પ્રતીતિ થાય છે, ને મારી પ્રત્યેક પ્રવૃત્તિમાં તેને કાંઇક કાંઇક અલૌકિક ચમત્કાર ભાસ્યા કરે છે.

હે સુવિચારરસિકે! પ્રીતિ પ્રીતિ વા ભક્તિ ભક્તિ તો ઘણા મનુષ્યો કહ્યા કરે છે, પણ પ્રીતિ વા ભક્તિની પ્રાપ્તિ તો કોઇક કરી શકે છે. જે મનુષ્ય સાંસારિક વિષયોના રાગદ્વેષથી મારું વિસ્મરણ કરે તે મનુષ્ય મારામાં પ્રીતિ રાખનારો વા મારો ભક્ત કહી શકાય નહિ. કોઈ મનુષ્યને શસ્ત્રનો ઘા લાગ્યો હોય, વા કોઇ મર્મસ્થાનમાં કાંટો વાગ્યો હોય, તે મનુષ્ય જેમ તે ઘાવાળા સ્થળને વા કાંટા-વાળા સ્થળને વારંવાર સંભાર્યા કરે છે, તેમ જે મનુષ્યના હૃદ-યને વારંવાર આદરપૂર્વક મારું સ્મરણધ્યાન કરવાનો સ્વભાવ પડ્યો હોય છે, તે મનુષ્યજ મારામાં પ્રીતિ રાખનારો વા મારો

ભક્ત કહેવાય.

હે સતિ! શુદ્ધભાવે મનેજ પોતાનું સર્વસ્વ માનનારા મારા ઐકાંતિકભક્તદ્વારા તથા સત્શાસ્ત્રદ્વારા જેણે જાણવાયોગ્ય તથા પ્રાપ્ત કરવાયોગ્ય મનેજ માનેલ છે તેવા મારા અનન્યભક્તો મારા સ્વરૂપને જાણવા તથા મને પ્રાપ્ત કરવા નિત્ય નિત્ય નવા નવા પ્રેમથી વ્યવસ્થાપૂર્વક વિવેકવાળો પ્રયત્ન લગાર પણ કંટાળ્યા વિના કર્યા કરે છે. દ્રવ્યલોભી વ્યાપારી જેમ વારંવાર પોતે કેટલી કમાણી કરી તે જોતો રહે છે, તેમ આવો મારો ભક્ત પણ મને પ્રભુના સ્વરૂપનું કેટલું જ્ઞાન થયું, તથા હું પ્રભુની સમીપ કેટલો આવ્યો તે વારંવાર જોતો રહે છે. જે અનંત જીવન મારા પુનરાવૃત્તિરહિત ધામમાં તેને પ્રાપ્ત કરવું છે તે અનંત જીવન પ્રાપ્ત કરવામાટે તે ભક્ત મારું નિરંતર ભાવપૂર્વક ચિંતન કર્યા કરે એમાં શું કહેવું? મહાલોભી મનુષ્ય જેમ ધનનું ને મહાકામી પુરુષ જેમ રૂપવતી સ્ત્રીનું નિરંતર ચિંતન કર્યા કરે તેમ મારો ભક્ત નિરંતર મારું ચિંતન કર્યા કરે છે.

હે વિવેકવતિ! જે દૂતીઓ સુખેચ્છુ મનુષ્યને મારા પુનરાવૃત્તિરહિત પરમાનંદમય ધામમાં લાવવાનું કામ કરે છે તેમાં પ્રીતિ, સુપ્રજ્ઞા (સુબુદ્ધિ) ને કર્તવ્યનિષ્ઠા એ ત્રણ દૂતીઓ મુખ્ય છે. મારા ધામમાં આવવાની ઇચ્છા રાખનાર મનુષ્યને પ્રીતિ વારંવાર કહ્યા કરે છે કેઃ—‘ હે સજ્જન! જો તમે પ્રભુના પરમપવિત્ર ને સુખમય ધામમાં પ્રવેશ કરવાની શુભેચ્છા રાખતા હો તો તમે પ્રભુમાં સર્વથી અધિક પ્રીતિ રાખો, સંસારના કોઈ પણ પ્રાણિપદાર્થમાં પ્રભુના જેટલી પ્રીતિ નજ રાખો. જ્યાંસુધી તમે સંસારના પ્રાણિપદાર્થોના કરતાં પ્રભુમાં ન્યૂન પ્રીતિ રાખો છો ત્યાંસુધી તો પ્રભુના પવિત્ર ને પ્રકાશ-

મય ધામનાં દ્વાર તમારે માટે ઊઘડવાનાં નથીજ, પણ જ્યાંસુધી તે પ્રાણિપદાર્થમાં તમે પ્રભુના જેટલી પ્રીતિ રાખશો ત્યાંસુધી પણ તે દ્વાર તમારી ગમે તેટલી ઇચ્છા હોય તોપણ તમારે માટે ઊઘડવાનાં નથી એ નક્કીજ જાણજો. તમે આ વિશ્વમાં પ્રિયતમ તો એક પ્રભુનેજ ગણો, પછી પ્રિય ને પ્રિયતર તમારે જેટલાંને ગણવાં હોય તેટલાંને ભલે ગણો. તમારા પુણ્યકર્મનો ઉદય થવાથી પ્રભુએ કૃપા કરી શ્રીમુખથી તમને તમારા પરમહિતની જે જે વાતો સંભળાવી હોય તે તે વાતોનો સ્વાદ ચાખ્યા પછી જો તમારા કાનને બીજા મનુષ્યની કહેલી વાતો સાંભળવી ગમે છે તો તમે તુરતમાં અનન્યભક્ત થઇ શકવાના નથી, નિરવધિ સૌંદર્યવાળા પ્રભુશ્રીનું મનમોહન સ્વરૂપ તમારા મોટા પુણ્યનો પરિપાક થવાથી તમે નિરખ્યું હોય ને તે નિરખ્યા પછી જો તમારાં નેત્રોને અન્ય પ્રાણિપદાર્થનું રૂપ જોવાની લાલસા રહે છે તો તમે પણ તુરતમાં અનન્યભક્ત થઇ શકવાના નથી, જો તમારા હાથ ભવદુઃખવિદારક શ્રીપ્રભુનાં ચરણકમળનો સ્પર્શ કરવા ભાગ્યશાળી થયા હોય ને તે સ્પર્શ કર્યા પછી જો તમારા હાથ બીજા પ્રાણિપદાર્થનો રાગપૂર્વક સ્પર્શ કરવા ઇચ્છે છે તો તમે પણ તુરતમાં પ્રભુના અનન્યભક્ત થઇ શકવાના નથી, ને તમારું મન જો પ્રભુના ધ્યાનરૂપ પરમામૃતને ત્યજી છાશરૂપ વિષયોના ધ્યાનમાં રાગવાળું રહે છે તો તમે પણ આ જન્મમાં પ્રભુના અનન્યભક્ત થઇ શકવાના નથી. જો તમે આ જન્મમાં પરમાત્માના અનન્યભક્ત થવા ઇચ્છતા હો તો મીન જેવો જળમાં પ્રેમ રાખે છે, મૃગ જેવો નાદમાં પ્રેમ રાખે છે, ચકોર જેવો ચંદ્રમાં પ્રેમ રાખે છે, મોર જેવો મેઘગર્જનામાં પ્રેમ રાખે છે, ચાતક જેવો પર્જન્યમાં પ્રેમ રાખે છે, પતંગ જેવો દીપકમાં પ્રેમ રાખે છે, કમળ જેવો સૂર્યમાં પ્રેમ રાખે છે, પદ્મિના

જેવો ચંદ્રમાં પ્રેમ રાખે છે, ને ભ્રમર જેવો કમળમાં પ્રેમ રાખે છે, તેવો પ્રેમ તમે ભક્તોના પ્રાણપ્રિય પ્રભુમાં રાખતાં શીખો. પ્રેમ કરવાનું શીખવ્યાથી આવડતું નથી, એમાં તો તમારા હૃદયની યોગ્યતા ને રસિકતાજ જોઇએ. જેમ દ્રવ્યનું માહાત્મ્ય જાણનાર મનુષ્ય પોતાના સર્વ દ્રવ્યનો ત્યાગ કરવાથી જો ચિંતામણિ પ્રાપ્ત થતો હોય તો તેને પ્રાપ્ત કરવા પ્રસન્નતાપૂર્વક તે પોતાના સર્વ દ્રવ્યનો ત્યાગ કરે છે, અને જેમ દેવશરીરથી પ્રાપ્ત થતાં સુખોનું માહાત્મ્ય જાણનાર મનુષ્ય જો પોતાના મનુષ્યશરીરના ત્યાગથી દેવશરીરની પ્રાપ્તિ થવાનો સંભવ જાણે તો તે પ્રસન્નતાપૂર્વક પોતાના મનુષ્યશરીરનો ત્યાગ કરે છે, તેમ જે મનુષ્ય પરમાત્માનો અગાધ મહિમા જાણે છે તે મનુષ્યજ વિશ્વમાંના સર્વ પ્રાણિપદાર્થપરથી પ્રેમ ઉતારી પ્રભુમાં પરમપ્રેમ કરી શકે છે, અન્ય તેની વાતો કરી શકે છે, પણ તેવો પ્રેમ કરી શકતા નથી. જો તમે થોડા પણ પ્રમાદ કરી મારાથી લગાર પણ દૂર થશો તો તુરત તમને પરમાત્માની ક્રૂર માયા વ્યાપશે, તમારા હૃદયમાં આસુરાવેશ થયેલો અનુભવાશે,-હૃદય દુષ્ટ મનોવિકારોવડે મલિન થઇ ગયેલું જણાશે, ને ઉંડાણમાં થતી કોઈ પ્રકારની વિચિત્ર વ્યાકુલતાથી તમારું હૃદય ભારે થઈ મુંઝાવા લાગશે. એક પ્રભુભ-ણીજ તમારી મનોવૃત્તિ રાખો. સંશય, ઈર્ષ્યા કે કુતૂહલથી પણ બીજા મનુષ્યાદિના વિચારમાં તેને નજ જવા દેશો, નહિ તો તમારી અન-ન્યભક્તિનો પરિપાક નહિ થતાં તમે જે કાંઇ ભક્તિ સંપાદન કરી હશે તે પણ ખોઇ બેસવાનો સમય આવશે. મારે તમને તમારી અન-ન્યભક્તિની પ્રાપ્તિની શુભેચ્છા વેળાસર ફળીભૂત થવાના ઉપાયરૂપે જે કહેવાયોગ્ય હતું તે સર્વ કહ્યું. હવે તમારે તેને શુદ્ધભાવથી અનુસરવું કે તમારા કુસંસ્કારો તમને જેમ પ્રેરે તેમ તમારે વર્તવું તે તમારી

ઇચ્છાનો વિષય છે.'

મારા પરમસુખમય ધામમાં આવવાની શુભેચ્છા રાખનાર મનુષ્યપ્રતિ સુપ્રજ્ઞા આવી રીતનાં અર્થની ગંભીરતાવાળાં મનોહર વચનો કહે છે:—

'હે સુખેચ્છો! શું તમે પરમાત્માના પરમસુખમય ને પરમ રમણીય ધામમાં જવાની ઇચ્છા રાખો છો? તમને જ્ઞાત હશે કે માત્ર શુભેચ્છાથીજ ઇચ્છિતનો લાભ થઇ જતો નથી, પણ દીર્ઘકાળ યોગ્ય પ્રયત્ન કરવાથીજ ઇચ્છિતનો લાભ થાય છે. ક્રોધ ઉપજવાનાં નિમિત્તો તમને પ્રાપ્ત થાય ત્યારે તમે ક્રોધનો વિવેક ને ક્ષમાવડે પરાજય નહિ કરતાં જો તેને વશ વર્તશો તો તમે પરમાત્માના પવિત્ર ધામને પ્રાપ્ત કરી શકશો નહિ; તમને પ્રારબ્ધવશાત્ પ્રતિકૂળ પ્રસંગો પ્રાપ્ત થાય તે વેળા જો તમે સહનશીળતાનો ઉપયોગ નહિ કરી શકો તો કરુણાનિધાન પ્રભુના ધામની પ્રાપ્તિ કરવાની તમારી ગમે તેટલી શુભેચ્છા છતાં પણ તમે પ્રભુશ્રીના અતિશાંત ને પ્રકાશમય ધામમાં જઇ શકવાના નથી; જો તમે કોઇ પણ પ્રાણીનો દ્વેષ કરો છો તો તે પાપમય પ્રવૃત્તિ પણ તમને દેવાધિદેવ પ્રભુના પુણ્યતમ ધામની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ થઇ પડશે; જો તમારા વિનાવિચારે બોલવાના ઊતાવળા સ્વભાવને તમે વશ કરી શકતા નથી તો તમારે માટે પવિત્રતમ પ્રભુના ધામનાં દ્વાર શી રીતે ઊઘડી શકશે? જો તમારા અંતઃકરણમાં ગુપ્ત રાખવાયોગ્ય વાતને ગુપ્ત રાખવાનું બળ તમારા અંતઃકરણના છાલકાપણાથી નથી તો તમારા ઉપર અનુગ્રહ કરી મહાગંભીર પ્રભુ તમને પોતાના પુનરાવૃત્તિરહિત ધામમાં પ્રવેશ કરવામાટે કેવી રીતે યોગ્ય ગણશે? જો તમે ઘણી વેળા કેવળ તમારા હિતને માટે કરેલી ઉદાર પ્રભુની આજ્ઞાઓના પરિપાલનમાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ કરતા નથી, પણ પોતાનું

ધાર્યું કરવાના હઠીલા સ્વભાવવાળા છો તો તમે ભક્તવત્સલ પરમાત્માના પરમધામમાં શી રીતે પહોંચી શકવાના હતા ? જડ રમકડાભણી જુઓ, તે બિચારું કેટલું બધું સરલ છે! બાળક તે રમકડાને પોતાની પાસે રાખી રમાડે તેમાં ને તેને દૂર મૂકી દે તેમાં તે સમભાવવાળુંજ રહે છે. વિવેકી માબાપનાં નાનાં નિર્દોષ બાળકો પણ કેવાં સરલ ને આજ્ઞાને અનુસરનારાં હોય છે ! અખિલેશ્વરની આજ્ઞા પ્રસન્નતાપૂર્વક પોતાને ધન્યભાગી માનીને માનવી, ને સરલ ચિત્તથી તેઓશ્રી તરફથી અન્ય આજ્ઞા થતાસુધી તે પ્રમાણેજ વર્તવું, અને પોતાનું કુટિલ મન બીજે આડે ચઢાવવાનો પ્રયત્ન કરતું જણાય તો તે મનને બહુજ ધિક્કાર આપવો, પણ તેને આડે કદીપણ નજ ચઢવું. આમ વર્તાય તોજ તમે જગન્નિયંતાના ભક્ત ગણાઓ, નહિ તો તમે તમારા મનનાજ ગર્ભદાસ ગણાઓ, ને જ્યારે તમારી સ્થિતિ આવી હોય ત્યારે જગદીશ્વરના પરમાનંદમય પ્રાસાદનાં દ્વાર તમારે માટે શી રીતે ઊઘડે ? જો તમારું સર્વસ્વ પ્રભુનુંજ છે, ને તમે પોતે પણ પ્રભુનાજ છો, તો પછી જેવી રીતે વર્તવાથી પરમાત્મા પ્રસન્ન થાય એવી રીતેજ તમારે વર્તવું જોઇએ. તમે તમારું મન પ્રભુનેજ અર્પણ કર્યું છે તો હવે તેના એકદેશરૂપ તમારા કુસ્વભાવને વશ વર્તવાનું તમારાથી શી રીતે બની શકે ? તમારે ધૈર્ય, સાવધાનતા ને દઢતા રાખી વિવેકપૂર્વક તમારી બુદ્ધિની ક્રમથી સૂક્ષ્મતા કરવી જોઇએ. પરમાત્માશ્રીના પવિત્ર વિચાર ને પવિત્ર આચાર એ બે તેઓશ્રીનાં ચરણકમળ છે તેમને મનોરૂપ હાથવડે સ્પર્શ કરવા–તદનુસાર વર્તવાનો–અતિ લોભ રાખવો, માત્ર સ્થૂલ ચરણકમળને સ્પર્શ કરવાનો લોભ ન રાખવો; અને પૂર્વોક્ત ચરકમળની સેવાનોજ બહુ ભાવ રાખવો, માત્ર સ્થૂલ ચરણકમળની સેવાનો ભાવ ન રાખવો. તમારે તમારી અનન્યભક્તિમાં નિરંતર

વધારો થાય એવુંજ વર્તન સાવધાનતાપૂર્વક નિરંતર રાખવું જોઇએ. તમને જ્યારે જ્યારે કઠિન પ્રસંગ પ્રાપ્ત થાય, ને તમારી પોતાની લૌકિકબુદ્ધિ તેમાં કાંઇજ કામ ન કરી શકે ત્યારે ત્યારે તમારે સ્વસ્થ થઇ પોતાના અંતઃકરણમાં ઉંડા ઊતરી પ્રભુશ્રીની પ્રાર્થના કરી તેઓશ્રી જેમ પ્રેરણા કરે તેમ વર્તવું જોઇએ. શ્રીઇશ્વરને સર્વ અર્પણ કરી તે-ઓંજ મનને વિશ્રાંતિ આપવાથી ભક્તિ કરી ગણાય છે તે સ્મરણમાં રાખશો. સ્થૂલદેહ પંચીકૃત પાંચ મહાભૂતોના અંશરૂપ માની તેમાંથી હુંપણું તથા મારાપણું મૂકો. પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો, ચાર અંતઃકરણ, ને પાંચ પ્રાણરૂપ તમારું સૂક્ષ્મશરીર પણ તમારા હૃદયેશ્વરને અર્પણ કરી તેમાંથી પણ અહંતામમતા ત્યજો. તમારી વાણીનો ઇશ્વ-રની વાણીરૂપ અગ્નિસાથે અભેદ કરો, તમારા હાથનો ઇશ્વરના હાથરૂપ ઇંદ્રની સાથે અભેદ કરો, તમારા પગનો ઇશ્વરના પગરૂપ ઉપેંદ્રસાથે અભેદ કરો, તમારા ઉપસ્થનો ઇશ્વરના ઉપસ્થરૂપ પ્રજાપતિની સાથે અભેદ કરો, તમારા પાયુનો ઇશ્વરના પાયુરૂપ યમસાથે અભેદ કરો, તમારા શ્રોત્રનો ઇશ્વરના શ્રોત્રરૂપ દિશાના અભિમાની દેવની સાથે અ-ભેદ કરો, તમારી ત્વચાનો ઇશ્વરની ત્વચારૂપ વાયુની સાથે અભેદ કરો, તમારા નેત્રનો ઇશ્વરના નેત્રરૂપ સૂર્યની સાથે અભેદ કરો, ત-મારી જીભનો ઇશ્વરની જીભરૂપ વરુણની સાથે અભેદ કરો, તમારા નાકનો ઇશ્વરના નાકરૂપ અશ્વિનીકુમારસાથે અભેદ કરો, તમારા મનનો ઇશ્વરના મનોરૂપ ચંદ્રની સાથે અભેદ કરો, તમારી બુદ્ધિનો ઇશ્વરની બુદ્ધિરૂપ બૃહસ્પતિસાથે અભેદ કરો, તમારા ચિત્તનો ઇ-શ્વરના ચિત્તરૂપ નારાયણસાથે અભેદ કરો, તમારા અહંકારનો ઇશ્વરના અહંકારરૂપ રુદ્રની સાથે અભેદ કરો, ને તમારા પાંચે પ્રા-ણોનો ઇશ્વરના પાંચ પ્રાણરૂપ પાંચ રુદ્રોની સાથે અભેદ કરો. છે

તમારું અવિદ્યાના અંશરૂપ કારણશરીર રહ્યું. તેનો પણ તમે ઇશ્વરના કારણશરીરરૂપ માયાની સાથે અભેદ કરો, અર્થાત્ તમારા કારણશરીરમાંથી તમે હુંપણાની તથા મારાપણાની બુદ્ધિ ત્યજો. હવે તમારે માયિક એટલે શુદ્ધસત્ત્વગુણવાળું નિર્દોષશરીર રહ્યું. આ શરીરને ભગવાનની ઇચ્છાવડે અને તમારા શુભ પુરુષાર્થવડે પ્રાપ્ત થયેલું ભાગવતશરીર વા ઐશ્વરદેહ પણ કહેવામાં આવે છે. હવે તમને તમારા પ્રિયતમ પ્રભુનાં અખંડ દર્શનનો લાભ મળશે. હવે તમે પરમ નિર્ભય ને ઇશ્વરથી ભિન્ન કોઈ પણ પ્રાણિપદાર્થને અધીન નથી, લગભગ સ્વતંત્ર છો. તમારી પરતંત્રતા ને તમારાં સર્વ દુઃખો સદાને માટે વિલાઇ ગયાં છે. હે પ્રભુભક્તિ ઇચ્છનાર! જ્યાંસુધી તમારો સ્વભાવ કૃમિ કીટ કે પશુના જેવો હોય ત્યાંસુધી તમે પરમપવિત્ર પરમાત્માની પાસે જવાને યોગ્ય નથી, જ્યાંસુધી તમે તમારા સ્વભાવને મનુષ્યના જેવો રાખો ત્યાંસુધી પણ તમે પરમાત્માના ચરણારવિંદની સમીપ સ્થિતિ કરવાને પાત્ર નથી, ને જ્યાંસુધી તમે દેવના જેવો સ્વભાવ રાખો ત્યાંસુધી પણ તમે પરમાત્માના પદારવિંદની પાસે બેસવાને પાત્ર નથી. તમે જ્યારે ઈશ્વરના જેવા સ્વભાવવાળા થશો ત્યારેજ તમે તેઓશ્રીના પરમાનંદમય ને પરમપવિત્ર ધામમાં તેઓશ્રીની સમીપ સર્વદા નિવાસ કરવાને ભાગ્યશાળી થશો. તમે વિષ્ઠાનો ટોપલો ઉપાડી તથા મલિન વસ્ત્રો પહેરી રાજાના પ્રાસાદમાં કે દેવમંદિરમાં પ્રવેશ કરી શકો છો? જો તમે તેમ કરી શકતા નથી તો તમારી દુષ્ટ મનોવૃત્તિઓ વા કુસ્વભાવોસહિત તમે સર્વજ્ઞ પરમાત્માના પરમપવિત્ર પ્રાસાદમાં કેવી રીતે પ્રવેશ કરી શકો? જો તમે ખરા ભક્ત થવા ઇચ્છતા હો તો તમે તમારી બુદ્ધિને સત્યતાને તથા પવિત્રતાને છેડે પહોંચાડો. તમે તમારું માનેલું સર્વસ્વ ખોશો

ત્યારે તમે પ્રભુને પામશો માથું કાપ્યા વિના માલ મળવાનો નથી તે સર્વદા સ્મરણમાં રાખીને વર્તજો. પ્રભુશ્રીમાં જે શુભગુણો સર્વદા સંપૂર્ણપણે પ્રકાશી રહ્યા સંભળાય છે તે શુભગુણોમાંના અગત્યના શુભગુણો જ્યાંસુધી તમે સંપાદન ન કરી શકો ત્યાંસુધી હું તમને પરમાત્માના પરમસુખમય ધામમાં લઈ જઈ તેઓશ્રીની નિરવધિ કૃપાનો સ્વાદ ચખાડી શકું એમ નથી. પ્રભુમાં જેમ રાગ, દ્વેષ, ભય ને ચિંતાદિ દોષો નથી તેમ તમારામાં પણ તે દોષો નજ રહેવા જોઈએ. તમે ન્યૂનાધિક અપાત્ર છતાં પણ તમારા કોઇ પૂર્વપુણ્યનો ઉદય થવાથી શ્રીપ્રભુએ તમારા ઉપર લૌકિક વા અલૌકિક મનોહારિણી કૃપાનું કિરણ ફેંક્યું હોય તો તે તમને વધારે પાત્ર થવાની સૂચનારૂપ સમજવાનું છે, પણ આળસુ થઇને ત્યાં ને ત્યાંજ પડયા રહેવાની સૂચનારૂપ માનવાનું નથી. જડ લૂગડું પણ વારંવાર રંગમાં બોળવાથી રંગાઇ જાય છે તેનો વિચાર કરી જો તમે વારંવાર તમારા અંતઃકરણને પ્રભુના સ્વરૂપમાં બોળ્યા કરો તો તમારું અંતઃકરણ પણ કેમ ન રંગાઇ જાય? સ્મરણમાં રાખો કે તમારા પ્રારબ્ધવશાત્ તમને પ્રતીત થતું પ્રભુનું સ્થૂળશરીર વા અષ્ટપ્રકારમાંના કોઇ પણ એક પ્રકારની પ્રભુની મૂર્તિ તે પ્રભુ નથી, પ્રભુ તો ત્રણ શરીરથી પર છે. પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભક્તોને ભાન કરાવવામાટે જ્યારે જ્યારે અગત્ય જણાઈ ત્યારે ત્યારે તેઓશ્રીએ પોતાની યોગમાયાવડે તે શરીરની પ્રતીતિ કરાવી છે. માયાના પડદાની પછવાડે રહેલા પ્રભુના સાચા સ્વરૂપને ઓળખવાનો યોગ્ય પ્રયત્ન કરો, ને સુખી થાઓ. અનંત ઐશ્વર્યના સ્વામી પરમાત્માની ભક્તિ કરી ઇંદ્રિયોને પ્રિય લાગતાં તુચ્છ વિષય સુખો તેમની પાસેથી ભક્તે ભૂલથી પણ માગવાનાં નથી, પણ નિર્મળ ને એકાગ્ર અંતઃકરણવડે

ગ્રહણ થતું નિરુપાધિક પરમસુખજ માગવાનું છે. જેમ પોતાની સેવાવડે જ્યારે કોઈ ચક્રવર્તી રાજા પ્રસન્ન થાય ત્યારે તેમની પાસેથી શેર છાશ કે કાચનો કડકો માગનારો મનુષ્ય કોઈ પણ પ્રકારે વ્યાવહારિક ચતુર ન ગણાય, તેમ દુરારાધ્ય પ્રભુનું ભાવપૂર્વક બહુ પ્રયત્નવડે આરાધન કરીને તેમને પ્રસન્ન કરી તેમની પાસે તુચ્છ વિષયનાં સુખોની યાચના કરનાર વા તેઓશ્રીદ્વારા તુચ્છ વિષય સુખોને ઇચ્છનાર મનુષ્ય પણ પરમાર્થપક્ષમાં ચતુર નજ ગણાય. પરમાત્માશ્રીના કૃપાપૂર્ણ કથનથીજ તેમનું વાસ્તવિક સ્વરૂપ સમજાય છે, ને જો તેમનું વાસ્તવિક સ્વરૂપ ભક્તના સમજવામાં આવે તો તે ભક્ત પણ પરમાત્મરૂપ થઈ જાય છે. પ્રભુનો મહિમા અગાધ છે. બ્રહ્માદિ પણ તેમના અપાર મહિમા આગળ રંકતુલ્ય ગણવાયોગ્ય છે, ત્યારે ચક્રવર્તી રાજાઓની ત્યાં શી ગણત્રી છે? ચક્રવર્તી રાજાઓની જ્યાં કાંઇ ગણત્રી નથી ત્યાં સામાન્ય રાજાઓ ને ધનાઢ્યો તે શા લેખામાં ગણાય? પ્રભુનો આવો મહિમા સમજ્યા વિના તેઓશ્રીમાં અડગ પ્રીતિ પ્રકટતી નથી. યથાર્થ મહિમા સમજ્યા વિના તેઓશ્રીમાં અડગ પ્રીતિ પ્રકટતી નથી. યથાર્થ મહિમા સમજ્યા વિનાની દેખાદેખીની પ્રીતિ કે ભક્તિ તે ધૂળ ઉપર લીંપણજેવી સમજવી. તેવી ભક્તિની સ્થિરતાનો લેશ પણ વિશ્વાસ કરી શકાય નહિ. પ્રભુનો યથાર્થ મહિમા સમજનાર અને આ જન્મમાં તથા ભાવિજન્મમાં પ્રભુની અનન્યભક્તિવિના મારે હવે કાંઇ પણ અન્ય કર્તવ્ય નથી એમ સમજનાર ભક્ત પ્રભુના વિરહકાળમાં અસાધારણ ભાવપૂર્વક પ્રભુના સ્વરૂપના ધ્યાન ને સ્મરણવડે પોતાના અંતઃકરણાદિના સર્વ દોષોનો નિઃશેષ નાશ કરતો રહી પરમાત્માની અનન્યભક્તિમાં ઉત્તરોત્તર વધારો કર્યા કરે છે. વિરહનો પણ તે ઉપકાર માને છે.

કેમકે વિરહનું દુઃખ સહ્યા વિના પ્રભુની શીઘ્ર પ્રાપ્તિ થતી નથી એમ તે સમજે છે. ઉનાળામાં તીક્ષ્ણ તાપથી જ્યારે પૃથિવી બહુ તપે ત્યારેજ તેના ઉપર વરસાદ થાય છે, તેમ જ્યારે ભક્તનું હૃદય પ્રભુના વિરહથી બહુજ તપે છે ત્યારે તેના હૃદયમાં રહેલા પ્રભુ તેના ઉપર કૃપા કરે છે, આમ તેને સમજાય છે. પ્રભુમાંજ તમારું ચિત્ત રાખો, ઇન્દ્રિયોનો વેગ પણ પ્રભુમાંજ શમાવો, સમાનસ્વભાવવાળા ભેળા થાઓ ત્યારે ચર્ચા પણ તેમનીજ કરો, અધિકારિપ્રતિ કથન પણ તેઓશ્રીનુંજ કરો, તેઓશ્રીમાંજ સંતોષ પામો, ને તેઓશ્રીમાંજ રમણ કરો. આમ વર્તશો તો કૃપાસાગર પ્રભુ તમારા ઉપર કૃપા શામાટે નહિ કરે? કરશેજ. પ્રભુના અનન્યભક્તોઉપર બહુ ભાવ રાખો, ને પ્રભુશ્રીનાં અલૌકિક ચરિત્રોનું બહુ પ્રીતિથી શ્રવણ કરો. આ બધું પ્રબળ પાંખવાળાં ગગનવિહારી ખેચરોને સમજાય એવું છે, ભારે શરીરવાળાં ભૂચરોને સમજાય એવું નથી.'

કર્તવ્યનિષ્ઠા મારી અનન્યભક્તિવડે મારી પ્રાપ્તિ કરવા ઇચ્છનાર મનુષ્યને આ પ્રમાણે સમજાવે છે:—

'હે ભાઇ! જો તું અનન્યભક્તિ કે જે પ્રભુને બહુ પ્રિય છે તે પ્રાપ્ત કરવા ઇચ્છતો હો, ને તે ભક્તિના લાભવડે જો તું સર્વદુઃખરહિત પરમાનંદરૂપ સ્થિતિ સંપાદન કરવા ઇચ્છતો હો, તો તું તારું પ્રત્યેક કર્તવ્ય બહુ ધીરજ, સાવધાનતા, દૃઢતા ને સમજથી કરજે. લોકોને તારી ભક્તિ દેખાડવાનો ભૂલથી પણ પ્રયત્ન ન કરજે. પણ તારી ભક્તિને સર્વદા છુપાવવાનો પ્રયત્ન કરજે. કર્તવ્યનું અનુષ્ઠાન કરવામાં કાયર થઇ ખોટી ખંજવાળીને બેસી ન રહેજે, પણ શરીર થઇને કર્તવ્યનું યથાવિધિ અનુષ્ઠાન કરજે. ભક્તિ સહેલી છે [illegible] નથી એ ન ભૂલજે. તારા કર્તવ્યના અનુષ્ઠાનમાં તારી ભાવ

સામગ્રીનો, શરીરનો, ઇંદ્રિયોનો, અંતઃકરણનો કે પ્રાણનો પણ લોભ ન રાખજે. કર્તવ્યનું પરિપાલન કરવામાં એ સર્વનો કે એમાંના કોઇ એક કે વધારેનો ત્યાગ કરવો પડે તો જેનો ત્યાગ કરવાની અગત્ય જણાય તેનો ત્યાગ તું પ્રસન્નતાથી કરજે. જો તું મારી સૂચનાને સત્ય ગણી તદનુસારજ વર્તીશ તો તું આશુતોષ પરમાત્માની કૃપાવડે વેળાસર તેઓશ્રીની અનન્યભક્તિને પ્રાપ્ત થઇશ. માત્ર મોઢાના તડાકા મારવાથી કે સ્વેચ્છાચારી પ્રેમલક્ષણાનો ડોળ કરવાથી કાંઇ પરમાત્માની અનન્યભક્તિની પ્રાપ્તિ થતી નથી, પણ જ્યારે સર્વ સંશયવિપર્યયને ત્યજી તથા પડેલા કુસ્વભાવોને તિલાંજલિ દઇ પરમાત્માની આજ્ઞાનુસાર કર્તવ્ય કરવામાંજ પોતાનું સાચું હિત સમજાય છે, તથા ખેદના લેશવિના તે આજ્ઞાઓનું પરમ પ્રસન્નતાથી પરિપાલન થાય છે, ત્યારેજ તે ભવભયહારિણી અનન્યભક્તિ મનુષ્યને પ્રાપ્ત થાય છે.'

હે અનુકૂલે! મારો અનન્યભક્ત કોઇ પણ પ્રાણીનો દ્વેષ કરતો નથી, વ્યવહારમાં જે પોતાના જેવી સ્થિતિવાળા વા પોતાનાથી ચઢિયાતી સ્થિતિવાળા હોય તેવા મનુષ્યમાં તે મિત્રની ભાવના રાખે છે, પોતાનાથી ઊતરતી સ્થિતિવાળા અથવા દુઃખી પ્રાણીઓમાં તે કરુણાની ભાવના રાખે છે, જગતમાંના કોઇ પણ પ્રાણિપદાર્થમાં તે મમતા રાખતો નથી, દેહાદિ કોઇ પણ જડ વસ્તુમાં તે અહંકાર રાખતો નથી, પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થતા સુખદુઃખમાં તે સમબુદ્ધિવાળો રહે છે, અપકાર કરનારપર તે ક્ષમા રાખે છે, પ્રારબ્ધવશાત્ જે અન્નવસ્ત્રાદિ પ્રાપ્ત થાય તેમાં તે સર્વદા સંતોષ રાખે છે, પોતાના શરીર ઇંદ્રિયો ને મનને સર્વદા વશ વર્તાવે છે, તે દૃઢ નિશ્ચયવાળો હોય છે, તે પોતાનું મન અને બુદ્ધિ મને અર્પણ કરીને રહે છે, અર્થાત્ તે મારી ભક્તિમાં વધારો થાય એવા સંકલ્પવિકલ્પ તથા

નિશ્ચય કરે છે, પણ તેથી વિપરીત સંકલ્પવિકલ્પ કે નિશ્ચય તે કદી- પણ કરતો નથી, તે કોઇ પણ પ્રાણીને શોક ચિંતા કે ભય થાય તેવું વર્તન કરતો નથી, પ્રતિકૂળ પ્રસંગ પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થાય તો તેમાં તે ઉદ્વેગ પામતો નથી, પ્રિય પ્રાણિપદાર્થની પ્રાપ્તિમાં તે હર્ષ પામતો નથી, રોગાદિ પ્રતિકૂળ પ્રસંગની પ્રાપ્તિમાં તે સહનશીળ રહે છે, ક્રૂર પ્રાણીઓના દર્શનથી તે ભય પામતો નથી, આ લોક પર- લોકના કોઇ પણ પ્રાણિપદાર્થની તે સ્પૃહા રાખતો નથી, તે સર્વદા પવિત્ર રહે છે, અકસ્માત્ આવી પડેલા પ્રસંગનો તે યથાયોગ્ય નિ- ર્વાહ કરે છે, તે અંતઃકરણને સર્વદા પ્રસન્ન રાખે છે, કામનાને વશ થઇને લૌકિક કે વૈદિક કર્મ તે કરતો નથી, પોતાને શત્રુ માનનારમાં તથા મિત્ર માનનારમાં તે સમબુદ્ધિવાળો રહે છે, પ્રારબ્ધવશાત્ મા- નાપમાન થાય તેમાં તથા સ્તુતિનિંદામાં પણ તે સમબુદ્ધિ રાખે છે, મારી પ્રાપ્તિ કરવામાટે ગમે તેટલું દુઃખ સહન કરવું પડે તો તે દુઃખને સહન કરવાને તે સર્વદા તૈયાર હોય છે, કોઇ પણ પ્રાણિપ- દાર્થમાં તે દૃઢ આસક્તિ રાખતો નથી, તથા તે સ્થિરબુદ્ધિવાળો હોય છે. વળી તે ઉદારતાવાળો, બુદ્ધિની સૂક્ષ્મતાવાળો, મારા વિના અન્યની લેશ પણ સ્પૃહા નહિ રાખનારો, કર્તવ્યાકર્તવ્યના વિવેકવાળો, પો- તાના હૃદયમાં નિત્ય નિત્ય ભક્તિનો નવો આવેશ અનુભવનારો, મને કારણરહિત કૃપાળુ સમજનારો, સ્વધર્મમાં સ્થિરતાવાળો, અકા- ર્યમાં લોકલજ્જાવાળો, માનની તૃષ્ણાવિનાનો, પ્રેમોન્મત્ત, (મારી અનન્યભક્તિરૂપ અમૃતના પાનવડે મસ્ત થયેલો) સત્યભાષણ કર- નારો, અન્યનું ભલું કરવાના સ્વભાવવાળો, હૃદયથી જગતને ભૂલીને મારા સ્વરૂપમાં રમનારો, શાસ્ત્રે પ્રતિપાદન કરેલા અતીંદ્રિય વિષયોમાં વિશ્વાસવાળો, વિક્ષેપ નહિ ઉપજાવનારો એકાંત ને પવિત્ર સ્થળમાં

રહેવાની રુચિ રાખનારો, મારામાંજ પરમપ્રેમ રાખનારો, શુદ્ધભાવથી મારેજ પરાયણ થયેલો, વિનયવાળો, દંભવિનાનો, અને આકાશથી પણ વધારે નિર્લેપ સમજનારો, જીવોને લાભહાનિની પ્રતીતિઓ પોતપોતાના કર્માનુસાર થાય છે એમ સમજનારો, અને વિસ્મય પામવાના સ્વભાવવિનાનો હોય છે.

હે પ્રિયદર્શને! મનુષ્યને આ અનન્યભક્તિરૂપ અલૌકિક ચિંતામણિની પ્રાપ્તિ મારી કૃપાના પાત્ર મારા અનન્યભક્તદ્વારા વા મારી કૃપાદ્વારા થાય છે. જે પરમભાગ્યશાળી પુરુષના હૃદયમાં આ સુંદર ચિંતામણિ રહે છે તેના હૃદયમાંથી અવિદ્યારૂપ પ્રબળ અંધકાર દૂર થઇ જાય છે, તેના હૃદયમાં મારા અગાધ મહિમાના જ્ઞાનરૂપ પ્રકાશ સર્વદા વિદ્યમાન રહે છે, અવિવેકરૂપ દરિદ્રતા કદીપણ તેવા પુરુષની પાસે આવતી નથી, દુષ્ટ વાસનારૂપ પતંગિયાનો સમૂહ તેનાથી પરાજય પામે છે, કામાદિ મનોવિકારરૂપ ચોરો ભયથી દૂર ભાગતા ફરે છે, આગળ શત્રુરૂપ જણાતી હતી તેવી ઇંદ્રિયો હવે મિત્રરૂપ થઈ જાય છે, ને તેને સ્વપ્નમાં પણ દુઃખનો અનુભવ થતો નથી. જે મનુષ્ય આ અનન્યભક્તિરૂપ અલૌકિક ચિંતામણિ મેળવવા ભાવપૂર્વક પ્રયત્ન કરે છે તે મનુષ્યજ ચતુરશિરોમણિ જાણવો. આ ચિંતામણિ મેળવવાનો ઉપાય સુલભ છતાં પણ ઘણા હતભાગી મનુષ્યો અવિશ્વાસ, દંભ ને કપટથી પરાભવ પામી તે ઉપાયમાં ભાવપૂર્વક વિધિવત્ પ્રવૃત્ત થતા નથી.

વિનોદ! શું તું મારું આ કહેવું યથાર્થ સમજી? તને તારા કર્તવ્યનું કોઈ વિશેષ ભાન થયું? ને હવે તું તારે પોતાને માટે શા નિશ્ચયપર આવી?"

વિનોદસુંદરી ભક્તવત્સલ પ્રભુની નિર્હેતુકી ને નિરવધિ કૃપાના

વિચારવડે હૃદય ભરાઇ આવવાથી પોતાના નેત્રોમાંથી હર્ષાશ્રુ પાડતી, તથા પોતાના જીવનમાંની આ રાત્રિના આ સમયને સફળ માનતી, ગદ્‌ગદ્‌કંઠે વિનયપૂર્વક આ પ્રમાણે બોલી:—" હે પ્રાણેશ ! હે પ્રિયતમ ! આપે આજે આ આપશ્રીનેજ આધારે જીવન વ્યતીત કરતી અનધિકારી કિંકરીપર કરુણામૃતની નિરવધિ વૃષ્ટિ કરી છે. આપશ્રીનાં વચનામૃતોના સુખદ શ્રવણથી મને મારા કર્તવ્યના સંબંધમાં ઘણું ઘણું નવું સમજાયું છે. હવે મને આપશ્રીની અનન્યભક્તિમાં અને આપશ્રીના અનન્યભક્તનાં લક્ષણોમાં આપશ્રીની કૃપાથી લેશ પણ સંશય રહ્યો નથી. આપનો અગાધ મહિમા ને આપનું અલૌકિક સ્વરૂપ સમજવા હું કાંઇક અંશે ભાગ્યશાળી થઇ છું એમ મને સમજાય છે. આપજ મારું અનન્યશરણ છો, ને આપની અનવધિ ને અલૌકિક કૃપાજ આપના સર્વ દુઃખરહિત પરમાનંદરૂપ પરમધામની ને આપનાં અખંડ દર્શનાદિની પ્રાપ્તિમાં મને હેતુભૂત થશે. હવે તો **करिष्ये वचनं तव** (હવે હું આપશ્રીની સર્વ આજ્ઞાઓને સંશયવિપર્યયરહિત અડગ મનથી પ્રેમપૂર્વક સર્વદા પાળીશ,) એમજ નિરભિમાનપણે મુક્તકંઠથી કહું છું."

પછી વસ્તુતાએ સર્વવ્યાપક છતાં પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માયાવડે પરિચ્છિન્ન પ્રતીત થતા કરુણાસાગર પ્રભુએ તે આહ્લાદક રાત્રિ ભક્તિનિષ્ઠાવાળી વિનોદસુંદરીના મંદિરમાં ને તેના હૃદયમાં યોગનિદ્રાવડે વિશ્રાંતિ લઇ વ્યતીત કરી.

ગુરુવિના શાસ્ત્રનું તત્ત્વ સમજાતું નથી.

શાસ્ત્રવેત્તા ગુરુના ઉપદેશવિના માત્ર પોતાના બુદ્ધિબળથી શાસ્ત્રનું તાત્પર્ય સમજી શકાતું નથી. લૌકિક વિષયો પણ તે વિષ-

યના યથાર્થ જ્ઞાતાના સમજાવ્યા વિના જોઇએ તેવા સમજાતા નથી તો અલૌકિક વિષયના સમર્થ ઉપદેશકના સમજાવ્યા વિના ક્યાંથી સમજાય? નજ સમજાય. તે અર્થને સ્પષ્ટ કરવા એક દૃષ્ટાંત આપવામાં આવે છેઃ—

ગુજરાતના કોઈ એક વ્યાપારીની જાવામાં એક મોટી દુકાન હતી. તે વ્યાપારી પાંચ સાત વર્ષે તે દુકાનનું નામું વગેરે તપાસવા ત્યાં જતો હતો. એકવાર તે વ્યાપારી પોતાના વહાણમાં પાંચ દુઝણી ગાયો સાથે લઇ પોતાની તે દુકાન તપાસવા જાવે ગયો. ત્યાં કેટલાક દિવસ રહી પોતાને જે તપાસવાનું હતું તે સર્વ તપાસી તથા ત્યાંથી જે લેવાયોગ્ય હતું તે લઇ પાછો પોતાના દેશભણી આવવા નીકળવાનો હતો તેને આગલ્યે દિવસે ત્યાંના રાજાને તેણે પોતાના ભિનારાપર ભોજનનું નિમંત્રણ કર્યું. જાવામાં ગાયભેંસોના અભાવથી ત્યાંના વતનીઓ દૂધ તથા દૂધમાંથી બનતા પદાર્થોને જાણતા નહોતા. આ વ્યાપારીએ રાજાને માટે ઉત્તમપ્રકારનો દૂધપાક તૈયાર કરાવ્યો. સમય થયે રાજા પોતાના ખાનગી મંડળ સહિત જમવા આવ્યા. તેમનો યથાયોગ્ય સત્કાર કર્યા પછી તેમને ભોજનના સર્વ પદાર્થો પીરસવામાં આવ્યા, ને પીરસાઈ રહ્યા પછી તેઓ જમવા લાગ્યા. જમતાં જમતાં રાજાએ દૂધપાકભણી આંગળી કરી તે વ્યાપારીને પૂછ્યું કેઃ—" શેઠજી! આ શું છે? ને તે શામાંથી તથા કેવી રીતે બને છે?" વ્યાપારીએ કહ્યુંઃ—" સાહેબ! તે દૂધપાક છે, ને તે દૂધને ગેકાળીને તેમાંથી બનાવવામાં આવે છે." રાજાએ પૂછ્યું કેઃ— " દૂધ ક્યાંથી આણ્યું?" વ્યાપારીએ કહ્યુંઃ—" મારી સાથે પાંચ દુઝણી ગાયો છે તેમને દોહીને દૂધ કાઢ્યું હતું." દૂધપાકના સ્વાદથી પ્રસન્ન થએલા રાજાએ તે શેઠને કહ્યું કેઃ—" આપને અડચણ ન

હોય તો એ ગાયો અમને વેચાતી આપો, ને તેમના દૂધનો કેવી રીતે દૂધપાક કરવો તે અમને સમજાવો.” શેઠે કહ્યું:—“સાહેબ! એ ગાયો આપનીજ છે, હું એને મારા માણસ સાથે આપના તબેલામાં મોકલી આપું છું. એ ગાયોની સાથે તેમનાં નાનાં બચ્ચાં છે તેમને સાંજ સવાર જ્યારે ગાયો દોવી હોય ત્યારે છોડી મૂકવાં, એટલે તેઓ ગાયોને ધાવવા લાગશે. તેઓ થોડીવાર ધાવી લે એટલે તેમને પાછાં તેમને ઠેકાણે બાંધી દેવાં ને ગાયોને દોઇ લેવી. પછી શેર દૂધે એક રૂપીઆભાર ચોખા નાંખી તે દૂધને કોઇ વાસણમાં ચૂલાપર મૂકવું, ને તેને હલાવતા જવું, તથા નીચે સારી રીતે તાપ કરતા રહેવું.એમ કરતાં કરતાં ચોખા દૂધમાં પાકી જાય, ને દૂધ ઘાટુ થઇ જાય, ત્યારે તેને ચૂલાપરથી નીચે ઉતારી તેમાં શેરે આઠ રૂપીઆભાર ખાંડ વા શાકર નાંખવી, તથા જાયફળ આદિ ગરમ મશાલો અને બદામ આદિ સુકો મેવો નાંખવો. એમ કરવાથી આવો દૂધપાક થાય છે.” પછી વ્યાપારીએ તે ગાયો રાજાના તબેલામાં લઇ જવા પોતાનાં માણસોને આજ્ઞા કરી. તે પ્રમાણે તેઓ તે ગાયોને રાજાના તબેલામાં તબેલાના ઉપરીને સોંપી આવ્યાં. ભોજન થઈ રહ્યા પછી રાજા પોતાના મહેલમાં આવ્યો ને તે વ્યાપારીને તે રાત્રે પોતાના રાજમહેલમાં નિમંત્રણ કરી પોશાક આપ્યો, તથા સવારે તેમની ઇચ્છાનુસાર વિદાય થવાની અનુમતિ આપી. રાજાને દૂધપાક ખાવાની આતુરતા હતી, તેથી ઊઠીને સવારમાંજ તેણે પોતાના નોકરોને હુકમ કર્યો કે—“જે ગાયો ગઇ કાલે આવી છે તેને દોઇને તેનું દૂધ લાવો.” તે નોકરો ગાયો કેમ દોવી તે જાણતા નહોતા, તેથી તેમના પૂછવાથી રાજાએ તેમને કહ્યું કે:—“તે ગાયોનાં વાછડાં છે તેમને પ્રથમ છોડી મૂકજો, ને પછી પાછાં તેમને ઠેકાણે બાંધી લઇ ગાયોનું દૂધ લઇ લેજો.”

નોકરો વાસણો લઇ ગાયો દોવા ગયા. તેમણે તબેલામાં જઈ વાછ-ડાંને છોડયાં કે તુરત તેઓ ધાવવા લાગ્યાં. ને ગાયો મૂતરવા લાગી. પેલા નોકરોએ જાણ્યું કે દૂધ દોવામાં વાર થશે તો રાજા નારાજ થશે, તેથી દોવાનો અર્થ નહિ જાણનાર તથા પોતાના જન્મમાં કોઈ દિવસ જેમણે દોવાનું કામ નહિ કરેલું એવા તે નોકરોએ તુરં-તજ ગાયો મૂતરતી હતી તેમના તે મૂત્રને તે દૂધ હશે એમ ધારી પાત્રમાં લેઈ લીધું! પછી વાછડાંને તેમને ઠેકાણે પાછાં બાંધી દઇ તે મૂત્ર લઇ તેઓ રાજાની સમીપ ગયા, ને રાજાને કહ્યું કે:—" સાહેબ! અમે ગાયો દોઈ આવ્યા, ને આ દૂધ આણ્યું છે." રાજાએ પણ પોતાના જન્મમાં કોઇ દિવસ દૂધ જોયું નહોતું, એટલે આ દૂધજ છે એમ ધારી તેણે તે દૂધ રસોઈ કરનારને દૂધપાક કર-વાની પૂર્વોક્ત સૂચના સહિત મોકલાવ્યું. એમ તથા દૂધપાકને નહિ જાણનાર તે રસોઇઆએ તેમાં ચોખા નાંખી કડાઇની નીચે પુષ્કળ તાપ કરી તેને ઘટ્ટ કરવા ઘણી મહેનત કરી, પણ તે જોઇએ તેવું ઘટ્ટ થયું નહિ. અંતે ચોખા ચઢયા એટલે તેને નીચે ઉતારી તેમાં સૂચના પ્રમાણે ખાંડ તથા ગરમ મશાલો ને સૂકો મેવો નાખી દૂધપાક તૈયાર કર્યો! પૂરી વગેરે બીજું જે રાંધવાનું હતું તે રંધાઇ રહ્યું એટલે રાજા જમવા પધાર્યા. પીરસનારે સર્વ પદાર્થો પીરસ્યા, એટલે રાજા ભોજન કરવા લાગ્યા. રાજાએ દૂધપાકનો સબડકો લીધો તો આ દૂધપાક પૂર્વના દૂધપાક કરતાં બહુજ વિલ-ક્ષણ એટલે ખારાશવાળો તથા દુર્ગંધવાળો પ્રતીત થયો. આમ થવાથી તેમને દગો થવાનો વહેમ આવ્યો એટલે તુરત તેમણે તે શેઠને બોલાવવા માણસ મોકલ્યું. શેઠ વહાણપર જવાની તૈયારીમાં હતા. ત્યાં રાજાના માણસે જઇ તેમને જણાવ્યું કે—" રાજાજી આપને

કોઈ અગત્યના કામમાટે યાદ કરે છે, માટે આપ તુરત રાજાજીની હજુરમાં પધારો." રાજાની આજ્ઞાને માન આપી તે શેઠ તુરત રાજાની સમીપ ગયા. રાજાએ તેમને દૂધપાક બતાવી કહ્યું કેઃ— "કાલના દૂધપાકમાં ને આ દૂધપાકમાં ફેર કેમ છે? કાલનો દૂધપાક તો બહુજ સારો હતો, ને આ દૂધપાક તો ઘણોજ ખરાબ છે." શેઠે દૂધપાક જોઈને જાણ્યું કે દોવાનું કામ નહિ જાણનાર નોકરોની ભૂલથી તથા દૂધને નહિ ઓળખનાર રસોઇઆના અજ્ઞાનથી ગોમૂત્રનો દૂધપાક થયો છે. પછી તેણે રાજાને વિનયથી કહ્યું કેઃ—"હજુર! આપનાં માણસોને ગાયો દોતાં આવડી નહિ, તેથી આમ થયું છે, હવે હું મારાં માણસદ્વારા આપની સમીપમાંજ ગાયો દોવરાવી તેના દૂધનો દૂધપાક કરાવું છું, તે આપ આરોગો, ને પછી તે પ્રમાણે આપ દૂધપાક કરાવતા રહેશો તો તે અવસ્ય સારો થશે." એમ કહી તેણે પોતાનાં માણસોને દુકાનપરથી બોલાવી, ગાયો દોવરાવી, તેના દૂધનો દૂધપાક કરાવી રાજાને તે જમાડયો. રાજા તે જમી પ્રસન્ન થયો. અહિં જેમ દોવાનો અર્થ નહિ સમજવાથી ગાયના દૂધને સ્થાને ગાયના મૂત્રનું ગ્રહણ થયું, ને પશ્ચાત્ ગોમૂત્રનો દૂધપાક થયો, તેમ યોગ તથા વેદાંતના પારિભાષિક શબ્દો જ્ઞાતા પુરુષદ્વારા સમજ્યા વિના માત્ર પોતાની મેળે શાસ્ત્ર વાંચી યોગાભ્યાસ કરવાથી, વા તત્ત્વજ્ઞાન સંપાદન કરવાનો યત્ન કરવાથી લાભને સ્થાને ઘણી વેળા હાનિ થવાનો સંભવ આવે છે.

અધિકારવિના ફળલાભ થતો નથી.

જિજ્ઞાસામાં- યોગ્યતારૂપ અધિકાર આવ્યા વિના કોઈ પણ કામ કરવામાં આવે તો તેમાં વિજય મેળવી શકાતો નથી, પણ પાછાજ

પડતું પડે છે, ને કોઇ વેળા કષ્ટ પણ ભોગવવું પડે છે. સ્વસામર્થ્યનું ઉલ્લંઘન કરી અણુસમર્થથી કાર્ય કરનાર પરાભવ પામે છે. એ નિયમ ભક્તિ, યોગ ને વેદાંતના અભ્યાસમાં પણ લાગુ પડે છે. કોઈ બ્રહ્મવેત્તા પુરુષની પાસે એક પુરુષ કેટલાક સમયથી વારંવાર આવતો હતો, ને લાગ મળતાં પુનઃ પુનઃ તે મહાપુરુષને તે વિનય કરતો હતો કેઃ "હે મહારાજ! મને બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરાવો." તે તત્ત્વનિષ્ઠ પુરુષ તેના ઉત્તરમાં તેને એટલુંજ કહેતા કે—"સાધન સંપન્ન થયા વિના બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થઇ શકતો નથી, ને તેમાં પણ દેહાભિમાનના ત્યાગની તો બહુજ અપેક્ષા છે." પેલો પ્રમાદી મનુષ્ય સાધનો સંપાદન કરવા યત્ન ન કરતો, ને પૂર્વોક્ત રીતે તે મહાત્માપાસે વારંવાર યાચના કર્યા કરતો હતો, ને અપરિચ્છિન્નભાવને પામેલા તે મહાત્મા તેને પૂર્વે કહ્યા પ્રમાણે ઉત્તર આપતા હતા. એમ કેટલાંક વર્ષ વીતી ગયાં. પછી એક દિવસે તે માણસે તે તત્ત્વજ્ઞ પુરુષને બ્રહ્મદર્શન કરાવવાની બહુજ આગ્રહપૂર્વક વિનતિ કરી. પેલા માણસને તે મહાપુરુષભણીથી પૂર્વવત્ ઉત્તર આપવામાં આવ્યું, પણ તે સંતોષ ના પામ્યો, ને કાલાવાલા કરતો રહ્યો, તેથી "આના પ્રારબ્ધમાં દુઃખ સર્જેલું છે તે ભોગવ્યાવિના તેને શાંતિ નહિ થાય." એમ વિચારી તેના પ્રારબ્ધથી પ્રેરણા પામી તે બ્રહ્મવિત્ પુરુષે તેને કહ્યું કેઃ—"જ્યારે બ્રહ્મસાક્ષાત્કારમાટે તમારી બહુજ ઇચ્છા છે, ને તેમાં જેટલું દેહાભિમાન ત્યજવું પડશે તેટલું તમે ત્યજી શકશો, એમ તમને વિશ્વાસ છે, તો ચાલો મારી પાછળ આવો. પૂરેપૂરી સાવધાનતા રાખી શ્રદ્ધાભક્તિપૂર્વક ચાલ્યા આવજો, ને જે સ્થળે જે કર્તવ્ય પ્રાપ્ત હોય તે સ્થળે તે કર્તવ્યનું શંકા કે ભય લાવ્યા વિના યથાયોગ્ય પરિપાલન કરજો." એમ કહી

તે બ્રહ્માનુભવી પુરુષ પોતાના સ્થાનની અંતરના દિવ્ય પ્રકાશમય ભોંયરામાં ઊતરી આગળ ચાલ્યા, ને પેલો પુરુષ પણ પ્રસન્ન થતો થતો તેમની પાછળ ચાલ્યો. આગળ જતાં એક મોટું દ્વાર આવ્યું તે બંધ હતું. ને તેના ઉમરાપર એક તીવ્ર ધારવાળી છરી ઉઘાડી પડી હતી, તથા તે દ્વારના ઉપરના ભાગમાં લખેલું હતું કે "જેઓ અહિં પોતાનું નાક કાપે છે તેમને માટે આ દ્વાર ઉઘડે છે." આગળ ચાલનાર ખોટી લોકલજ્જા રહિત તે જ્ઞાનીએ તુરત તે છરી લઇ પોતાનું નાક કાપ્યું, તેથી તે દ્વાર ઊઘડ્યું, ને તેમણે તેમાં પ્રવેશ કર્યો કે તુરત પાછું તે દ્વાર પૂર્વની પેઠે બંધ થઇ ગયું. પેલા પુરુષે પણ કિંચિત્ શંકા ને ભય સહિત તે છરી લીધી ને પોતાનું નાક કાપ્યું કે તુરત દ્વાર ઊઘડતાં તેણે તેમાં પ્રવેશ કર્યો. પાછું બંને જણે પૂર્વની પેઠે આગળ ચાલવા માંડ્યું. આગળ જતાં વળી એક બીજું પૂર્વના દ્વારથી મોટું ને સુશોભિત દ્વાર આવ્યું. તેના ઉમરાપર પૂર્વના જેવીજ છરી પડેલી હતી, અને તે દ્વારના ઉપરના ભાગમાં સુંદર અક્ષરોથી લખેલું હતું કે:—" અહિં જેઓ પોતાના બંને કાનો કાપે છે તેમને માટે આ દ્વાર ઊઘડે છે." શ્રવણેંદ્રિયના અસુરાંશનો જેણે સારી રીતે જય કર્યો છે એવા તે જીવન્મુક્તે તુરત પેલી છરી હાથમાં લઇ પોતાના બંને કાનનું છેદન કર્યું, એટલે તુરત તે દ્વાર ઊઘડ્યું ને તેમાં તેમણે પ્રવેશ કર્યો. તેમનો પ્રવેશ થતાંજ તે દ્વાર પાછું બંધ થઇ ગયું. આ માણસને પણ તેમાં પ્રવેશ કરવાની લાલસા હતી, તેથી પૂર્વનાથી વિશેષ ભય તથા શંકા ઉપજ્યા છતાં પણ તેણે તે છરી લઇ તેવડે ધ્રુજતાં ધ્રુજતાં પોતાના બંને કાન કાપ્યા. પછી દ્વાર ઉઘડ્યું ને તેમાં તેણે પ્રવેશ કર્યો. પાછા પૂર્વની પેઠે તેઓ બંને આગળ ચાલવા લાગ્યા. ઘણે દૂર ગયા પછી એક

ઘણુંજ મોટું ને ભવ્ય દ્વાર આવ્યું. તેના વિશાળ ઉમરાપર એક મોટું કાતું પડેલું હતું. તે દ્વારના ઉપરના ભાગમાં એવો લેખ લખેલો હતો કેઃ—"અહિં જેઓ પોતાનું માથું કાપે છે તેઓને માટે આ દ્વાર ઊઘડે છે." દેહાભિમાન જેમનું ગલિત થયું હતું એવા તે પુરુષશ્રેષ્ઠે તે કાતું પોતાના હાથમાં લઈ તુરત પોતાનું મસ્તક કાપી નાંખ્યું કે શીઘ્ર તે દ્વાર ઊઘડી પાછું પૂર્વની પેઠે બંધ થઇ ગયું. તે નરવરના ધડ મસ્તકને ભિન્ન થયેલાં તથા તરફડતાં જોઇ પેલો દેહાભિમાની પુરુષ અત્યંત ભય પામ્યો. ને તુરતજ ત્યાંથી પાછો ભાગ્યો. કેટલેક દૂર ગયા પછી તેને જણાયું કે હવે તે અંધારામાં નથી, પણ બહારના કોઇ પ્રદેશમાં છે, એટલે ધીમે ધીમે ચાલવા લાગ્યો. ત્યાં પેલા પુરુષવર તેને સામા મળ્યા. તેમને જોઇને પોતે બહુ શરમાયો, ત્યારે તે બ્રહ્મદર્શી પુરુષે કહ્યું કેઃ—"મેં તમને પ્રથમથીજ આવું સાહસ કરવાની ના કહી હતી, પણ તે તમે માન્યું નહિ, તેથી તમારાં નાક કાન કપાયાં છે. અધિકારની પ્રાપ્તિ કર્યા-વિના આવા કામમાં પ્રવેશ કરવો એ ભય ભરેલું છે એ હવે તમને સ્પષ્ટ સમજાયું હશે, એટલે વિશેષ કહેવાની અગત્ય રહી નથી," એમ જણાવી તેઓ શીઘ્ર ત્યાંથી ચાલતા થયા અને પેલો પુરુષ પણ અત્યંત લજ્જા પામતો પામતો તેવી સ્થિતિમાં પોતાને ઘેર ગયો.

ફળ મેળવવા અધીરા ન થવું જોઇએ.

"ઊતાવળે આંબા પાકતા નથી" એ કહેવતપ્રમાણે મોટાં કાર્યોનું ફળ તુરત થતું નથી, પણ કાળે કરીને થાય છે. જેઓ કાર્યનો આરંભ કરી તુરત ફળ મેળવવાની ઇચ્છા રાખે છે, ને

ઇચ્છિત ફળ નહિ મળવાથી અસંતુષ્ટ થઇ તે કાર્યનો ત્યાગ કરે છે તેઓ વિવેકહીન છે. જેઓ ફળની પ્રાપ્તિપર્યંત ધીરજ રાખી યથાયોગ્ય યત્ન કરે છે, પણ ફળમાટે આતુર થતા નથી, તેઓ વિવેકી છે. કોઇ મનુષ્ય એક ઐશ્વર્યવાન્ યોગીની કોઇ પ્રકારનું ઐશ્વર્ય સંપાદન કરવાની ઇચ્છાથી સેવા કરતો હતો. સેવા કરતાં કરતાં આશરે છએક માસ થયા, પણ પેલા યોગીંદ્રભણુથી તેને ઇચ્છિત ઐશ્વર્ય સંપાદન કરવાના સાધનનો ઉપદેશ થયો નહિ, તેથી તે ઉદાસ થયો. એક દિવસ તે ઘડો લઇ નદીએ જલ ભરવા ગયો. ઘડો ભરીને નદીના તટપર મૂકી તે પોતાના ઘરભણી જવા ચાલતો હતો ત્યાં તે ઘડાએ તેને કહ્યું કેઃ—" ભાઇ! મને અહિં એકલો મૂકીને ક્યાં જાઓ છો?" તેના ઉત્તરમાં તે મનુષ્યે આ પ્રમાણે કહ્યું:—" આજ છ માસ થવા આવ્યા, ને હું સેવા કરી કરીને થાક્યો, પણ હજી ગુરુજી મને ઇચ્છિત વિદ્યાનો ઉપદેશ કરતા નથી, તેથી હું હવે મારે ઘેર જાઉં છું." ઘડાએ કહ્યું કેઃ—ભાઇ! પ્રથમ ધીરજ રાખીને કષ્ટ સહન કરીએ તોજ પરિણામે સુખના ભાગી થવાય છે, તુરતજ સુખ મળી જતું નથી. હું વર્તમાનમાં માણસોના મસ્તકપર કે કાંધપર બેસું છું તે આરંભમાં મેં ધીરજ રાખીને ઘણું કષ્ટ સહન કર્યું છે ત્યારેજ બેસું છું. અનાયાસે એ સ્થિતિ મને પ્રાપ્ત થઇ નથી. સાંભળો, પ્રથમ હું માટીની ખાણમાં હતો, ત્યાં કુંભારે આવી કોદાળી મારી મારીને ખોદીને મને બહાર કાઢ્યો. પછી ઘેર લાવી લાકડાના ધોકાવતી મને ખૂબ ખાંડવામાં આવ્યો. પશ્ચાત્ પાણી નાંખી નરમ કરી પછી કુંભારણે લાતો મારી મારીને મને સારી રીતે ગુંદ્યો. એટલેથીજ મારા કષ્ટનો અંત આવ્યો નહિ, પણ પછી પિંડો કરી મને ચાકડે ચઢાવી ફેરવી ફેરવી

અંતે દોરીવડે કાપી નીચે ઊતારવામાં આવ્યો. પછી કેટલોક સમય રાખ તથા ધૂળવાળી જગાએ મને રાખ્યો. પછી એક પાણો અંદર રાખી ઉપર ટપલા મારવા માંડ્યા. પછી કેટલોક સમય ટાઢતડકો સહન કર્યાં. પશ્ચાત્ ફૂટેલાં વાસણો, દુર્ગંધવાળો કૂચો, તથા રાખ ને ધૂળ મારા પર રાખી તે કૂચામાં આગ મૂકી. આગમાં ઘણું દુઃખ સહન કર્યાં પછી અંતે તેમાંથી કાઢીને મને બહાર રાખ્યો. ત્યાં ગુરુજીનું માણુસ આવ્યું તેણે તર્જની આંગળીને અવળી રાખી ત્રણ ટકોરા મારી હું ફુટલ વા તરફડવાળો નથી એમ ખાત્રી કરી વેચાતો લીધો. આટલું બધું દુઃખ મેં સહન કર્યું ત્યારે આજ મને તમારા કાંધપર બેસવાનો સમય આવ્યો છે, તેમજ તમે જો ધીરજ રાખી ગુરુજીની શ્રદ્ધાભક્તિથી સેવા કરવારૂપ કષ્ટ સહન કરતા રહેશો તો પરિણામે ઇચ્છિતને પામશો, ને ચાલ્યા જશો તો પસ્તાશો." ઘડાનું આ કહેવું તે માણસને ગળે ઊતર્યું, તેથી તે ઘડાને ઊપાડી તે યોગીના સ્થાનભણી આવ્યો, ને ધીરજ રાખી સેવા કરતાં કરતાં કેટલોક કાળ વ્યતીત થયા પછી તે ગુરુના અનુગ્રહને પ્રાપ્ત થઇ ઇચ્છિત સાધનને પામ્યો.

સર્વદા સમભાવ રાખવો જોઇએ.

નિર્લેપ તથા સર્વત્ર સમ રહેલા બ્રહ્મમાં લૌકિકરીતે માનવામાં આવતું અનુકૂલપણું ને પ્રતિકૂલપણું એ બંને મિથ્યા છે. આત્મા પણ બ્રહ્મજ છે, માટે તેમાં પણ તે બંને મિથ્યા છે, તેથી વિવેકીએ અનુકૂલ પ્રાણિપદાર્થાદિની પ્રાપ્તિ થયે વા પ્રતિકૂલ પ્રાણિપદાર્થાદિનો વિયોગ થયે અતિપ્રસન્નતાનો અનુભવ કરવો, અને પ્રતિકૂલ પ્રાણિપદાર્થાદિની પ્રાપ્તિ થયે વા અનુકૂલ પ્રાણિપદાર્થાદિનો વિયોગ થયે અત્યંત ક્લેશનો અનુભવ કરવો એ ઉચિત નથી. એ સમ-

જવું જેટલું સુલભ છે તેટલું આચરવું સુલભ નથી, કેમકે જ્યાંસુધી અજ્ઞાનનો સદ્‌ભાવ રહે ત્યાંસુધી ભેદજ્ઞાનનો સદ્‌ભાવ રહે છે, ભેદજ્ઞાનના સદ્‌ભાવથી અનુકૂલજ્ઞાનપ્રતિકૂલજ્ઞાન ઉપજ્યા કરે છે, ને અનુકૂલપ્રતિકૂલજ્ઞાન હોય ત્યાંસુધી રાગદ્વેષ સ્વાભાવિકરીતે થઇ આવે છે. એમ હોવાથી રાગદ્વેષનો અત્યંત અભાવ તો જ્ઞાનીમાંજ સંભવે છે, તોપણ મુમુક્ષુ જો યત્ન કરે તો તે ઘણે અંશે રાગદ્વેષને વશ વર્તાવી શકે, તેથી તેણે ધૈર્ય ને સાવધાનતાપૂર્વક તે બન્નેને વશ રાખવા યત્ન કરવો જોઇએ, તેમાં પણ માનાપમાનમાં રાગદ્વેષ ત્યજી મનને સમભાવમાં રાખવા વિશેષ યત્ન કરવો જોઇએ. માનાપમાનમાં મહાપુરુષો ચિત્તને કેવા સમભાવમાં રાખે છે તે નીચેના દૃષ્ટાંતથી જણાશે:—

કોઇ તત્ત્વનિષ્ઠ પુરુષ મુમુક્ષુજનોના અજ્ઞાનને નિવૃત્ત કરી તેમને સ્વસ્વરૂપમાં સ્થિર કરતા છતા તથા પોતાની દૃષ્ટીએ પડતાં પ્રાણીઓને સહજસ્વભાવે પવિત્ર કરતા છતા પ્રારબ્ધવશાત્ પૃથ્વીપર ભ્રમણ કરતા હતા. એમ વિચરતાં વિચરતાં તેઓ કોઈ વેળા એક ધર્મનિષ્ઠ રાજાના નગરમાં આવી પહોંચ્યા. સત્પુરુષોની સેવાને સર્વસ્વ માનનારા ને સત્પુરુષોને ઓળખવાના સામર્થ્યવાળા તે રાજાએ તે સત્પુરુષના આગમનના તથા પોતાના નગરમાં તેમની સ્થિતિ થયાના વર્તમાન, પોતાના યોગ્ય અધિકારીદ્વારા જાણી, તેમને સુંદરરીતે શણગારેલા ઉત્તમ પ્રકારના હાથીપર ઉત્તમ વસ્ત્રાલંકારો પહેરાવી બેસારી, આગળપાછળ ભક્તજનો ભગવત્કીર્તન તથા જયજયનો ધ્વનિ કરે એમ વ્યવસ્થા કરી, તેમને રાજભવનમાં પધારાવ્યા. ત્યાં પણ તેમનો બહુજ સત્કાર કરવામાં આવ્યો, પણ દૃશ્યને મિથ્યા જાણનારા તે મહાત્માની ચિત્તવૃત્તિ તે નગરમાં આવ્યા પૂર્વે જેવી

સ્વસ્થ હતી તેવીજ સ્વસ્થ આ સત્કારના સમયમાં પણ રહી. ત્યાં રાજાના આગ્રહથી કેટલોક કાળ સ્થિતિ કરી પછી તેમનું પ્રારબ્ધના વેગથી દેશાંતરમાં જવું થયું. કોઇ વેળા કોઇ દેશમાંના કોઇ નગરની બહાર ભદ્રકાળીના મંદિરની ધર્મશાળાની ઓસરીમાં તેઓ રાત્રિ વ્યતીત કરવા સૂતા હતા. નિયમાનુસાર અર્ધરાત્ર વ્યતીત થયા પછી જાગ્રત્ થઈ પદ્માસને બેસી તેઓ બ્રહ્મધ્યાનમાં નિમગ્ન થયા. તે રાત્રિએ તે નગરના રાજાના મહેલમાં કોઈ ચોરલોકોએ ચોરી કરી ત્યાંથી ઘણું દ્રવ્ય તથા અલંકારાદિ મેળવ્યાં. તે લોકોએ નગર બહાર આવી ચોરેલું દ્રવ્ય વહેંચી લેવા માંડ્યું. વિભાગ કરતાં એક ઉત્તમ હીરાનો હાર વધ્યો. પકડાઇ જવાના ભયથી તે હાર વહેંચવાનું કામ બંધ રાખી તે કોઇ દેવપર ચઢાવી ત્યાંથી શીઘ્ર ચાલ્યા જવાનું તેમણે નક્કી કર્યું. પછી તેઓમાંનો એક ચોર શ્રીભદ્ર-કાળીની ધર્મશાળામાં ગયો, ને ધર્મશાળામાં એકલા ધ્યાનસ્થ બેઠેલા પેલા મહાપુરુષને કોઇ દેવ ધારી તેમની ડોકમાં ઉતાવળે તે હાર પહે-રાવી સર્વ ચોરોની સાથે તે શીઘ્ર પોતાના સ્થાનભણી ચાલતો થયો. પાછલી રાત્રે રાજા જાગ્યો, ને જુએ છે તો પોતાના મહેલ-માંથી ઘણા મૂલ્યવાન્ અલંકારો તથા દ્રવ્ય ચોરાયાનું જણાયું. તેણે તુરતજ નગરરક્ષકના મુખ્ય અધિકારીને બોલાવી ચોરલોકોનો શોધ કરવાની આજ્ઞા આપી. ગયેલા માલમાં એક હીરાનો હાર પણ ગયો છે એમ રાજાએ તે અધિકારીને સૂચવ્યું. અધિકારીએ ચોરોનો શોધ કરવા પોતાનાં માણસોને નગરમાં ને નગર બહાર મોકલી દીધાં. તેમાં ભગવતી ભદ્રકાળીના મંદિરભણી જે નગર-રક્ષકો ચોર શોધવા ગયા હતા તેઓએ શોધ કરતાં કરતાં ત્યાંની ધર્મશાળામાં ધ્યાનસ્થ બેઠેલા પેલા મહાપુરુષના ગળામાં હીરાનો હાર

જોઈએ. તે મહાત્માને વ્યુત્થાન પામવાનો સમય થયો હતો, ત્યાં આ નગર રક્ષકોએ તેમને બોલાવ્યા, એટલે તે જાગ્રત થયા. તેમને નગર રક્ષકોએ પૂછ્યું કે:—"આ હાર તમારી પાસે શી રીતે આવ્યો? તે સાચે સાચું કહો." તેના ઉત્તરમાં તે શાંતપુરુષે જણાવ્યું કે:—"આ હાર આ ગળામાં કેવી રીતે આવ્યો તે જાણવામાં નથી. ગઇ કાલ રાત્રે આ શરીરની અત્રે સ્થિતિ થઇ છે મધ્યરાતપછી આ સ્થળે બેસવાનું થયું, ત્યારે આ હાર કંઠમાં નહોતો, ને આ સમયે તે પ્રતીત થાય છે, તો તે મધ્યરાતપછી કોઇ ગળામાં નાંખી ગયું હશે એમ અનુમાન થાય છે." નગરરક્ષકોને તેમના સરલ ને સત્ય ભાષણપર વિશ્વાસ આવ્યો નહિ, તેથી તેઓ તેમને પોતાના મુખ્ય અધિકારીપાસે લઇ ગયા, ને તેમને સર્વ વિગત જણાવી. તે મુખ્ય અધિકારીએ તેમને પૃચ્છા કરી તો તેને તેનું ઉત્તર પણ પૂર્વવત્ મળ્યું. પછી તેણે વિનાવિચારે અનુમાન કર્યું કે:—આ માણસને કાં તો ચોરોની સાથે સંબંધ હોવો જોઇએ, વા આ અને બીજા માણસોએ આ ચોરી કરેલી હોવી જોઇએ, નહિ તો બહુ મૂલ્યવાન્ આ હાર આની પાસે ક્યાંથી આવે? એમ વિચારી તે તેમને રાજા પાસે લઈ ગયો, ને રાજાને સર્વ પ્રસંગથી જ્ઞાત કર્યા. રાજાએ તે પ્રમુક્ત પુરુષને આ હાર પોતાની પાસે કેવી રીતે આવ્યો તે સાચે સાચું કહી દેવા જણાવ્યું. તે વેળા તેમણે રાજાની પાસે પણ નગરરક્ષકોની આગળ જે વાત પૂર્વે જણાવી હતી તેજ વાત નિર્ભયપણે જણાવી. રાજાને એ ઉત્તરથી સંતોષ થયો નહિ, તેથી તે અવિચારી રાજાએ તેમને ચોર ધારી તેમની પાસેથી તે હાર લઈ લેવાની, તથા તેમનું મોઢું, હાથ ને પગ *મશથી કાળા કરી, તેમને ભૂતાં ખાસડાંની માળા પહેરાવી, ગધેડાપર અવળે મુખે બેસારી,

નગરના મુખ્ય ભાગમાં ફેરવી, નગરના સીમાડાબહાર મૂકી આવવાની નગરરક્ષકોના મુખ્ય અધિકારીને આજ્ઞા કરી.

તે અધિકારીએ તેમના હાથ પગ ને મુખપર મશ ચોપડાવી, જૂનાં ને ફાટેલાં ખાસડાંની માળા પહેરાવી, પછી ગધેડાપર બેસારી નગરમાં ફેરવવા માંડ્યા, ને પરદુઃખમાં પ્રસન્નતા મેળવનારા દુષ્ટલોકો તેમની આગળ પાછળ અપશબ્દો બોલવા લાગ્યા, તથા તેમના ઉપર ધૂળ, કાંકરીઓ ને અપવિત્ર પદાર્થો નાંખવા લાગ્યા. તે સમયમાં પણ અસ્ખલિત ધૈર્યવાળા ને સર્વને બ્રહ્મરૂપ જોનારા તે ઉદાર પુરુષનું અભેદ્ય હૃદય ધ્યાનમાં બેઠાપહેલાં જેવું સમભાવમાં હતું તેવુંજ સમભાવમાં રહ્યું, પણ અપમાનજન્ય શોકથી લેશ પણ વ્યાકુળ ન થયું. તે અધિકારી તેમને રાજાની આજ્ઞાપ્રમાણે તે નગરના સીમાડાની બહાર મૂકવા જતો હતો ત્યાં પ્રથમ નગરમાં રહેનારો કોઈ પુરુષ જેણે આ મહાપુરુષને ત્યાંના રાજાએ જે બહુ માન આપ્યું હતું તે જોયું હતું, તથા જે સત્પુરુષોમાં પ્રીતિ રાખનારો હતો, તેણે આ સર્વ જોયું, ને મનમાં અત્યંત ખેદ પામ્યો. તે મહાપુરુષને સીમાડાબહાર મૂકી નગરરક્ષકોનો મુખ્ય અધિકારી તથા અન્ય સૌ જનો પાછા વળ્યા. પછી તે તત્ત્વજ્ઞ પુરુષ પાસેના જળાશયની સમીપ જઇ હાથ, પગ, મુખ તથા વસ્ત્ર ધોઇ, સ્નાન કરી, થોડા પ્રાણાયામ કરી, એક વૃક્ષની નીચે સ્વસ્થપણે બેઠા, એટલે પેલા ધાર્મિક પુરુષે તેમની સમીપ આવી, પ્રણામ કરી, અત્યંત વિનયપૂર્વક દીનભાવે આમ અપમાન થવાનું કારણ પૂછ્યું. તેના ઉત્તરમાં આ મહાપુરુષે આ પ્રમાણે કહ્યું:—" હે સજ્જન! એ પ્રારબ્ધનો ચમત્કાર હતો! તમારા નગરમાં મોટા પશુપર બેસવાનું આ શરીરનું પ્રારબ્ધ ઉદય થયું હતું, ને આ નગરમાં નાના પશુપર બેસવાના તેના પ્રારબ્ધનો

ઉદય થયો હતો ! ત્યાં ચંદનાદિના લેપનું પ્રારબ્ધ વેગ પામ્યું હતું, અને અહિં મશના લેપનું પ્રારબ્ધ ગતિમાન્ થયું હતું ! ત્યાં હીરા આદિની માળા પહેરવાનું પ્રારબ્ધ ફળ દેવા સંમુખ થયું હતું, ને અહિં જીર્ણ પાદત્રાણુની માળા ધારણ કરવાનું પ્રારબ્ધ ફળ આપવા તત્પર થયું હતું ! ત્યાં પુષ્પ, અક્ષત, અબીલ ને ગુલાલ શરીરપર પડવાનું અદૃષ્ટ ઉદય પામ્યું હતું, ને અહિં ધુળ, કાંકરી ને છાણ આદિ શરીરપર પડવાનું અદૃષ્ટ ઉદય પામ્યું હતું ! ત્યાં મંગળગિત ને જયધ્વનિ સાંભળવાનો પ્રસંગ કાનને પ્રાપ્ત થયો હતો, ને અત્ર તેને તેથી વિલક્ષણ શબ્દો સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો ! એમ બંને નગરમાં એકબીજાથી વિલક્ષણ જે ક્રિયાઓ થઇ તે સર્વ અત્યંત નિર્લેપ આત્માની સાથે તો લેશ પણ સંબંધ રાખનારી નહોતી, કિંતુ આત્મામાંથી અસત્, જડ ને દુઃખરૂપ જાણી ત્યજી દીધેલા સ્થૂલદેહ તથા સૂક્ષ્મદેહની સાથે સંબંધ રાખનારી હતી !"

શ્રીમંત ગ્રાહક સજ્જનોને અભ્યર્થના.

બીજા વર્ષમાં ૫૦૦૦ ગ્રાહકો થશે એમ સમજીને અમે ૫૦૦૦ ગર્જનાઓ કઢાવી હતી, પરંતુ સિલિકમાં ૩૦૦૦ ગર્જનાઓ પડી છે. અમારા શ્રીમંત ગ્રાહક સજ્જનો જો બીજા વર્ષની ગર્જનાઓ સામટી મંગાવીને તેની લાહાણી કરે કે નિશાળોમાં કન્યાઓને તથા વિદ્યાર્થીઓને ભેટ તરીકે આપે તો તેમને વિદ્યાદાન દેવાથી મહત્ પુણ્ય પણ થશે તેની સાથે આ સંસ્થા પ્રતિ તેમનો તેટલો ઉપકાર પણ ગણાશે. જો કોઈ ગૃહસ્થો બીજા વર્ષની બધી ગર્જનાઓના ૧૦૦ સટ લેશે તો અમે તેમને પડત કીંમતે એટલે ૧૦૦ સટ ફક્ત રૂ. ૨૦—૦—૦ માં આપીશું.

મંત્રી.

श्रीशंकराचार्यकृत अष्टादश रत्नो.

બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રીમન્નથુરામશર્માની ટીકા અને વિસ્તૃત વિવેચનવાળું આ પુસ્તક અમારી સંસ્થા તરફથી પ્રકટ થયું છે. અત્યાર સુધી આવા ઉત્તમ પ્રકારના પુસ્તકની ગુજરાતીમાં શુદ્ધ ટીકા થઇ નથી. આ પુસ્તકમાં નીચે જણાવેલાં ૧૮ રત્નોનો સમાવેશ થાય છે:—

૧ સાધનપંચક, ૨ સદાચાર સ્તોત્ર, ૩ પટ્પદી, ૪ વિજ્ઞાન નૌકા, ૫ વાક્યસુધા, ૬ હરિમીડે, ૭ યોગ તારાવલિ, ૮ આત્મબોધ, ૯ તત્ત્વબોધ, ૧૦ સ્વાત્મનિરૂપણ, ૧૧ ચર્પટપંજરિકા, ૧૨ મોહમુદ્ગર, (દ્વાદશ પંજરિકા) ૧૩ સિદ્ધાંતબિંદુ, (નિર્વાણ દશક,) ૧૪ વાક્યવૃત્તિ, ૧૫ અપરોક્ષાનુભૂતિ, ૧૬ વિવેકચૂડામણિ, ૧૭ શતશ્લોકી, (વેદાંત કેસરી) ને ૧૮ ઉપદેશ સાહસ્રી (ગદ્ય ભાગ) મૂળ, અર્થ ને વિવેચન સાથે. તે ઉપરાંત આ પુસ્તકમાં શ્રી શંકરાચાર્યજીનું જીવન ચરિત્ર પણ આપવામાં આવ્યું છે, અને તેમાં પાંચ સુંદર ચિત્રો પણ મૂકવામાં આવ્યાં છે. પુંઠું પાકું સળંગ છીંટનું ઉપર સુશોભિત પાંચ સુવર્ણાક્ષરનાં નામોવાળું કરવામાં આવ્યું છે, અને બન્ને બાજુએ મગજી મુકવામાં આવી છે. વાંચતાં નિશાની રહે માટે સાથે રેશમી ફીત પણ સજ્જડ કરવામાં આવી છે. મૂલ્ય રૂ. ૧-૮-૦. પરંતુ ગર્જનાના ગ્રાહકને દિવાળી સુધી પોણી કીમતે મળશે. દિવાળીપછી મંગાવનારને તેનું પુરું મૂલ્ય આપવું પડશે. વિ૦ પિ૦ અને પોસ્ટેજ જુદું સમજવું.

નીચેને શરનામે લખોઃ—

મણિલાલ મગનલાલ ત્રિવેદી,

રાયપુર—અમદાવાદ



यदा यदा हि धर्मस्य,

ग्लानिर्भवति भारत ।

अभ्युत्थानमधर्मस्य,

तदाऽऽत्मानं सृजाम्यहम् ॥

भ० अ० ४, श्लोक ७.